ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી / અભ્યાસક્રમ / 2012 / 11950AB, તા. 30-6-2012– થી મંજૂર

# ગુજરાતી

## ધોરણ 7

## (દ્વિતીય સત્ર)

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

નિર્માણ
ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ
ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

**© ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર**

**આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.**

**નિર્માણ-સંયોજન :**

ડૉ. ટી. એસ. જોષી
ડૉ. કે. આર. ઝાંઝરૂકિયા
હરેશ ચૌધરી
ઇકબાલ ડી. વોરા
ચંદ્રેશ પી. પાલ્લીઆ

**કન્વીનર :**

ડૉ. રાઘવજી માધડ

**લેખન-સંપાદન :**

કિશોરભાઈ પાર્થ
ડૉ. ભીખુભાઈ વેગડા
જિજ્ઞેશપુરી ગોસ્વામી
મીનેષકુમાર વાળંદ
મહંમદરફીક મનસૂરી
પ્રકાશભાઈ ભટ્ટી
નીતાબહેન ઉપાધ્યાય
રમેશભાઈ ઠક્કર
રતનબહેન પરમાર
મધુસૂદન ઠક્કર
મનીષભાઈ સુથાર
પ્રવીણભાઈ મચ્છોયા
સુભાષભાઈ હરિજન
સુરેશભાઈ નાગલા
કપિલાબહેન ચૌધરી
મહેન્દ્રભાઈ મકવાણા
ભગવાનદાસ દૂધરેજિયા
ઉદયકુમાર દેસાઈ
કલ્પેશ પટેલ
દિનેશભાઈ પ્રજાપતિ
દક્ષાબહેન ગજ્જર
નટવરભાઈ સુથાર
જિતેન્દ્રભાઈ કાપડિયા
મયૂરીબહેન ચૌહાણ
જ્યોત્સ્નાબહેન બોરાણિયા
ડૉ. બળવંતભાઈ તેજાણી

**પરામર્શન :**

ડૉ. યોગેન્દ્ર વ્યાસ
ડૉ. રમેશ ઓઝા
ડૉ. રમેશચંદ્ર પંડ્યા
ડૉ. લાલજીભાઈ પ્રજાપતિ

**ચિત્રાંકન :**

કૃષ્ણકાંત કુંડારિયા
સ્મિતાબહેન રાણા
વનમાળીભાઈ ડોડિયા
દિનેશભાઈ જોષી

**ટાઈટલ-ડિઝાઈન :**

ધર્મેશ જે. ચાવડા

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણમાં RTE-2009 તેમજ NCF-2005 અંતર્ગત અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો તેમજ શિક્ષણ-પ્રક્રિયામાં પરિવર્તન લાવવું જરૂરી બન્યું છે. આ પરિવર્તન મુખ્યત્વે સાક્ષરી વિષયો અને શિક્ષણ-પ્રક્રિયા વિશેની આપણી સમજ અંગેનું છે. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસે અને તે દ્વારા સર્વાંગી વિકાસ થાય એ નવા અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે. આ પાઠ્યપુસ્તકને અનુભવ, ચિંતન, ઉપયોજન અને નિષ્કર્ષ તારવવાને લગતી પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણને અધ્યેતાકેન્દ્રી બનાવવાનો પ્રયાસ કર્યો છે. વિદ્યાર્થીઓ વ્યક્તિગત અને સામૂહિક રીતે જૂથમાં અધ્યયન કરે તે જરૂરી છે. એવી અધ્યયન-પ્રક્રિયામાં મદદરૂપ થાય તેવાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પાઠ્યપુસ્તક એ એક સહજ ઉપલબ્ધ અધ્યયન- સામગ્રી છે. પાઠ્યપુસ્તક દ્વારા પ્રવૃત્તિલક્ષી શિક્ષણની બાબત નાવીન્યપૂર્ણ રીતે પ્રસ્તુત કરવામાં આવી છે. તે દ્વારા અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા રોચક બનશે.

આ અંગેની સમગ્ર નિર્માણ-પ્રક્રિયામાં માન. અગ્રસચિવશ્રી - શિક્ષણ તેમજ માન. અગ્રસચિવશ્રી - પ્રાથમિક શિક્ષણ તરફથી સતત પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહ્યાં છે.

આ સમગ્ર પ્રક્રિયામાં IGNUS-erg ટીમના સભ્યોએ માર્ગદર્શન આપતા રહીને સ્ટેટ રિસોર્સ ગ્રૂપના સભ્યોને સજ્જ કર્યા છે. UNICEFનો સહયોગ સમગ્ર પ્રક્રિયા દરમિયાન મળ્યો છે. કોર- ગ્રૂપના સભ્યોએ પણ સહયોગ આપ્યો છે.

પ્રથમ અજમાયશ પછી ગુજરાત રાજ્યની તમામ શાળાઓ માટે તૈયાર થયેલાં ધોરણ 6 થી 8નાં આ પાઠ્યપુસ્તકોને ક્ષતિરહિત બનાવવા પૂરતાં પ્રયત્નો કર્યા છે. પ્રથમ અને સંવર્ધિત આવૃત્તિમાં રહી ગયેલ ક્ષતિઓ દૂર કરવા ગુજરાતી ભાષાના નિષ્ણાતો તેમજ તજ્જ્ઞોની મદદ લેવામાં આવી છે. વળી, મંડળને વિવિધ સ્તરેથી પ્રાપ્ત થયેલ સૂચનો અને અભિપ્રાયો પર ગંભીરતાપૂર્વક વિચાર કરીને આ પુનઃઆવૃત્તિ તૈયાર કરવામાં આવી છે છતાં ક્ષતિ રહી ગઈ હોય તો ધ્યાન દોરવા વિનંતી છે.

**ડૉ. ટી.એસ.જોષી**
નિયામક
જી.સી.ઇ.આર.ટી.
ગાંધીનગર

**પી. ભારતી (IAS)**
નિયામક
ગુ.રા.શા.પા.પુ.મંડળ
ગાંધીનગર

તા. 24-06-2019

પ્રથમ આવૃત્તિ : 2012, 2013, સંવર્ધિત આવૃત્તિ : 2014, 2015, 2016, 2017, 2018, 2019

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી પી. ભારતી, નિયામક

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેનાં આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાનબંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

* ભારતનું સંવિધાન : કલમ 51-(ક)

R8S7H4

## અનુક્રમણિકા


| | | | | |
|---|---|---|---|---|
| 10. | અખબારી નોંધ | – | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | 1 |
| 11. | જનની | (ઊર્મિગીત) | કવિ બોટાદકર | 6 |
| 12. | હાઈસ્કૂલમાં | (આત્મકથા-ખંડ) | ગાંધીજી | 10 |
| 13. | ભમીએ ગુજરાતે : દક્ષિણ ભણી | (પ્રવાસલેખ) | ચંદ્રવદન ચી. મહેતા | 18 |
| 14. | આવ, ભાણા આવ ! | (હાસ્યકથા) | શાહબુદ્દીન રાઠોડ | 25 |
| 15. | ગ્રામમાતા | (ખંડકાવ્ય) | કલાપી | 33 |
| • | પુનરાવર્તન-3 | – | – | 39 |
| 16. | સિંહની દોસ્તી | (લોકકથા) | ભાણભાઈ ગીડા | 42 |
| 17. | જીવરામ ભટ્ટ | (નાટક) | કવિ દલપતરામ | 48 |
| 18. | સોના જેવી સવાર | (પ્રકૃતિગીત) | ચંદ્રકાન્ત શેઠ | 55 |
| 19. | પાંચ દાણા | (બોધકથા) | – | 59 |
| 20. | સુભાષિતો | – | – | 64 |
| • | પુનરાવર્તન-4 | – | – | 68 |


## પૂરક વાચન


| | | | | |
|---|---|---|---|---|
| 1. | ગોવિન્દના ગુણ ગાશું | (ભજન) | મીરાંબાઈ | 71 |
| 2. | ફાટેલી નોટ | (હાસ્યકથા) | ડૉ. જગદીશ ત્રિવેદી | 72 |
| 3. | એક જ લક્ષ્ય | (દૃષ્ટાંતકથા) | નાનાભાઈ ભટ્ટ | 76 |
| 4. | પૂજ્ય મોટા | (જીવનચરિત્ર) | કલ્પેશ પટેલ | 79 |
| 5. | શોખીન બિલાડી | (બોધકથા) | પુષ્પા અંતાણી | 83 |

# 10. અખબારી નોંધ



**ડૉ. ચંદ્રકાન્ત મહેતા**

**જન્મ : 06-08-1939**

ડૉ. ચંદ્રકાન્ત મહેતા અમદાવાદ જિલ્લાના ધોળકા પાસેના સરોડા ગામના વતની છે. હાલ અમદાવાદમાં રહે છે. ગુજરાતી-હિન્દી ભાષાના સુપ્રસિદ્ધ સાહિત્યકાર છે. ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ અને યુનિવર્સિટી જર્નાલિઝમ વિભાગના વડા રહી ચૂક્યા છે. ગુજરાતી, હિન્દી અને પ્રાકૃત ભાષામાં તેમનાં 123 જેટલાં પુસ્તકો પ્રગટ થયાં છે. વરસોથી દૈનિકપત્રોમાં કટારલેખન કરે છે.

અખબારી યાદીને અંગ્રેજીમાં 'પ્રેસનોટ' કહેવામાં આવે છે. લેખકે અહીં પ્રેસનોટ વિશે સરળ ભાષામાં માહિતી આપી છે. સમાચારલક્ષી વધુ લેખમાં એ માટેના જરૂરી નમૂના પણ મૂકી આપ્યા છે.

અખબાર શબ્દ મૂળ અરબી ભાષાના **'ખબર'** શબ્દનું બહુવચન છે, જેનો અર્થ થાય છે સમાચારપત્ર, વર્તમાન-પત્ર, છાપું. ગુજરાતી ભાષામાં વપરાતો **સમાચાર શબ્દ સંસ્કૃત શબ્દ 'સમ્+આચાર' પરથી બનેલો છે,** જેનો એક અર્થ માહિતી, વિવરણ, ખબર એવો પણ થાય છે. અંગ્રેજીમાં સમાચાર માટે NEWS (ન્યૂઝ) શબ્દ પ્રચલિત છે.

માણસમાં પોતાના ગામ-શહેર-દેશ-દુનિયાના સારા-માઠા સમાચારો જાણવાની ઉત્સુકતા હોય છે. સમાચારપત્રો દ્વારા માણસની જિજ્ઞાસા સંતોષાય છે. માણસ જેમ સમાચાર જાણવા ઉત્સુક હોય છે, એમ પોતાના કે પોતાની સંસ્થાના સમાચાર અન્યને જણાવવામાં તેમજ ઉમળકો, આનંદપ્રાપ્તિ, સિદ્ધિ કે સુખ-દુ:ખમાં અન્યને ભાગીદાર બનાવવાનું પણ ઇચ્છે છે. આવા અંગત કે સંસ્થાલક્ષી સમાચારો અખબારો વિનામૂલ્યે છાપીને પોતાનો સમાજધર્મ અદા કરે છે. પોતાના અખબારમાં તંત્રીઓ વિશેષ કૉલમ કે જગા તેવા સમાચારની નોંધ માટે ફાળવે છે, જેને સમાચાર-નોંધ કહેવામાં આવે છે. આવી સંક્ષિપ્ત સમાચાર-નોંધ અખબારો પ્રસિદ્ધ કરતાં હોય છે. ઉપરાંત સરકારી-અર્ધ-સરકારી તેમજ સંસ્થાઓ વિવિધ પ્રકારની માહિતીઓ વાચકોની જાણ માટે મોકલે છે. સંક્ષિપ્ત **'સમાચાર-નોંધ'** અથવા **'અખબારી નોંધ'**ને અંગ્રેજીમાં **'પ્રેસનોટ'** કહેવામાં આવે છે. અખબારી નોંધની કૉલમમાં સામાજિક, શૈક્ષણિક, ઉત્સવ-ઉજવણીઓ, ધાર્મિક-સાંસ્કૃતિક બાબતો, વ્યાખ્યાન, ઇનામ-વિતરણ, શુભેચ્છાઓ ઇત્યાદિ વિષયક સંક્ષિપ્ત નોંધ પ્રકાશિત કરવામાં આવે છે. મૃત્યુ કે અવસાન તેમજ તે નિમિત્તે બેસણાં કે શ્રદ્ધાંજલિની નોંધ પણ વિનામૂલ્યે અલગ શીર્ષક સાથે અખબારો છાપે છે.

આવી અખબારી નોંધ પ્રગટ કરાવવા માટે તંત્રીજોગ વિનંતીપત્ર અને તેની સાથે સંક્ષિપ્ત સમાચાર-નોંધ મોકલવી જરૂરી છે.

તંત્રીને સમાચાર-નોંધ પ્રકાશિત કરવાના વિનંતીપત્રમાં નીચે દર્શાવેલી વિગતો હોવી જરૂરી છે :

1. સમાચાર મોકલનાર વ્યક્તિ કે સંસ્થાનું નામ-સરનામું

2. સમાચાર-નોંધ પ્રકાશિત કરવાની તારીખ

3. સમાચાર-નોંધના વિભાગનો શક્ય હોય તો ઉલ્લેખ

4. જે-તે સમાચાર વિષયક પુરાવાના કાગળ

5. મોકલનારની સહી

6. સાથે મોકલેલ જે-તે સમાચારની લેખિત વિગતો

અહીં આપણે સમાચાર-નોંધ માટે તંત્રીને લખવાજોગ વિનંતીપત્ર તથા કેટલીક સમાચાર-નોંધના નમૂના વિશે જાણકારી મેળવીએ.

### તંત્રીને સમાચાર-નોંધ પ્રકાશિત કરવાનો વિનંતીપત્ર

તા.  /  / 20

માનનીય તંત્રીશ્રી,

________________________ અખબાર કે સમાચારપત્રનું નામ

________________________ સરનામું

________________________

આ સાથે મોકલેલ 'સમાચાર-નોંધ' આપના લોકપ્રિય સમાચારપત્રની સમાચાર-નોંધ કૉલમમાં તારીખ ____________ રોજ પ્રકાશિત કરી આભારી કરશોજી.

સન્માન સહિત — આપનો વિશ્વાસુ,

**બિડાણ :** અખબારી નોંધ — પત્ર મોકલનારની સહી

- **અખબારી નોંધના કેટલાક નમૂના : જે-તે તારીખે સ્થાનિક સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા માટે.**

#### સાહિત્યિક

ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજી, લંડન અમદાવાદને ઉપક્રમે હસ્તપ્રતવિદ્યાના કોર્સના ડૉ. ધીરુભાઈ ઠાકરની અધ્યક્ષતામાં સમાપન-સમારોહ નિમિત્તે શ્રી મૈત્રેયી દેશપાંડે અને ડૉ. કુમારપાળ દેસાઈના હસ્તે પ્રમાણપત્ર-વિતરણ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ઉસ્માનપુરા, અમદાવાદ. બપોરે 12થી 2

#### ઇનામ-વિતરણ

નાના ભમોદરા ગામ પરિવાર મંડળ : 9મો ઇનામ-વિતરણ તથા સ્નેહમિલન સમારોહ, પટેલવાડી, ભીડભંજન હનુમાન પાસે, બાપુનગર, અમદાવાદ. સાંજે 4.30

#### વ્યાખ્યાન

ધી થિયોસૉફિકલ સોસાયટી - અમદાવાદના ઉપક્રમે અંબાલાલ ખત્રીનું જે. કૃષ્ણમૂર્તિ પર વક્તવ્ય : વિષય ધી ફર્સ્ટ ઍન્ડ ધી લાસ્ટ ફ્રીડમ, લલિતા કૉમ્પ્લેક્ષ, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. સાંજે 6:30

- **ધાર્મિક સમાચાર-નોંધ**

**(સુંદરકાંડ)**

જયશ્રીરામ સુંદરકાંડ પરિવાર : અશ્વિનકુમાર પાઠકની વ્યાસપીઠે : 4, જૂનું ભગવતીનગર, મીઠાપાણી દરવાજા પાસે, સરસપુર. બપોરે 4:30થી 6:00

**(ભજન)**

શ્રી પુનિતપ્રેરણા સત્સંગ-મંડળ : ભરતભાઈ શાહનો ભજન-કાર્યક્રમ : નટુમામાનું ડહેલું, પોલીસચૉકીની બાજુમાં, ઘીકાંટા, અમદાવાદ. બપોરે 3:00 થી 6:00

- **અવસાન-નોંધ (મૃત્યુનોંધ / બેસણું)**
  - સ્વ. નીતિનકુમાર રમણલાલ પંડ્યાનું બેસણું : સવારે 8:30થી 10:30, 40, ગંગામૈયા સોસાયટી, ખોખરા, મહેમદાવાદ.
  - સ્વ. શશીકાન્ત અંબાલાલ રાવળનું બેસણું : વારાહીમાતાના મંદિર પાસે, ભંડેરી પોળ, કાલુપુર, સાંજે 4:00થી 5:00
- **સર્વધર્મસભા**

રાષ્ટ્રપિતા ગાંધીજીના નિર્વાણદિન નિમિત્તે ઘ-4, ગાંધીનગરમાં સાંજના છ કલાકે સર્વધર્મસભાનું આયોજન કરવામાં આવેલ છે.

## વિવિધ સમાચાર

- બપોરે 2:00 : ગુજરાત સ્ત્રી-કેળવણી મંડળ સંચાલિત વિવિધ મહિલા કલ્યાણકેન્દ્ર દ્વારા ગ્રામવિસ્તાર ફિલ્ડવર્ક, મુમતપુરા.
- બપોરે 12:30 : મોંઘવારીના વિરોધમાં દેખાવ, ધરણાં, કલેક્ટર કચેરી, સુભાષબ્રિજ, અમદાવાદ.

**વિશેષ :**

અખબારી નોંધ લખતી વખતે અંગ્રેજીમાં જેને પાંચ 'W' અને એક 'H' કહે છે, તે યાદ રાખવું જરૂરી છે. ગુજરાતીમાં તે નીચે પ્રમાણે છે :

1. શું ? (What)
2. ક્યાં ? (Where)
3. ક્યારે ? (When)
4. શા માટે ? (Why)
5. કોણે ? (અથવા કોની સાથે બનાવ બન્યો ?) (Who)
6. કેવી રીતે ? (How)

## ● અખબારી યાદી (પ્રેસનોટ)

સરકારી કે અર્ધસરકારી તેમજ વિવિધ સંસ્થાઓ અનેક પ્રકારની માહિતી વાચકોની જાણ માટે અખબાર કે સમાચારપત્રના માધ્યમથી પ્રકાશિત કરવા માટે મોકલે છે તેને અખબારી યાદી કહેવામાં આવે છે. આવી યાદી કે નોંધો વધારા-ઘટાડા સાથે રિપોર્ટર કે સંપાદક મથાળા આપીને પ્રકાશિત કરે છે. અહીં તેનો નમૂનો આપવામાં આવ્યો છે.

**આર્મીમાં નર્સિંગ આસિસ્ટન્ટની ભરતી**

અમદાવાદ, ગુરુવાર

આર્મીમાં સોલ્જર ટેક્નિકલ(નર્સિંગ આસિસ્ટન્ટ)ની જગાઓ ભરવા માટે તા. ૧૫મી જૂન ૨૦૧૨ ના રોજ અમદાવાદ કેન્ટોનમેન્ટના હૉસ્પિટલ તરફના દરવાજા નં.૧ પાસેનાં સ્ટેડયિમ ખાતે ભરેલી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. સાડા સત્તર થી ત્રેવીસ વર્ષની વય ધરાવતા ઉમેદવારો જેણે ધોરણ ૧૨ માં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, ઈંગ્લિશ અને બાયોલૉજીમાં ૪૦ ટકા કે તેથી વધુ માર્ક્સ અને એગ્રેટ ૫૦ ટકાથી કે તેથી વધુ માર્ક્સ મેળવ્યા હોય તેઓ તથા બી.એસ.સી. ગ્રેજ્યુએટ ભાગ લઈ શકશે તેઓને ધોરણ ૧૨ની ઉપરોક્ત ટકાવારીની બાબત લાગુ પડશે નહિ. શારીરિક અને શૈક્ષણિક લાયકાત ઉમેદવારો આ રેલીમાં ભાગ લઈ શકશે. શરૂઆતનું પગાર ધોરણ અંદાજે રૂા. ૧૭ હજાર જેટલું હોવાનું ગ્રૂપ કેપ્ટને એક યાદીમાં જણાવ્યું છે.

## ● શબ્દસમજૂતી

**ઉત્સુક** કશુંક જાણવા કે કશુંક કામ કરવા ઉતાવળું **ઉમળકો** ગમતી વ્યક્તિ કે ગમતા કામ માટે ચહેરા પર થતો હરખ, વહાલ, હેતનો ઊભરો **અદા** (અહીં) ફરજ બજાવવી **સંક્ષિપ્ત** ટૂંકું **શ્રદ્ધાંજલિ** શ્રદ્ધાપૂર્વક આપેલી અંજલિ **શીર્ષક** લખાણનું મથાળું

## ● અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમઅક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) 'અખબાર' શબ્દ મૂળ કઈ ભાષાનો છે ? ☐

(ક) ગુજરાતી (ખ) અરબી (ગ) હિન્દી (ઘ) સંસ્કૃત

(2) અંગત કે સંસ્થાલક્ષી સમાચારો અખબારો વિનામૂલ્યે છાપીને ..... ☐

(ક) વાચકોને વિવિધ માહિતી પહોંચાડે છે. (ખ) લોકોના હૃદયમાં પોતાની સારી છાપ ઊભી કરે છે.

(ગ) પોતાનો સમાજધર્મ અદા કરે છે. (ઘ) માણસની જિજ્ઞાસા સંતોષે છે.

(3) અખબારી નોંધ પ્રગટ કરાવવા માટે વિનંતીપત્ર કોને સંબોધીને લખવો પડે ? ☐

(ક) સંત્રી (ખ) મંત્રી (ગ) જંત્રી (ઘ) તંત્રી

(4) દરરોજ પ્રસિદ્ધ થતા સમાચારપત્રને શું કહે છે ? ☐

(ક) દૈનિક સમાચારપત્ર (ખ) પખવાડિક સમાચારપત્ર

(ગ) સાપ્તાહિક સમાચારપત્ર (ઘ) માસિક સમાચારપત્ર

(5) અંગ્રેજીમાં સમાચાર માટે કયો શબ્દ પ્રચલિત છે ? ☐

(ક) NSEW (ખ) NESW (ગ) NEWS (ઘ) NWES

**2. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) તમારા ગામમાં કયાં-કયાં અખબાર આવે છે ?

(2) અખબારી નોંધ કયાં-કયાં શીર્ષક હેઠળ છપાતી હોય છે ?

(3) સમાચાર પ્રકાશિત કરવા વિનંતીપત્ર કોને સંબોધીને લખવો પડે ?

(4) સમાચારો પ્રકાશિત કરવાના વિનંતીપત્રમાં કઈ-કઈ વીગતો જરૂરી છે ?

(5) અખબારી નોંધ લખતી વખતે કયા પાંચ 'W' ધ્યાનમાં રાખવા જરૂરી છે ?

## ● સ્વાધ્યાય

U6D4D7

**1. તમારી શાળામાં યોજાનાર 'ગણિત-વિજ્ઞાનપ્રદર્શન'ની અખબારી નોંધ પ્રગટ કરાવવા માટેનો વિનંતીપત્ર સમાચારપત્રના તંત્રીને લખો.**

**2. સૂચના પ્રમાણે કરો :**

- **નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :**

  ટપાલ, ટેલિવિઝન, ઈ-મેઈલ, મોબાઈલ, દૂત, અખબાર, કબૂતર

- **ઉપરના શબ્દોને તેમની શોધના વિકાસક્રમમાં ગોઠવો.**
- **આ ક્રમમાં ગોઠવાયેલા શબ્દોની મદદથી બે-બે વાક્યો લખો :**
- આ વાક્યોને એક ફકરા સ્વરૂપે ગોઠવી વર્ગ સમક્ષ વાંચન કરો.

**3. અખબારોમાં આવતા નીચે મુજબના શબ્દો વિશે જાણકારી મેળવો અને લખો.**

જાહેર નિવિદા, સંવાદદાતા, સંક્ષિપ્ત, અનુસંધાન, ક્રમશઃ, દૈનિક, પૂર્તિ, તંત્રી, લેખક, પત્રકાર, જાહેરખબર, નિવેદન, પ્રસિદ્ધ, સાપ્તાહિક

**4. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| સંતોષ | - | ____________ | આનંદ | - | ____________ |
| ધાર્મિક | - | ____________ | શૈક્ષણિક | - | ____________ |
| સામાજિક | - | ____________ | મૃત્યુ | - | ____________ |
| સન્માન | - | ____________ | આવક | - | ____________ |

**5. એક પત્રકાર તરીકે તમે કોઈક વ્યક્તિને મળો, તો તેને કેવા પ્રશ્નો પૂછીને માહિતી એકત્રિત કરશો ? પ્રશ્નો તૈયાર કરો.**

ઉદાહરણ
- તમારું નામ શું છે ?
- તમે કયો વ્યવસાય કરો છો ?
- તમે કેટલો અભ્યાસ કર્યો છે ?
- તમે કયાં-કયાં વર્તમાનપત્રો વાંચો છો ?

## ● પ્રવૃત્તિ

(1) અખબારમાં આવતી બાલવિભાગની પૂર્તિઓનો એક સંગ્રહ તૈયાર કરો. એમાંથી તમને ગમતી કૃતિ વર્ગના ડિસ્પ્લે-બોર્ડ ઉપર પ્રદર્શિત કરો.

(2) શાળામાં યોજાનાર કાર્યક્રમની નોંધ તૈયાર કરો.

(3) વર્તમાનપત્રોમાં આવતી સાહિત્યિક, ઈનામ-વિતરણ, અવસાન, ધાર્મિક, જ્ઞાતિ સમાચાર જેવી નોંધનાં કટિંગ્ઝ ચોંટાડી અંક તૈયાર કરો અને તેનું શાળામાં પ્રદર્શન ગોઠવો.

# 11. જનની

L1L8H4



**કવિ બોટાદકર**


**જન્મ : 1870, મૃત્યુ : 1924**

કવિ દામોદર ખુશાલદાસ બોટાદકરનો જન્મ ભાવનગર જિલ્લાના બોટાદમાં થયો હતો. તેમણે માત્ર છ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો, છતાં સંસ્કૃત ભાષા ઉપર તેમનું સારું એવું પ્રભુત્વ રહ્યું હતું. એમનું મુખ્ય સર્જન કવિતા ક્ષેત્રે રહ્યું છે. 'રાસતરંગિણી', 'કલ્લોલિની', 'સ્રોતસ્વિની', 'નિર્ઝરિણી', 'શૈવલિની' વગેરે તેમના મહત્ત્વના કાવ્યસંગ્રહો છે. આ કવિએ પ્રકૃતિ અને ગૃહજીવનની ભાવનાનાં સુંદર કાવ્યો આપ્યાં છે. તેઓ યોગ્ય રીતે જ 'સૌંદર્યદર્શી' કવિ તરીકે ઓળખાય છે.

'જનની' ગુજરાતી ભાષાનું એક નોંધપાત્ર કાવ્ય છે. માતાના પ્રેમની તોલે બીજા કોઈનો પ્રેમ આવતો નથી - એ મુખ્ય ભાવની આજુબાજુ આ રચના ગૂંથાઈ છે. કાવ્યનું લયમાધુર્ય અનેરું છે. સંસ્કૃત કવિઓએ પણ માતૃપ્રેમને સ્વર્ગના પ્રેમથી ચડિયાતો લેખ્યો છે.

મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ,<br>
એથી મીઠી તે મોરી માત રે,<br>
જનનીની જોડ સખી ! નહિ જડે રે લોલ.<br>
પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ,<br>
જગથી જુદેરી એની જાત રે. જનનીની૦<br>
અમીની ભરેલી એની આંખડી રે લોલ,<br>
વ્હાલનાં ભરેલાં એનાં વેણ રે. જનનીની૦<br>
હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,<br>
હૈયું હેમંત કેરી હેલ રે. જનનીની૦<br>
દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ,<br>
શશીએ સીંચેલ એની સોડ્ય રે. જનનીની૦<br>
જગનો આધાર એની આંગળી રે લોલ,<br>
કાળજામાં કૈંક ભર્યા કોડ રે. જનનીની૦

ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે. જનનીની૦



મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ,
લેતાં ખૂટે ન એની લ્હાણ રે. જનનીની૦
ધરણીમાતાયે હશે ધ્રૂજતી રે લોલ,
અચળા અચૂક એક માય રે. જનનીની૦
ગંગાનાં નીર તો વધે-ઘટે રે લોલ.
સરખો એ પ્રેમનો પ્રવાહ રે. જનનીની૦
વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે. જનનીની૦
ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે.
જનનીની જોડ સખી ! નહિ જડે રે લોલ.

**('રાસતરંગિણી'માંથી)**

## • શબ્દસમજૂતી

**જનની** જન્મ આપનાર મા, માતા **મધુ** મધ **જુદેરી** ભિન્ન, અનોખી, લાડવાચક પ્રયોગ-સામાન્ય રીતે કવિતામાં પ્રયોજાય. **અમીની** અમૃતની **દોહ્યલાં** દુર્લભ, સહેજે ન મળે તે **શશી** ચંદ્ર **સોડ્ય** પડખું **કોડ** હોંશ **લ્હાણ** ખુશાલીના પ્રસંગે અપાતી ભેટ **અચળા** ચળે નહિ તેવી, અચલા, સ્થિર, ફેરફાર ન થાય તેવી **ચળતી** વધતી-ઓછી થતી **ઉજાસ** પ્રકાશ, તેજ

## • ભાષાસજ્જતા

આ કાવ્યની પંક્તિઓમાં નીચેના શબ્દો વપરાયા છે :

મેહુલા, માત, જગ, આંખ, શશી, કર, નીર

આ શબ્દો કાવ્યમાંથી શોધો. તેની જગ્યાએ તેના સમાનાર્થી શબ્દો મૂકી કાવ્ય ફરી ગાઈ જુઓ.

મીઠાં મધુ ને મીઠા મેહ રે લોલ,

એથી મીઠી તે મોરી માતા રે.

કેવું લાગે છે ? કવિએ પ્રયોજેલા શબ્દોની જગ્યાએ તેના સમાનાર્થી શબ્દો મૂકવાથી કાવ્યનો લય જળવાતો નથી.

હવે આ શબ્દોવાળી પંક્તિઓમાં એ શબ્દોના સમાનાર્થી શબ્દોનો ઉપયોગ કરી વાક્યસ્વરૂપે વાંચી જુઓ.

## • અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમઅક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) જનનીની જોડ સખી નહીં જડે રે લોલ એટલે... ☐

(ક) મા તે મા (ખ) માતા વાત્સલ્યમૂર્તિ છે.

(ગ) માતાનો બીજો કોઈ વિકલ્પ જ નથી. (ઘ) માતા તો દરેકને હોય.

(2) માડીનો મેઘ બારેમાસ એટલે... ☐

(ક) માતાનો પ્રેમ વધે-ઘટે છે. (ખ) માતાનો પ્રેમ કાયમ મળે જ.

(ગ) વરસાદ તો કાયમ વરસે જ (ઘ) વરસાદ વિના કાંઈ નહિ

(3) માતાનો પ્રેમ કેવો હોય છે ? ☐

(ક) વરસતી વાદળી જેવો (ખ) ચળકતી ચાંદની જેવો

(ગ) એકસરખા પ્રવાહ જેવો (ઘ) ગંગાના નીર જેવો

**2. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) માતાને શાનાથી મીઠી ગણવામાં આવી છે ?

(2) માતાની આંખ શાનાથી ભરેલી છે ?

(3) માતાનાં વેણ કેવાં છે ?

(4) માતાના કાળજામાં શું ભરેલું છે ?

(5) કોનો પ્રેમપ્રવાહ એકસરખો છે ?

## ● સ્વાધ્યાય

H7N7A5

**1. નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો :**

(1) કાવ્યમાં આપેલા માના ગુણોનું વર્ણન ટૂંકમાં કરો.

(2) 'માડીનો મેઘ બારેમાસ રે' કાવ્યપંક્તિને સમજાવો.

**2. નીચેના શબ્દોનો વાક્યપ્રયોગ કરો :**

અમી, હેલ, વ્યોમ, દોહ્યલું

**3. નીચે આપેલા શબ્દો જેવા ઉચ્ચારવાળા શબ્દો કાવ્યમાંથી શોધીને લખો :**

(1) માત (2) સોહ્ય (3) પ્રાણ (4) માસ

**4. નીચે આપેલા શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધીને લખો :**

(1) માતા - ________

(2) આકાશ - ________

(3) ધરતી - ________

(4) ચંદ્ર - ________

**5. સૂચવ્યા મુજબ કરો :**

- નીચેનામાંથી માતાને કોના કરતાં ચડિયાતી બતાવી છે ? તે શબ્દો અલગ તારવો.
  જંગલ, ધરતી, જમના, વાદળી, ગંગા, સૂરજ, ચંદ્ર, તારા, વરસાદ, વાવાઝોડું, ત્સુનામી, ધરતીકંપ, મધ
- આ અલગ તારવેલા શબ્દોવાળી પંક્તિઓ કાવ્યમાંથી શોધીને લખો.
- આ પંક્તિઓનો ભાવાર્થ લખો.
- આ ભાવાર્થ એક ફકરા સ્વરૂપે લખો.

**6. આ કાવ્યના સમૂહગાન વખતે સંગીતનાં કયાં-કયાં સાધનોનો ઉપયોગ કરશો ? તમને કયું વાદ્ય વગાડવું ગમશે ?**

## ● પ્રવૃત્તિ

(1) આ કાવ્યનું સમૂહગાન કરો.

(2) માતા વિશે લખાયેલાં કાવ્યો, કહેવતો અને અવતરણો એકત્ર કરી વર્ગમાં રજૂ કરો.

(3) 'માતૃપ્રેમ' દર્શાવતાં વાર્તા અને કાવ્યો મેળવીને લખો.

# 12. હાઈસ્કૂલમાં

F2I5Z8



**ગાંધીજી**

**જન્મ : 2-10-1869, અવસાન : 30-1-1948**


મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ પોરબંદરમાં થયો હતો. તેઓ 'રાષ્ટ્રપિતા' અને 'મહાત્મા ગાંધી' તરીકે સમસ્ત ભારતીય પ્રજાના હૃદયમાં આદરભર્યું સ્થાન પામ્યા છે. વકીલાતનો વ્યવસાય કરતા હતા, ત્યારે તેમણે દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓ ઉપર ગોરા અંગ્રેજોના રંગદ્વેષના જુલમ સામે સ્વમાન અને હક માટે લડત ચલાવી હતી. પછી ભારતમાં આવી તેમણે દેશને સ્વરાજ અપાવવા માટે સફળ આગેવાની લીધી હતી. જીવનભર તેમણે સત્ય અને અહિંસાની ઉપાસના કરી હતી. 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'માં ગાંધીજીએ નિખાલસતાથી સત્યની પ્રતિષ્ઠા કરતી પોતાની જીવનકથા સરળ અને સચોટ ગદ્યમાં નિરૂપી છે. એ વિશ્વભરની ઉત્તમ આત્મકથાઓમાંની એક છે. 'હિંદસ્વરાજ', 'આરોગ્યની ચાવી', 'અનાસક્તિયોગ', 'મંગલપ્રભાત', 'વ્યાપક ધર્મભાવના' વગેરે અનેક પુસ્તકોમાં તેમના વિચારો રજૂ થયા છે. 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' પુસ્તકમાં ત્યાં ચાલેલી આઠ વર્ષ લાંબી સત્યાગ્રહની લડતનો ચિતાર આપ્યો છે. 'ઇન્ડિયન ઓપિનિયન', 'યંગઇન્ડિયા', 'નવજીવન', 'હરિજનબંધુ' વગેરે વિચારપત્રોના તેઓ તંત્રી હતા. ગાંધીજીનાં તમામ લખાણો 'ગાંધીજીનો અક્ષરદેહ' નામે ગ્રંથશ્રેણી રૂપે પ્રગટ થયાં છે. સાદગી, સ્વાભાવિકતા, સરળતા અને ભાષાનું તળપદું બળ તેમના ગદ્યની લાક્ષણિકતા છે. તેમણે રાષ્ટ્રઘડતર અને લોકશિક્ષણના કાર્યમાં ઉમદા ફાળો આપ્યો હતો.

આ પ્રકરણ ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'માંથી લેવામાં આવ્યું છે. ગાંધીજીના વિદ્યાર્થીજીવનનાં કેટલાંક સ્મરણો આ આત્મકથાખંડમાં સરળ અને સચોટ ભાષામાં આલેખાયાં છે. ગાંધીજીનો બાળવિવાહ થતાં અભ્યાસમાં પડતો વિક્ષેપ અને તેમની શરમાળ પ્રકૃતિનું તેમજ સેવાપરાયણ સ્વભાવનું સરસ આલેખન થયું છે. તેમણે કેળવણી વિશેના વિચારો પણ સ્પષ્ટ રીતે રજૂ કર્યા છે.

વિવાહ થયા ત્યારે હું હાઈસ્કૂલમાં ભણતો હતો, એ હું આગળ લખી ગયો છું. તે વેળા અમે ત્રણે ભાઈ એક જ સ્કૂલમાં ભણતા. જ્યેષ્ઠબંધુ ઉપલા ધોરણમાં હતા ને જે ભાઈના વિવાહની સાથે મારા થયા હતા તે મારાથી એક વર્ષ આગળ હતા. વિવાહનું પરિણામ એ આવ્યું કે અમારું બે ભાઈનું એક વર્ષ નકામું ગયું. મારા ભાઈને સારુ તો એથીયે વિષમ પરિણામ આવ્યું, વિવાહ પછી તે નિશાળમાં ન જ રહી શક્યા. આવું અનિષ્ટ પરિણામ તો દૈવજાણે કેટલા જુવાનોનું આવતું હશે. વિદ્યાભ્યાસ ને વિવાહ બેઉ એકસાથે તો હિંદુસંસારમાં જ હોય.

મારો અભ્યાસ ચાલુ રહ્યો. હાઈસ્કૂલમાં હું ઠોઠ નિશાળિયો ન ગણાતો. શિક્ષકોની પ્રીતિ તો હંમેશાં સાચવી

હતી. દરેક વર્ષે માબાપને વિદ્યાર્થીના અભ્યાસ તેમજ વર્તન  વિશે પ્રમાણપત્ર મોકલવામાં આવતાં. તેમાં કોઈ દિવસ મારું વર્તન કે અભ્યાસ ખરાબ હોવાની ટીકા થઈ નથી. બીજા ધોરણ પછી ઈનામો પણ લીધાં ને પાંચમા તથા છઠ્ઠા ધોરણમાં અનુક્રમે માસિક ચાર રૂપિયા ને દસ રૂપિયાની શિષ્યવૃત્તિ પણ મળી હતી. આ મળવામાં મારી હોશિયારી કરતાં દૈવે વધારે ભાગ લીધો હતો. એ વૃત્તિઓ બધા વિદ્યાર્થીઓને સારુ નહિ, પણ જેઓ સોરઠ પ્રાંતના હોય તેમાં પહેલું પદ ભોગવે, તેને સારુ હતી. ચાળીસ-પચાસ વિદ્યાર્થીઓના વર્ગમાં તે કાળે સોરઠ પ્રાંતના વિદ્યાર્થી કેટલા હોઈ શકે ?



મારું પોતાનું સ્મરણ એવું છે કે મને મારી હોશિયારીને વિશે કંઈ માન નહોતું. ઈનામ કે શિષ્યવૃત્તિ મળે તો મને આશ્ચર્ય થતું, પણ મારા વર્તન વિશે મને બહુ ચીવટ હતી. વર્તનમાં ખોડ આવે તો મને રડવું જ આવે. શિક્ષકને ઠપકો આપવો પડે એવું મારે હાથે કંઈ પણ થાય અથવા શિક્ષકને તેવું ભાસે એ મને અસહ્ય થઈ પડે. એક વખત માર ખાવો પડ્યો હતો, એવું મને સ્મરણ છે. મારનું દુઃખ નહોતું, પણ હું દંડને પાત્ર ગણાયો એ મહાદુઃખ હતું. હું ખૂબ રડ્યો. આ પ્રસંગ પહેલા કે બીજા ધોરણનો છે. બીજો પ્રસંગ સાતમા ધોરણનો છે. તે વખતે દોરાબજી એદલજી ગીમી હેડમાસ્તર હતા. તે વિદ્યાર્થીપ્રિય હતા, કેમકે તેઓ નિયમ જાળવાવતા. પદ્ધતિસર કામ કરતા ને લેતા તથા શિક્ષણ ઠીક આપતા. તેમણે ઉપલા ધોરણના વિદ્યાર્થીઓને સારુ કસરત-ક્રિકેટ ફરજિયાત કર્યાં હતાં. મને તેનો અણગમો હતો. ફરજ પડી તે પહેલાં તો કદી કસરત, ક્રિકેટ કે ફૂટબૉલમાં ગયો જ નહોતો. ન જવામાં મારી શરમાળ પ્રકૃતિ પણ એક કારણ હતું. હવે હું જોઉં છું કે એ અણગમો મારી ભૂલ હતી. કસરતને શિક્ષણની સાથે સંબંધ ન હોય એવા ખોટા વિચાર તે વેળા હું ધરાવતો. પાછળથી સમજ્યો કે વ્યાયામને લીધે શારીરિક કેળવણી ને માનસિકતા જેવું જ સ્થાન વિદ્યાભ્યાસમાં હોવું જોઈએ.

છતાં કસરતમાં ન જવાથી મને નુકસાન ન થયું એમ મારે જણાવવું જોઈએ. તેનું કારણ એ છે કે પુસ્તકોમાં ખુલ્લી હવા ખાવા-ફરવા જવાની ભલામણ વાંચેલી તે મને ગમેલી. ને તેથી હાઈસ્કૂલનાં ઉપલાં ધોરણોથી જ ફરવા જવાની ટેવ મને પડી હતી. તે છેવટ લગી રહી. ફરવું એ પણ વ્યાયામ તો છે જ. તેથી મારું શરીર પ્રમાણમાં કસાયેલું બન્યું.

અણગમાનું બીજું કારણ પિતાજીની સેવા કરવાની તીવ્ર ઇચ્છા હતું. નિશાળ બંધ થાય કે તરત ઘેર પહોંચી સેવામાં પડી જતો. જ્યારે કસરત ફરજિયાત થઈ, ત્યારે આ સેવામાં વિઘ્ન પડ્યું. પિતાજીની સેવા કરવાને ખાતર કસરતની માફી મળવી જોઈએ એવી વિનંતી કરી. પણ ગીમીસાહેબ શાના માફી આપે ? એક શનિવારે નિશાળ સવારની હતી. સાંજે ચાર વાગ્યે કસરતમાં જવાનું હતું. મારી પાસે ઘડિયાળ નહોતી. આકાશમાં વાદળાં હતાં, તેથી વખતની કંઈ ખબર ન રહી. વાદળાંથી હું છેતરાયો. કસરતમાં પહોંચ્યું, ત્યાં તો બધા જતા રહ્યા હતા. બીજે દિવસે ગીમીસાહેબે હાજરી તપાસી, તો હું ગેરહાજર નીકળ્યો. મને કારણ પૂછ્યું. મેં તો જે હતું તે કારણ બતાવ્યું. તેમણે તે સાચું ન માન્યું ને મારો એક આનો કે બે આના (કેટલો એ બરાબર યાદ નથી) દંડ થયો. હું ખોટો ઠર્યો ! મને અતિશય દુઃખ થયું. ‘હું ખોટો નથી’ એ કેમ સિદ્ધ કરું ? કશો ઉપાય ન રહ્યો. મનમાં ને મનમાં સમસમી રહ્યો, રોયો. સમજ્યો કે સાચું બોલનારે ને સાચું કરનારે ગાફેલ પણ ન રહેવું જોઈએ. આવી ગફલત મારા ભણતરના સમયમાં આ પહેલી અને છેલ્લી હતી. મને ઝાંખું સ્મરણ છે કે છેવટે હું એ દંડ માફ કરાવી શક્યો હતો.

કસરતમાંથી તો મુક્તિ મેળવી જ. નિશાળના સમય પછી પોતે મારી હાજરી પોતાની સેવાના અર્થ ઇચ્છે છે, એવો પિતાશ્રીનો કાગળ હેડમાસ્તરને મળવાથી મુક્તિ મળી.

વ્યાયામને બદલે ફરવાનું રાખ્યું, તેથી શરીરને વ્યાયામ ન કરાવ્યાની ભૂલને સારુ કદાચ મારે સજા નથી ભોગવવી પડી; પણ બીજી એક ભૂલની સજા હું આજ લગી ભોગવી રહ્યો છું. ભણતરમાં અક્ષર સારા લખવાની જરૂર નથી, એવો ખોટો ખ્યાલ મારામાં ક્યાંથી આવ્યો એ હું જાણતો નથી. પણ છેક વિલાયત જતાં લગી એ રહ્યો. પછી અને મુખ્યત્વે કરીને દક્ષિણ આફ્રિકામાં, જ્યાં વકીલોના અને દક્ષિણ આફ્રિકામાં જન્મેલા ને ભણેલા નવયુવકોના મોતીના દાણા જેવા અક્ષરો જોયા ત્યારે, હું લજવાયો ને પસ્તાયો. મેં જોયું કે નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની ગણાવી જોઈએ. મેં મારા અક્ષર પાછળથી સુધારવા પ્રયત્ન કર્યો, પણ પાકે ઘડે કંઈ કાંઠા ચડે ? જુવાનીમાં જેની મેં અવગણના કરી તે હું આજ લગી નથી જ કરી શક્યો. દરેક નવયુવક અને યુવતી મારા દાખલાથી ચેતે ને સમજે કે સારા અક્ષર એ વિદ્યાનું આવશ્યક અંગ છે. સારા અક્ષર શીખવાને સારુ ચિત્રકળા આવશ્યક છે. હું તો એવા અભિપ્રાય ઉપર પહોંચ્યો છું કે બાળકોને ચિત્રકળા પ્રથમ શીખવવી જોઈએ. જેમ પક્ષીઓ, વસ્તુઓ વગેરેને જોઈ બાળક તેને યાદ રાખી સહેજે ઓળખે છે, તેમ જ અક્ષર ઓળખતાં શીખે, ને જ્યારે ચિત્રકળા શીખી ચિત્રો વગેરે કાઢતાં શીખે ત્યારે અક્ષર કાઢતાં શીખે, તો તેના અક્ષર છાપેલ જેવા થાય.

આ કાળના વિદ્યાભ્યાસનાં બીજાં બે સ્મરણ નોંધવાલાયક છે. વિવાહને લીધે એક વર્ષ ભાંગ્યું, તે બચાવી લેવાનો બીજા ધોરણમાં માસ્તરે મારી પાસે વિચાર કરાવ્યો. મહેનતુ વિદ્યાર્થીને એમ કરવાની રજા ત્યારે તો મળતી. આથી ત્રીજા ધોરણમાં હું છ માસ રહ્યો ને ઉનાળાની રજા પહેલાંની પરીક્ષા પછી મને ચોથા ધોરણમાં મૂક્યો. અહીંથી કેટલુંક શિક્ષણ અંગ્રેજી મારફતે શરૂ થાય. મને કશી સમજ ન પડે. ભૂમિતિ પણ ચોથા ધોરણમાં શરૂ થાય. હું તેમાં પાછળ તો હતો જ, ને વળી એ મુદ્દલ ન સમજાય. ભૂમિતિશિક્ષક સમજાવવામાં સારા હતા. પણ મને કંઈ ગેડ જ ન બેસે. હું ઘણી વેળા નિરાશ થતો. કોઈ વેળા એમ થાય કે બે ધોરણ એક વર્ષમાં કરવાનું છોડી હું ત્રીજા ધોરણમાં ચાલ્યો જાઉં. પણ એમ કરું તો મારી લાજ જાય, ને જેણે મારા ખંત ઉપર વિશ્વાસ રાખી મને ચડાવવાની ભલામણ કરી હતી, તે શિક્ષકની પણ લાજ જાય. એ ભયથી નીચે ઊતરવાનો વિચાર તો બંધ જ રાખ્યો. પ્રયત્ન કરતાં-કરતાં જ્યારે યુક્લિડના તેરમા પ્રમેય ઉપર આવ્યો, ત્યારે એકાએક મને થયું કે ભૂમિતિ તો સહેલામાં સહેલો વિષય છે; જેમાં કેવળ બુદ્ધિનો સીધો ને સરળ પ્રયોગ જ કરવાનો છે, તેમાં મુશ્કેલી શી ? ત્યાર બાદ હંમેશાં ભૂમિતિ મને સહેલો અને રસિક વિષય થઈ પડ્યો.

સંસ્કૃતે મને ભૂમિતિ કરતાં વધારે મુશ્કેલી પાડી. ભૂમિતિમાં ગોખવાનું તો કંઈ જ ન મળે, ત્યારે સંસ્કૃતમાં તો મારી દૃષ્ટિએ બધું ગોખવાનું જ રહ્યું. આ વિષય પણ ચોથા ધોરણથી શરૂ થયેલો. છઠ્ઠા ધોરણમાં હું હાર્યો. સંસ્કૃતશિક્ષક બહુ સખત હતા. વિદ્યાર્થીઓને ઘણું શીખવવાનો લોભ રાખતા. સંસ્કૃતવર્ગ ને ફારસીવર્ગ વચ્ચે એક જાતની હરીફાઈ હતી. ફારસી શીખવનાર મૌલવી નરમ હતા. વિદ્યાર્થીઓ માંહે-માંહે વાત કરે કે, ફારસી તો બહુ સહેલું છે ને ફારસીશિક્ષક બહુ ભલા છે, વિદ્યાર્થી જેટલું કરે તેટલાથી તે નિભાવી લે છે. હું પણ સહેલું છે, એમ સાંભળી લોભાયો ને એક દિવસ ફારસીના વર્ગમાં જઈ બેઠો. સંસ્કૃતશિક્ષકને દુઃખ થયું. તેમણે મને બોલાવ્યો. ''તું કોનો દીકરો છે, એ તો સમજ. તારા ધર્મની ભાષા તું નહીં શીખે ? તને જે મુશ્કેલી હોય તે મને બતાવ. હું તો બધા વિદ્યાર્થીઓને સરસ સંસ્કૃત શીખવવા ઇચ્છું છું. આગળ જતાં તો તેમાં રસના ઘૂંટડા પીવાના છે. તારે એમ હારવું ન જોઈએ. તું ફરી મારા વર્ગમાં બેસ.'' હું શરમાયો. શિક્ષકના પ્રેમની અવગણના ન કરી શક્યો. આજે મારો આત્મા કૃષ્ણશંકર માસ્તરનો ઉપકાર માને છે; કેમકે જેટલું સંસ્કૃત હું તે વેળા શીખ્યો તેટલું પણ ન શીખ્યો હોત, તો આજે મારાથી, સંસ્કૃતશાસ્ત્રોમાં રસ લઈ શકાય છે, તે ન લઈ શકાત. મને તો એ પશ્ચાત્તાપ થાય છે કે હું સંસ્કૃત વધારે ન શીખી શક્યો; કેમકે, પાછળથી હું સમજ્યો કે કોઈ પણ હિંદુ બાળકે સંસ્કૃતના સરસ અભ્યાસ વિના ન જ રહેવું જોઈએ.

હવે તો હું એવું માનું છું કે ભારતવર્ષના ઉચ્ચ શિક્ષણક્રમમાં સ્વભાષા ઉપરાંત રાષ્ટ્રભાષા હિંદી, સંસ્કૃત, ફારસી, અરબી અને અંગ્રેજીને સ્થાન હોવું જોઈએ. આટલી ભાષાની સંખ્યાથી કોઈએ ડરી જવાનું કારણ નથી. ભાષા પદ્ધતિસર શીખવવામાં આવે અને બધા વિષયો અંગ્રેજીની જ મારફતે શીખવાનો ને વિચારવાનો બોજો આપણી ઉપર ન હોય, તો ઉપલી ભાષાઓ શીખવામાં બોજો નથી, એટલું જ નહિ, પણ તેમાં અતિશય રસ રહેલો છે. વળી, જે એક ભાષાને શાસ્ત્રીય પદ્ધતિથી શીખે છે, તેને પછી બીજાનું જ્ઞાન સુલભ થઈ પડે છે. ખરું જોતાં તો હિંદી, ગુજરાતી, સંસ્કૃત એક ભાષામાં ગણી શકાય તેમજ ફારસી ને અરબી એક ગણાય. ફારસી જોકે સંસ્કૃતને

લગતી છે, ને અરબી હિબ્રૂને લગતી છે, છતાં બંને ઈસ્લામના પ્રગટ થયા પછી ખેડાયેલી છે, તેથી બંને વચ્ચે નિકટ સંબંધ છે. ઉર્દૂને મેં અલગ ભાષા નથી ગણી, કેમકે તેના વ્યાકરણનો સમાવેશ હિંદીમાં થાય છે. તેના શબ્દો તો ફારસી અને અરબી જ છે. ઊંચા પ્રકારનું ઉર્દૂ જાણનારને અરબી અને ફારસી જાણવું પડે એવું છે, જેમ ઊંચા પ્રકારનું ગુજરાતી, હિંદી, બંગાળી, મરાઠી જાણનારને સંસ્કૃત જાણવું આવશ્યક છે.

('સત્યના પ્રયોગો અથવા આત્મકથા'માંથી)

## ● શબ્દસમજૂતી

**જયેષ્ઠ** મોટા **વૃત્તિ** (અહીં) શિષ્યવૃતિ **સોરઠ** સૌરાષ્ટ્રનો એક પ્રદેશ, ભાદર નદીની દક્ષિણનો સમુદ્ર સુધીનો જૂનાગઢ જિલ્લાનો પ્રદેશ **માનસિક** (અહીં) ભાષા, ગણિત, વિજ્ઞાન વગેરે વિષયો **ગાફેલ** પોતાના હિત કે લોભની ચિંતા કે વિચાર કરનાર **ગફલત** ભૂલ **નઠારું** ખરાબ **અવગણના** ઉપેક્ષા, ધ્યાનમાં ન લેવું તે **બીજું ધોરણ** અગાઉનું સ્ટાન્ડર્ડ સેકન્ડ, હાલનું છઠ્ઠું ધોરણ **યુક્લિડ** ઈ.સ. પૂર્વે 300માં ઇજિપ્તના ઍલેક્ઝાન્ડ્રિયામાં થઈ ગયેલા યુક્લિડ નામના અભ્યાસી, જેણે ભૂમિતિના કેટલાક સિદ્ધાંત સ્થાપ્યા. **પ્રમેય** ભૂમિતિના કોઈ સિદ્ધાંતને સાબિત કરવા માટેની તાર્કિક પદ્ધતિ **હિબ્રૂ** યહૂદી પ્રજાની પ્રાચીન - મૂળ ભાષા

## ● રૂઢિપ્રયોગો :

**પાકા ઘડે કાંઠા ન ચડે** - યોગ્ય સમયે જે કરવાનું હોય એ ન કરીએ તો પછી પ્રયત્ન વ્યર્થ નીવડે.

**લાજ જવી** - આબરૂ જવી

**ગેડ બેસવી** - મનમાં ગોઠવાવું

**મનમાં સમસમી રહેવું** - ધૂંધવાઈ ઊઠવું

## ● ભાષાસજ્જતા

### ● સંક્ષેપીકરણ

ધો-6 માં 'સારા અક્ષર' પાઠનો સારાંશ તમે લખ્યો હતો. એમાં સારું કામ કરવા માટે ખંત, લગની અને મક્કમ સંકલ્પ જોઈએ. સાધનો તો સામાન્ય હોય અથવા રોજિંદા હોય તો પણ ચાલે એવું વાક્ય લખવું જરૂરી હતું. તમે લખ્યું પણ ખરું. આ પાઠના પાન નં. 13 ઉપરના બીજા પરિચ્છેદનું સંક્ષેપીકરણ કઈ રીતે થાય તે સમજીએ.

### ● સંક્ષેપીકરણનો નમૂનો :

ભૂમિતિ કરતાં સંસ્કૃત વધુ મુશ્કેલ. ભૂમિતિમાં ગોખવાનું નહિ ત્યારે સંસ્કૃતમાં બહુ ગોખવાનું. છઠ્ઠા ધોરણમાં સંસ્કૃત શિક્ષક બહુ કડક હતા. સંસ્કૃત અને ફારસી વર્ગ વચ્ચે હરીફાઈ ચાલતી. ફારસી શીખવનાર મૌલવી નરમ અને ભલા. ફારસી સહેલું છે સાંભળી લોભાયો ને ફારસીના વર્ગમાં ગયો. સંસ્કૃત શિક્ષકને દુઃખ થયું. મને બોલાવી કહ્યું, 'તારા ધર્મની ભાષા તું નહિ શીખે ? આમ હારી જવાય ?' આ સાંભળી હું શરમાયો.

- **સંક્ષેપીકરણ કરવામાં આટલું ધ્યાન રાખવું :**
  - દરેક વાક્યમાંથી મહત્ત્વની વાત રાખી, બાકીની કાઢી નાખવી.
  - બિનજરૂરી વાક્યો દૂર કરવાં. કેટલાંક વાક્યો ભેગાં કરી નવેસરથી લખવું.
  - સંક્ષેપીકરણનું પરિણામ સારાંશ હોય છે.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમઅક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) ગાંધીજી અને તેમના ભાઈના અભ્યાસ પર વિવાહની શી અસર થઈ ? ☐

(ક) તેઓ ભણવામાં નબળા પડ્યા. (ખ) તેમનો અભ્યાસ વધુ સારો થયો.

(ગ) બેઉ ભાઈઓનું એક વર્ષ નકામું ગયું. (ઘ) તેઓનું અભ્યાસમાં ધ્યાન ન રહ્યું.

(2) 'આવું અનિષ્ટ પરિણામ તો દેવ જાણે કેટલા જુવાનોનું આવતું હશે.' ગાંધીજી કઈ બાબતને લઈ આમ વિચારે છે ? ☐

(ક) પરીક્ષાનો ભાર (ખ) બાળલગ્ન

(ગ) અભ્યાસનો ભાર (ઘ) કૌટુંબિક જવાબદારી

(3) કસરત કરવા ન જવા છતાં બાપુને નુકસાન ન થયું. કારણ કે... ☐

(ક) તેઓ ઘરમાં જ કસરત કરી લેતા. (ખ) કસરતની ચોપડીઓ નિયમિત વાંચતા.

(ગ) સમય મળ્યે કસરત કરી લેતા. (ઘ) તેમને ફરવા જવાની ટેવ હતી.

(4) ભણવામાં અક્ષરો બાબતે બાપુને ખ્યાલ હતો કે... ☐

(ક) ગમે તેવા હોય તો પણ ચાલે.

(ખ) અક્ષર તો મોતીના દાણા જેવા હોવા જોઈએ.

(ગ) મરોડદાર, સુંદર અને છૂટા-છૂટા હોવા જોઈએ.

(ઘ) બીજા સરળતાથી ઉકેલી શકે તેવા હોવા જોઈએ.

**2. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) ગાંધીજીને કઈ વાત અસહ્ય થઈ પડતી ?

(2) ગાંધીજીએ એક વર્ષમાં બે ધોરણો કરવાનો નિર્ણય કેમ ન છોડ્યો ?

(3) આ પાઠમાં ગાંધીજીના કયા-કયા ગુણો જોવા મળે છે ?

(4) ભૂમિતિનો વિષય ગાંધીજીને સહેલો કેમ થઈ પડ્યો ?

## ● સ્વાધ્યાય

S3K1I4

**1. નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો :**

(1) ગાંધીજી અને તેમના ભાઈના અભ્યાસ પર બાળવિવાહની શી અસર થઈ ?

(2) ગાંધીજી પોતાના વર્તન અંગે શી કાળજી રાખતા ?

(3) ગાંધીજીને કઈ વાત અસહ્ય થઈ પડતી ?

(4) ગાંધીજીને કયાં કારણોસર કસરત પ્રત્યે અણગમો હતો ?

(5) સારા અક્ષર બાબતે ગાંધીજીના વિચારો જણાવો.

(6) જુદી-જુદી ભાષાઓ વિશે ગાંધીજીના વિચારો જણાવો.

**2. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :**

માહિતી, સંસ્કૃત, સમિતિ, ફારસી, જ્ઞાન, ખેડૂત, ઈસ્લામ, મજબૂત, અરબી, ઋષિ

**3. નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો :**

(1) મનમાં સમસમી રહેવું (2) ગેડ બેસવી (3) લાજ જવી

**4. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો :**

ચીવટ, કેળવણી, વિઘ્ન, મુક્તિ, નિકટ

**5. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો :**

કામનું, ઈષ્ટ, ગણના, સ્મરણ, ગમો, વિઘ્ન

**6. નીચેની કહેવતનો અર્થ સમજાવો. આવી બીજી પાંચ કહેવતો તમારા વડીલો પાસેથી જાણીને લખો :**

પાકે ઘડે કાંઠા ન ચડે

**7. નીચેનાં વાક્યોમાંથી પ્રમાણવાચક વિશેષણો શોધીને લખો :**

(1) મને અતિશય દુ:ખ થયું.

(2) અણગમાનું બીજું કારણ પિતાજીની સેવા કરવાની તીવ્ર ઇચ્છા હતું.

(3) સંસ્કૃતશિક્ષકને ઘણું દુ:ખ થયું.

**8. તમારા જીવનમાં બનેલા તમને ગમતા બે પ્રસંગો લખો.**

**9. સૂચવ્યા મુજબ કરો :**

(1) ગાંધીજીના જીવનપ્રસંગો એકત્ર કરો અને વાંચો.

(2) તમે વાંચેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ લખો.

(3) આ પ્રસંગમાંથી તમને ગમતા ગાંધીજીના સદ્‌ગુણોની યાદી કરો.

(4) તમે લખેલો પ્રસંગ પ્રાર્થનાસભામાં વાંચો.

(5) તમને આ પ્રસંગ શા માટે ગમ્યો તે તમારા મિત્રો સમક્ષ કહો.

**10. તમારા જીવનમાં બનેલા એકાદ-બે સારા પ્રસંગો યાદ કરીને લખો અને તેને વર્ગ સમક્ષ વાંચી સંભળાવો.**

## • પ્રવૃત્તિ

(1) ગાંધીજીની આત્મકથામાંથી ‘ચોરી અને પ્રાયશ્ચિત્ત’ પ્રકરણ વાંચો.

(2) સ્વાતંત્ર્યસેનાની અથવા ગાંધીવિચારધારા સાથે જોડાયેલા કાર્યકરની મુલાકાત ગોઠવો અને તેમને પૂછવાના પ્રશ્નોની યાદી તૈયાર કરો.

(3) શાળા-પુસ્તકાલયમાંથી ગાંધીજી વિશે લખાયેલાં પુસ્તકો મેળવીને વાંચો.

• કેટલીક આત્મકથાઓ :

| | | |
|---|---|---|
| ઘડતર અને ચણતર | - | નાનાભાઈ ભટ્ટ |
| સદ્‌ભિઃ સંગઃ | - | મનુભાઈ પંચોલી |
| બિલ્લો ટિલ્લો ટચ | - | ગુણવંત શાહ |
| બાનો ભીખુ | - | ચંદ્રકાંત પંડ્યા |

# 13. ભમીએ ગુજરાતે : દક્ષિણ ભણી




**ચંદ્રવદન ચી. મહેતા**

**જન્મ : 1901, અવસાન : 1991**

ચંદ્રવદન ચી. મહેતાનો જન્મ સુરતમાં થયો હતો. તેઓ આકાશવાણી-રેડિયો સાથે સંકળાયેલા હતા. પોતાની આગવી ગદ્યશૈલીને કારણે આપણા સાહિત્યમાં જાણીતા થયા છે. સરળ ભાષાશૈલી એ તેમના લેખનનું આકર્ષણ છે. એમણે કવિતા, નાટક, વિવેચન, આત્મચરિત્ર, અનુવાદ વગેરે ક્ષેત્રોમાં સારું પ્રદાન કર્યું છે. 'ભમીએ ગુજરાતે : ન વાટે, ન રેલપાટે', 'બાંધ ગઠરિયાં' અને 'છોડ ગઠરિયાં' એ એમના પ્રવાસવિષયક લેખોના સંગ્રહો છે.

અહીં દક્ષિણ ગુજરાતની પ્રકૃતિ અને સંસ્કૃતિની સમૃદ્ધિનો રસળતી શૈલીમાં પરિચય કરાવવામાં આવ્યો છે.

ખુશનુમા સવાર છે. આપણે સાગરકાંઠો નહિ છોડીએ. દરિયો અહીંયાં પોતાનું ભારે શિંગડું ગુજરાતમાં ભરાવવા ફાંફાં મારે છે અને ઊંચે ખંભાત બાજુ ભોંકે છે. પણ અહીં આ ઊભરાટ અને આ નદીઓનો સાગરસંગમ, પણે ભીમપોર, ડુમસ ને હજીરાની દીવાદાંડી, સૂર્યની પુત્રી તપતી નદી, તાપીનો મરોડદાર સાગર-સંગમ. અહીં તો હેલિકૉપ્ટર હોય, તો જરા ઊંચે જઈને જ જોવાની મજા આવે. અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડતાં અથવા ભાવનગર જતાં વિમાનમાંથી આ પડખું ભારે ચિત્રાત્મક લાગે છે. બન જાય તો જોજો કદીક.




પ્રવાસનાં સ્થળો

ભીમપોરના ખારવા-ખલાસી જગમશહૂર, ભલભલા દરિયા હચમચાવે; અલકમલક ગજાવે. અહીંથી જ પેલો નૉર્વે ગિયેલો જગન કારાતિયાં જઈ એણે મધરાતે ઘૂમરી ઘાલતા, સુસવાટા કરતા, ફૂમતાં મરોડતા દરિયાને દેખેલો. માતાની આઠમે નવરાત્રિમાં કેડે ઘૂઘરા બાંધી ઘેરિયા ઘૂમતા રહે. 'એક વાર ભીમપોર જાજો રે ઘેરિયા' ગીત લલકાર્યા કરે. શ્રાવણ મહિને ભીમપોરિયા હનુમાનનો મેળો જોવા સુરતથી ગેણિયા બેલને દોડાવતા સુરતીલાલા નીકળી પડે.

હજીરાની દીવાદાંડીની પણ અનેક વાતો છે. પણ આપણે તો કુદરત જોવા નીકળ્યા છીએ. તાપીનો આ સંગમ કેટલો મનમોહક છે ! આપણે એને કાંઠે-કાંઠે સુરત જઈએ. એના લોલવિલોલ જોતાં-જોતાં - એ જ રસ્તે પરદેશીઓ આકર્ષાઈને ઘૂસી આવ્યા હતા.

આ એ જ સુરત શહેર, ત્રણ પ્રખ્યાત નન્નાનું કવિ મલબારી કહે છે તેમ :

મોજશોખ ને ખાણીપીણી સુરતીલાલા સહેલાણી,<br>
વાડી ગાડી લાડીમાં તેં કીધી જિંદગી ધૂળધાણી.

આગ-રેલમાં ભાંગેલું, લૂંટે લૂંટાયેલું, સોનાની મૂરત સુરત, 'આ તે શા તુજ હાલ' કહી રડ્યો હતો નર્મદ, તે આ જ સુરત, આ જ રસ્તે 1770ની આસપાસ ફિરંગીઓ આવ્યા, 1608 - 12માં અંગ્રેજો આવ્યા. એની પાછળ વલંદાઓ આવ્યા અને  બાકી હતું, તે 1642માં ફરાંસિયાઓએ પોતાની કોઠી સુરતમાં સ્થાપી. હજી એ ઈમારતો જોવા મળે છે. એ માંહોમાંહે લડ્યા, એના ગોળીબારની નિશાનીઓ પણ હજુ દેખાય છે. ભારતને કિનારે તાપીકાંઠે પહેલી 'નેવલ વૉર' એ પરદેશીઓએ કરી. હતાશ થઈ ગયા. ખરું ? રાત આ નિરાશાના અંધકારમાં જ વીંટળાઈને કાઢીશું. હોય, એક રાત એમ પણ હોય; તાપીકાંઠે કિલ્લો છે. અકબરે અહીં પડાવ નાખ્યો હતો. જહાંગીર આવ્યો હતો. ઔરંગઝેબ આ પાસેના લાકડી પુલ આગળ જહાજમાં બેસી મક્કે હજ કરવા ગયો હતો.

* * *

ચાલો, ઊઠો, ઊગતા સૂર્યને નમસ્કાર કરો. આપણે તો નદીકાંઠે જ ઘૂમીશું. શહેર તો ઘણાં જોયાં અને જોઈશું અને આવી રોનક તો હવે રહી નથી. જોઈ-જોઈ જીવ બળે. ચાલો, કતારગામને રસ્તે. અશ્વિનીકુમાર છે તો સ્મશાનકાંઠે, પણ રળિયામણો છે. પછી વરાછા, આગળ કામરેજ, માંડવી અતિપ્રાચીન શહેરો જોવા મળે. આગળ જોઈશું તો હરિપુરા. એની પાસે બારડોલી. એક હિન્દી કવિ કહે છે તેમ એ ભારતનું થર્મોપોલી.

બસ, અમે જાણતા જ હતા કે સુરત રેલપાટા ઉપર આવ્યું છે, તો શા માટે આટલું એ શહેર માટે લખ્યું ? ભાઈ, લખ્યું, લખાઈ ગયું. એક ભાંગેલા-તૂટેલા ગામ માટે લખ્યું, એમાં આવડો બળાપો શા માટે ? અહીં નદીમાં 1612-1616ની અંદર પહેલી દરિયાઈ લડાઈ થઈ હતી. એમાં પરદેશીઓ જ લડી મૂઆ હતા. આપણે બારણે પારકી લડાઈ. ડચ, અંગ્રેજ, ફરાંસિયા, વલંદા બધા જ લડ્યા હતા; અને અંગ્રેજોએ ખૂંટો બેસાડ્યો. ઉત્તરે 'વેડ ડભોલી અને સીંગણપોર, જતાં-આવતાં થાય બપોર' એમ કહે છે, પણ આપણે ડભોલીનો ભૂતિયો ટેકરો તો ચડીશું જ. હાઆરે. અહીં પણ કુરુક્ષેત્રનું મેદાન ! શું માનવું ? પાંડવોની ગુફા, ભીમની ગદા, કુરુક્ષેત્રનું મેદાન, એ નામો

તો ડગલે અને પગલે એકાદ કંઈ જૂનું ખંડિયેર આવ્યું, તો સાંભળવા મળવાનાં જ. પણ આપણે માનવા ન માનવા સાથે ક્યાં નિસબત છે ? તાપી નદીનો વળાંક અહીં એવો છે કે એ જાણે નર્મદાની સાથે જ ભળવા જવા માગે છે એમ લાગે.

પણ આપણે પૂર્વમાં સોનગઢની નજીકના જંગલમાં તો જઈએ જ. ભય ? હા, ભય તો ખરો જ. પણ ચાલો, તાપી નદીને કાંઠે-કાંઠે, ડાબે હાથે સાતપુડાની હાર દેખાવા માંડે ત્યાં સુધી. જાતજાતની વસ્તી. નદીસંગમ, તળાવો અને જૂના બંધો, ખંડિયેરો તો ખરાં જ, અને હેડંબાવન પણ ઠેકઠેકાણે-એવું આવ્યા જ કરશે. ધરમપુર પાસે હતાં એવાં અહીં સોનગઢની આજુબાજુ ગામનાં નામોને છેડે પાડા આવ્યા કરશે : વરપાડા, અમલપાડા. પણ આપણે તો ગામ મોહિની જઈશું. રસ્તો બરાબર નથી. તે થઈ રહેશે. પણ સામી નજરે સાતપુડાનાં હેરિયાં જોવાની કેવી મજા આવશે, ચલો !

પણ આપણે તો તોફાની નદી કીમનો ઠસ્સો જોઈ અંકલેશ્વર જવું છે. ત્યાંથી રાજપીપળાના ડુંગરોમાં પહોંચવું છે. તેલનો વિસ્તાર ધરતી તળે અને ઉપર કાળા કાબરચીતરા માટીના ઢેફાળા, જ્વાળામુખીએ કરેલી અગનની ઊલટીઓની નિશાનીઓ ! સૈકાઓ પહેલાંની વાત. આ સામે દેખાય એ રાજપીપળાનો ડુંગર. કેવો આડો પડ્યો છે ! મજા તો ઉપર જઈશું ત્યારે આવશે.

આ દેખાય એ ભીલ રાજાઓની મહોલાત : એ જ ડુંગરા. જરા અટપટો રસ્તો છે. અને પ્રાચીન કાળના અનેક અવશેષો પણ છે. જાળવીને ચાલજો. આ બાંધ્યો દરવાજો તોતિંગ, ઘણો જૂનો. કોણે બાંધ્યો હશે ? કોણ જાણે ! પણ આ ડુંગર ઉપર જરૂર કોઈ સંસ્કૃતિ-સામ્રાજ્ય ઊગી આથમી ગયું હોય. હવે અહીં હવાખાવાનું નવું સ્થળ બનશે, એવી વાતો સંભળાય છે.

આપણે જરા ઊંચે ચડીએ. રસ્તો બરાબર નથી. સવારે પૂર્વમાંથી તેજનો ઝગારો ઉપર આવતો દેખાશે. હવે તો દૂરની જેમ સમીપથી પણ ડુંગર રળિયામણો લાગે છે. માંડવગઢની રાણી રૂપમતીની જેમ આપણે પણ રેવાજીનાં દર્શન કરવા ગિરિ-અટારી ચડ્યા. વિંધ્યવન ખૂંદી સાતપુડાની હારમાળાને અળગી રાખી નર્મદામૈયા ગુજરાતે પધારતાં કેવાં જાજ્વલ્યમાન બને છે ? કદીક ધોધે, કદીક વિશાળ પટે, કદીક હરિણ-ફાળે ગૌરવભર્યાં આ મા નર્મદા. સાડીનવસો કિલોમીટરનો કાંઠો, અમરકંટકથી અહીં સુધી મા ! તમે અમારે માટે શું-શું નથી લાવ્યાં ! રમ્ય છો, ભવ્ય છો, સોહામણાં છો, આહ્‌લાદક છો, સંતોનાં શિરછત્ર છો, સામવેદના ઉચ્ચારાતા શ્લોકોથી અલંકારાયેલાં છો, મહાસતી અનસૂયાનાં પરમ સખીજન છો, પ્રાતઃસ્મરણીય છો, એટલે જ રાતવાસો અહીં કરીશું. હવાખાવાનું સ્થળ કરનારા કરશે ત્યારે અને આવનારા હવા ખાશે ત્યારે ખાશે; હમણાં તો આપણે હવા ખાઈ લઈએ. આપણે પહાડ ઉપર જઈએ છીએ, પણ પણે નીચે તો તેલનાં ઝરણાં છે, અને હવે તો એને કાઢવાને ધરતીનાં મોં પણ બનાવાય છે. ગુપ્તગંગા, એમ આ ગુપ્ત તેલધારા. ફિલસૂફો કહે છે કે મન તૈલધારાવત્ રાખવું.

**('ભમીએ ગુજરાતે : ન વાટે ન રેલપાટે'માંથી)**

## ● શબ્દસમજૂતી

**ઘેરિયા** ઘેરૈયા; હોળી ખેલવા નીકળેલો ઘેરમાંનો માણસ **ગેણિયો** ઠીંગણો પણ વેગથી ચાલતો એક જાતનો બળદ **લોલવિલોલ** સૌંદર્યો **ત્રણ પ્રખ્યાત નન્ના** કવિ નર્મદ, વિવેચક નવલરામ અને નવલકથાકાર નંદશંકર મહેતા **આગ-રેલમાં ભાંગેલું** સને 1837ના એપ્રિલમાં મોટી આગથી અને સને 1838માં મોટી રેલથી ખુવાર થયેલું **લૂંટે લૂંટાયેલું** સને 1664માં શિવાજી દ્વારા લૂંટાયેલું **થર્માપોલી** ગ્રીકવાસીઓ પર ઈરાનીઓએ આક્રમણ કરેલું, ત્યારે લોકશાહીના રક્ષણ માટે ગ્રીકો વતી લિયોનિડાસે ગરમ પાણીના ઝરાવાળા આ સાંકડા મશહૂર મેદાનમાં ઉગ્ર લડત આપી હતી. **ફરાંસિયા** ફ્રાન્સના વતની, *ફ્રેન્ચ વલંદા* હોલૅન્ડના વતની, ડચ **ખૂંટો બેસાડ્યો** પાયો નાખ્યો, થાણું નાખ્યું, કોઠી નાખી **વેડ, ડભોલી અને સીંગણપોર** એ નામનાં ત્રણ ગામો **ઢેફાળા** ઢેખાળા અને ઢેફા બેના મિશ્રણથી બનેલો શબ્દ **હેરિયું** બાકામાંથી છિદ્રમાંથી પડતું સૂર્યનું કિરણ **તૈલધારાવત્** તેલની ધાર પાણી પર પડે તોય તે અલગ રહે છે તેમ

## ● રૂઢિપ્રયોગો

ખૂંટો બેસાડવો - પાયો નાખવો

## ● ભાષાસજ્જતા

● **નીચેનાં વાક્યો વાંચો :**

1. હું 'ખોટો નથી' એ **કેમ** સિદ્ધ કરું ?
2. તેણે **શી** વાત કરી ?
3. મારે **શું** કામ કરવાનું છે ?

ઉપરનાં વાક્યોમાં **'કેમ', 'શી'** અને **'શું'** જેવા શબ્દો દ્વારા પ્રશ્ન પૂછીને કશીક વિશેષતા પ્રગટ થાય છે. આવાં વિશેષણોને **પ્રશ્નવાચક વિશેષણ** કહેવાય. આવાં બીજાં વાક્યો શોધીને તમારી નોંધપોથીમાં લખો.

આપણે અગાઉ કયાં-કયાં વિશેષણો શીખ્યાં ? નોંધ કરો.

## ● અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમઅક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) સુરત શહેર કઈ નદીના કિનારે આવેલું છે ? ☐

(ક) મહી (ખ) વિશ્વામિત્રી (ગ) નર્મદા (ઘ) તાપી

(2) લાકડીના પુલ આગળ જહાજમાં બેસી મક્કે હજ કરવા કોણ ગયું હતું ?

(ક) ઔરંગઝેબ (ખ) અકબર

(ગ) શાહજહાં (ઘ) જહાંગીર

(3) ભારતમાં થર્મોપોલી તરીકે કયું સ્થળ જાણીતું છે ?

(ક) કતારગામ (ખ) બારડોલી

(ગ) હરિપુરા (ઘ) વરાછા

(4) ભીલ રાજાઓની મહોલાત જોવા ક્યાં જવું પડે ?

(ક) રાજપીપળા

(ખ) સુરત

(ગ) નર્મદાનાં જંગલોમાં

(ઘ) સાતપુડાના ડુંગરોમાં

## 2. નીચેના પ્રશ્નોના ઉત્તરો આપો :

(1) પાઠના પ્રારંભે આપેલા નકશામાં ક્યાં-ક્યાં શહેરોનાં નામ છે ?

(2) તાપી નદીને કોની પુત્રી કહી છે ?

(3) અંગ્રેજોએ ખૂટો બેસાડ્યો એટલે શું ?

(4) અકબરે ક્યાં પડાવ નાખ્યો હતો ?

(5) સુરત શહેરમાં કઈ-કઈ પરદેશી જાતિઓ આવેલી ?

## ● સ્વાધ્યાય

R4C6N4

## 1. નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો :

(1) આ પાઠમાં આવતી કાવ્યપંક્તિઓ લખો.

(2) અહીં લેખકે 'મહાભારત' સાથે સંકળાયેલા કયા સંદર્ભોનો ઉલ્લેખ કર્યો છે ?

(3) આ પાઠમાં લેખકે નર્મદા નદી માટે કયાં વિશેષણો વાપર્યાં છે ? તે શું-શું સૂચવે છે ?

(4) આ પાઠમાંથી ઉદ્‌ગારવાચક પાંચ વાક્યો શોધીને લખો.

(5) આ પાઠમાં આવતી બે કહેવતો લખો.

**2. બંધબેસતાં જોડકાં જોડો :**

| | ક | ખ |
|---|---|---|
| (1) | સૂર્યની પુત્રી | 1. બારડોલી |
| (2) | ખારવા - ખલાસી માટે જગમશહૂર | 2. માંડવગઢ |
| (3) | ભારતનું થર્મોપોલી | 3. તાપી |
| (4) | ભૂતિયા ટેકરા માટે જાણીતું | 4. ભીમપોર |
| (5) | રાણી રૂપમતી જ્યાંથી ગિરિઅટારી પર ચડી રેવાનાં દર્શન કરતી | 5. ડભોલી<br>6. નર્મદામૈયા |

**3. નીચેનાં વાક્યોમાંથી પ્રશ્નવાચક વિશેષણો શોધીને લખો :**

(1) નર્મદામૈયા ગુજરાતે પધારતાં કેવી જાજ્વલ્યમાન બને છે ?

(2) તમે અમારા માટે કેવી જલેબી લાવ્યા છો ?

(3) સોનગઢનાં જંગલોમાં કયાં-કયાં વૃક્ષો છે ?

(4) કુરુક્ષેત્રના મેદાનને શું માનવું ?

**4. તમારી શાળામાંથી પાવાગઢના પ્રવાસનું આયોજન થયું છે. આ પ્રવાસમાં જવા માટે તમારા પિતાની મંજૂરી લેવા માટે તેમને પત્ર લખો.**

**5. તમારી શાળામાંથી શૈક્ષણિક પ્રવાસ યોજાયો હશે. આ વિષયને લઈ 'અખબારનોંધ' તૈયાર કરો.**

## • પ્રવૃત્તિ

(1) પ્રવાસ દરમિયાન અકસ્માત થાય, તો તમે શું કરશો ? આવા સમયે અદ્યતન સંદેશાવ્યવહારનાં સાધનોનો કેવી રીતે ઉપયોગ કરશો ? તેની ચર્ચા તમારા મિત્રો સમક્ષ કરો.

(2) તમારી શાળાના ભીંતપત્રમાં મૂકવા માટે તમે કરેલા પ્રવાસનો અહેવાલ તૈયાર કરો.

(3) તમારી શાળાના આગામી પ્રવાસનું આયોજન કરો. સ્થળોની યાદી કરો. આ પ્રવાસનો સૂચિત નકશો તૈયાર કરો.

•

# 14. આવ, ભાણા આવ !

N6R9S1



**શાહબુદીન રાઠોડ**
**જન્મ : 9-12-1937**

શાહબુદ્દીન રાઠોડ સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢના વતની છે. તેઓ હાઈસ્કૂલના આચાર્યપદેથી નિવૃત્ત થયા છે. પોતાની આગવી કથનશૈલી અને માર્મિક વાણી સાથે લોકસમૂહને સ્વસ્થ મનોરંજન પૂરું પાડે છે. 'સજ્જન મિત્રોના સંગાથે' અને 'શો મસ્ટ ગો ઑન' એમનાં પુસ્તકો છે.

'આવ, ભાણા, આવ !'માં લેખકે સામાન્ય વિષયને રમૂજભરી શૈલી વડે સાવ નવું જ રૂપ આપ્યું છે. વિસરાતી જતી સમાજવ્યવસ્થા અને માનવીય સંબંધોનું અહીં સ્વચ્છ-મધુર આલેખન થયું છે. સંવાદોમાં આવતી બોલચાલની ભાષા પ્રત્યે ધ્યાન આપવા જેવું છે. પ્રસ્તુત હાસ્યકથા એમના 'સજ્જન મિત્રોના સંગાથે' સંગ્રહમાંથી પસંદ કરવામાં આવી છે.

મારા નાના પુત્ર અફઝલે મને કહ્યું, ''પપ્પા, મારે બૂટ લેવા છે.''

મેં કહ્યું, ''બૂટની કિંમત શી છે ?''

અફઝલ કહે, ''બસો ચાલીસ રૂપિયા અને વીસ રૂપિયા મોજાંના.''

મેં તેને બસો સિત્તેર રૂપિયા આપ્યા અને કહ્યું, ''લઈ લેજે બૂટ-મોજાં અને વધે તે રાખજે.''


એક કલાકમાં એ બૂટ-મોજાં લઈ પાછો આવ્યો. એના ચહેરા પર આનંદ હતો અને આંખોમાં ઉલ્લાસ. તરત બૂટ-મોજાં પહેરીને એ સ્કૂલે જવા રવાના થયો... એ સ્કૂલે ગયો અને હું મારા શૈશવનાં સ્મરણોમાં સરી પડ્યો. અફઝલ જેવડી મારી બાર વર્ષની ઉંમર. તે સમયની અમારા ગામની એ નાનકડી મોચીબજાર - પાંચ-છ દુકાનો- તેમાં કામ કરતા જેઠામામા, દુદામામા, ભગતમામા - બધા મોચીને અમે મામા કહેતા. એ બજારમાં મેં બૂટ માટે જે ધક્કા ખાધા છે, જીવનમાં જે યાતના સહી છે, જે દુઃખો વેઠ્યાં છે તેનાં, સ્મૃતિમાં સંઘરાઈને પડેલાં ચિત્રો એક પછી એક મારા માનસપટ પરથી પસાર થવા લાગ્યાં.

સૌપ્રથમ તો બૂટ માટે મારે વડીલો પાસે વિધિસર માગણી રજૂ કરવી પડતી. પ્રથમ ભાઈ-છોટુભાઈ, પછી અમીનાબહેન, પછી બા સમક્ષ રજૂઆત કરતો, પછી બાપુજીને જણાવતો. પરિવાર સામે અસ્તિત્વ ટકાવી રાખવાના મહાન પડકાર સામે મારી સમસ્યા સૌને સાવ ક્ષુલ્લક લાગતી; એટલે કોઈ લક્ષ આપતું નહિ. સાતમ-આઠમનો મેળો, તરણેતરનો મેળો, ગણેશ-ઉત્સવ, નવરાત્રિ, લગ્નગાળો, શાળાના પ્રવાસો વગેરે બૂટ પહેરવાના પ્રસંગો ગણી શકાય. દિવાળી, બેસતું વરસ વગેરે પર્વોમાં બૂટ પહેરીને મહાલવાની તીવ્ર ઇચ્છા થતી; અને મારી માગણી અવારનવાર નામંજૂર થવા છતાં હું નેપોલિયનની જેમ હિંમત હાર્યા વગર મારા પ્રયાસો ચાલુ રાખતો.

આખરે મારા બૂટ ખરીદવાનો પ્રશ્ન સમગ્ર પરિવાર માટે જટિલ સમસ્યા બની જાય તેટલી હદે મારા પ્રયાસો પહોંચતા ત્યારે પરિવારના બધા સભ્યોની મિટિંગ મળતી. બૂટ કરતાં કઈ-કઈ બાબતો વધુ મહત્ત્વની છે, તેની વીગતે ચર્ચા થતી.

મને બૂટ અપાવવા જોઈએ, તેનો સૈદ્ધાંતિક સ્વીકાર થતો; પરંતુ સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કર્યા પછી સરવાળે સર્વાનુમતે નક્કી થતું કે, જૂના બૂટને રિપૅર કરાવી, ફાટ્યા હોય ત્યાં થીગડાં મરાવી, નવી સગથળી નંખાવી, પાલીસ કરાવી, જોનાર ઓળખી ન શકે તેવા નવા જેવા બનાવી દેવા. મને આ નિર્ણય સંભળાવવામાં આવતો. કોઈ કેસમાં સાવ નિર્દોષ છૂટવાની આશા હોય, તેને બદલે પાંચ વર્ષની કેદની સજા થાય ને આરોપી ઢીલોઢફ થઈ જાય એમ કુટુંબીજનોનો નિર્ણય સાંભળી હુંયે ઢીલોઢફ થઈ જતો.

આખરે 'મારે કર્મે લખ્યું કથીર' એમ વિચારીને જૂના જોડા રિપૅર કરાવી લેતો. પછી તો રિપૅર કરાવી-કરાવીને આડાંઅવળાં થીગડાં માર્યા પછી જોડાનો મૂળ આકાર જતો રહ્યો હોય. અંતે બાપુજીની પરવાનગીથી મેં એ જોડા સોમાને આપ્યા. તેણે પણ પ્રથમ હાથમાં લઈ, પરીક્ષણ કરી, અમને પગે લાગી, વિનયપૂર્વક પાછા મૂકી દીધા. ત્યારે મારી નવા બૂટ માટેની માગણી પર મંજૂરીની મહોર મારવામાં આવી. ''દુદામામાને ત્યાં જઈ પરમાણું નાખી આવજે'' એવો હુકમ કરવામાં આવ્યો અને મારી ખુશીનો પાર ન રહ્યો.



ઉમંગમાં ને ઉમંગમાં હું દોડીને દુદામામાની દુકાને પહોંચ્યો અને કહ્યું : ''દુદામામા, મારા બૂટ સીવવાના છે. મારા બાપુજીએ કીધું છે. મારે લાલ બૂટ સિવડાવવા છે.'' એકીશ્વાસે હું ઘણું બોલી ગયો. દુદામામાએ મને

‘‘આવ, ભાણા આવ !’’ કહી, ચામડાં આઘાંપાછાં કરી બેસવાની જગ્યા કરી આપી. પછી પિતાના, માતાના, ભાઈના-બધાના સમાચાર પૂછ્યા. મેં કહ્યું : ‘‘પણ પહેલાં પરમાણું લઈ લ્યોને !’’ દુદામામાએ જેમ ડૉક્ટર ટાઈફૉઈડના દર્દીની ઝીણી-ઝીણી વિગતો કાળજીપૂર્વક જાણી લે, તેવી રીતે બૂટ અંગેની વીગતો મને પૂછીપૂછીને ધ્યાનમાં રાખી. લાલ કે કાળા, વાધરીવાળા કે વાધરી વગરના, અણીવાળા કે ગોળ - બધું વ્યવસ્થિત પૂછીને એમણે રેલવેનો એક તરફ લખાયેલો અને પાછળ કોરો એવો ચોપડો કાઢીને મને કહ્યું : ‘‘લે મૂક, ભાણા, પગ.’’મેં પગ મૂકેલો અને જાડી પેન્સિલથી દુદામામાએ લીટી દોરીને પરમાણું લીધેલું. બૂટના પ્રૉજેક્ટનો પ્રાથમિક તબક્કો આ રીતે પૂરો થતો.

હું પૂછતો : ‘‘ હું બૂટ ક્યારે લઈ જાઉં ?’’

તે કહેતા : ‘‘જોને, ભાણા, આજે જાણે શનિવાર થયો. રવિ, સોમ, મંગળ અને જો બુધવાર પણ જાવા દે. એમ કર, ગુરુવારે લઈ જજે. વાર પણ સારો ગણાય.’’

એ પાંચ દિવસ પસાર કરવા મારે માટે અસહ્ય થઈ પડતા. વળી, ગુરુવારની કલ્પના કરતાં આનંદ થતો. શનિથી બુધ સુધીના દિવસો પસાર થશે, ગુરુવાર આવશે - હું બૂટ લઈ આવીશ; નવાનકોર, લાલ, વાધરીવાળા. પહેરીને નિશાળે જઈશ. છોકરા-છોકરીઓ જોઈ રહેશે.

પાંચ દિવસ પસાર કરી ગુરુવારે હું ઉત્સાહમાં દુદામામાની દુકાને પહોંચતો અને કહેતો : ‘‘મારા બૂટ ? લાવો, મારા બૂટ જલદી આપી દ્યો.’’

પરંતુ મારી આવી ઉત્કંઠાની દુદામામા માથે કાંઈ અસર થતી નહિ. કાયમની ટેવ પ્રમાણે તેઓ કહેતા : ‘‘આવ, ભાણા, આવ ! છોટુમિયાં ક્યાં છે ?’’

હું કહેતો : ‘‘દ્વારકા પાસે બરડિયા સ્ટેશન છે, ત્યાં સ્ટેશનમાસ્તર છે.’’

‘‘હા. તો બરાબર.’’ દુદામામાની લાંબી વાત શરૂ થતી : ‘‘અરે, ભાણા, હું તને કહેતાં ભૂલી ગયો. અમે ઘરનાં બધાં હમણાં જાત્રાએ ગયાં’તાં. એમાં દ્વારકા આવતાંકને છોટુભાઈ ભેગો થઈ ગયો. અમને જોઈને શું ખુશ થયો છે ! મને કહે : ‘‘મામા, તમે આંઈ ક્યાંથી ?’’ મેં કહ્યું : ‘‘ઘરનાં સૌ જાત્રાએ નીકળ્યાં છીએ. હજી આ ગાડીમાંથી ઊતર્યાં જ છીએ.’’ અમે સાથે ગરમ ચા પીધી. પછી મંદિરે દ્વારકાધીશનાં દર્શન કરાવ્યાં. આખું દ્વારકા ફેરવ્યાં અને છેલ્લે સ્ટેશને આવી ગાડીમાં સારી જગ્યા ગોતી બેસાડી દીધાં તે અમે સીધાં આવતાં’ર્યાં. કાંઈ તકલીફ નો પડી. મોટો ઈ મોટો !’’

દુદામામા એ લાંબી વાત એવી રસપૂર્વક કરતા કે મને બૂટ ભુલવાડી દેતા. પણ હું કહેતો : ‘‘પણ મારા બૂટનું શું ? બૂટ ઝટ આપો ને !’’

‘‘અરે ભાણા, ઈ જ તો તને કહું છું. આ જાત્રામાં થોડા દિવસ કામ નથી થયું એમાં રહી ગયા છે. કામ તો, ભાણા, આખી જિંદગી કરવું જ છે ને ? પણ જો, શુક્ર, શનિ, રવિ - એમ કર, સોમવારે લઈ જજે, બસ ?’’

હું રોવા જેવો થઈ જતો. ‘‘તમે ખોટેખોટા ધક્કા ખવરાવો છો. બૂટ સીવી દેતા નથી !’’ આવો બબડાટ કરી ભગ્નહૃદયે દરવાજો વટી જતો. ફરી મારી જાતને ઉત્સાહમાં લાવવા પ્રયાસ કરતો : ‘‘આટલા દિવસ ગયા તો ત્રણ દિવસ વધુ, એમાં શું ?’’

સોમવારે પાછો હું દુદામામાની દુકાને જતો. એ જ શાંતિ, એ જ સ્વસ્થતાથી દુદામામા કહેતા : ‘‘આવ, ભાણા આવ !’’ દોરાને મીણ ચડાવતાં-ચડાવતાં એ મને આવકાર આપતા.

હું કહેતો : ‘‘બૂટ આપી દ્યો. તમે સોમવારે લઈ જવાનું કહ્યું’તું. આજે સોમવાર છે.’’

દુદામામા કહેતા : ‘‘અરે ભાણા, બેસ તો ખરો ! હં... આ તારાથી મોટો શું કરે છે ?’’

હું કહેતો : ‘‘અત્યારે પરશુરામ પોટરીમાં નોકરી કરે છે.’’

બસ. આટલું સાંભળતાં દુદામામાની વાત શરૂ થઈ જતી : ‘‘અરે ભાણા, કરીમભાઈ તે કાંઈ ભજન ગાય છે ! બધાં જૂનાં ભજન-ગંગાસતી અને પાનબાઈનાં, રવિસાહેબ અને ખીમસાહેબનાં ! મોટો ભજન ગાય છે એ મને ખબર નહિ. મેં તો હમણાં સંતની જગ્યામાં સાંભળ્યાં !’’

હું અધીરો થઈ દુદામામાને વચ્ચે અટકાવી કહેતો : ‘‘અરે, પણ મારા બૂટ આપી દ્યોને !’’

‘‘હવે ભાણા, તારુંય રિયું ને મારુંય રિયું. એમ કર; શુક્રવાર પાકો; જા. હવે વેણ ફરે તો કે’જે; બસ ?’’

આમ, મને ફરી વાયદો આપવામાં આવતો. હું આક્રોશ ઠાલવતો : ‘‘જો-જો, શુક્રવારે હું બૂટ લીધા વગર જાવાનો નથી. ન સીવવા હોય તો ના પાડી દ્યો, પણ ધક્કા ખવરાવી-ખવરાવી તોડી નાખોમા !’’

દુદામામા કહેતા : ‘‘તું નારાજ થા મા, ભાણા ! હવે શુક્રવારનો શનિવાર નો થાય, બસ !’’

આમ બધું પાકે પાયે કરી હું દરવાજા સુધી પહોંચતો ત્યાં, ‘‘એ ભાણા !’’ એમ હાક મારી દુદામામા મને પાછો બોલાવતા. ગંભીર થઈ મને કહેતા : ‘‘જો ભાણા, ઉઘાડા પગે આવજે અને બૂટ પહેરીને જજે.’’ આટલી સૂચના મળતાં હું એટલો લહેરમાં આવી જતો કે ઉમંગમાં ને ઉમંગમાં કુંવરજી વાઘજીની દુકાન વટી ગયા પછી મને યાદ આવતું કે, ‘‘છ મહિનાથી હું ઉઘાડે પગે તો છું જ !’’

શુક્રવારે દુદામામા હવે શું બહાનું કાઢે છે, તેનો પ્રથમ વિચાર કરીને, માનસિક રીતે તૈયાર થઈને, હું એમની દુકાને પહોંચતો. એ કાંઈ કહે તે પહેલાં હું કહી દેતો : ‘‘લાવો બૂટ.’’

દુદામામા કહેતા : ‘‘ભાણા, કાળા કરવા છે કે લાલ ?’’

હું ક્રોધમાં ધ્રૂજવા માંડતો. ‘‘અરે, તમને દસ વાર કીધું છે કે લાલ કરવાના છે ! પહેલે દિવસે જ નક્કી થયું છે ને અત્યારે પૂછો છો - લાલ કરવા છે કે કાળા ?’’

દુદામામા કહેતા : ‘‘હું તો લાલ કરતો’તો પણ પછી થયું કે ફૅશન કાળાની છે, એટલે થયું ભાણાને પૂછીને પછી આગળ વધવું.’’

‘‘અરે લાલ... લાલ... લાલ... હવે કાંઈ ?’’ હું કહીને ધૂંઆપૂંઆ થતો ભાગતો અને ‘‘ભાણા, સોમવારે લઈ જજે.’’ એવી સૂચના સાંભળતાં ઘેર આવતો.

વળી સોમવારે પહોંચીને કહેતો : ''લાવો બૂટ.''

દુદામામા સામે દીવાલ પર ઓઠામાં ગોઠવી રાખેલ જોડ બતાવી કહેતા : ''જો રહ્યા !''

હું જોઈ રહેતો... લાલ, ચમકતા, અણીવાળા, વાધરીવાળા... હું ઓઠા સાથે બૂટ લઈ જવા અધીરો થઈ આગળ વધતો, ત્યાં દુદામામા કહેતા : ''ભાણા, બે દિવસ ઓઠામાં રાખવા પડશે, નહિતર શું થશે કે તને ડંખ પડશે; સમજ્યો ?'' મને એમની વાત વાજબી લાગતી. હું કહેતો : ''ભલે, રાખો ઓઠામાં, બસ ! બે દિવસ પછી આવીને લઈ જઈશ.''

બે દિવસ પછી ગયો તો બૂટ પણ નહિ અને ઓઠું પણ નહિ ! મેં કહ્યું : ''ક્યાં છે મારા બૂટ ?''

''અરે, ભાણા !'' કહી દુદામામા શરૂ કરતા : ''વાત જાણે એમ થઈ કે સીતાપુરથી મગનભાઈનો સુરેશ આવ્યો'તો; ઈ આ બૂટ જોઈ ગયો, ને હઠ લીધી, મારે તો બસ, આ જ બૂટ જોઈએ.'' તે શેઠે ફૂલજીભાઈને મોકલ્યા. સુરેશ હારે આવ્યો અને બૂટ લઈ ગયો. મને થયું : ભાણાને આથી સારા બનાવી દઈશ. હવે જો, એમ કર, પરમ દિવસે મંગળવારે લઈ જજે. બે દિવસ આમ કે આમ....''

વળી મંગળવારે હાજર થયો, ત્યારે દુદામામાએ એ જ સ્વસ્થતાથી, એ જ શાંતિથી, મેડામાંથી ચોપડો ઉતારી, ખોલી, મારી સામે મૂકતાં કહ્યું : ''મૂક, ભાણા, પગ.''

હું અવાચક થઈ ગયેલો. આંખે અંધારા આવી ગયેલાં. મારો અવાજ ફાટી ગયેલો : ''શા માટે ?'' આટલું જ બોલી શકેલો.

''આગલું પરમાણું હાથવગું નથી રિયું. મૂળ વાત આમ હતી. હું તને કહી નો'તો શકતો. મને એમ કે ભાણો ખિજાશે.''

આ રીતનાં બહાનાં અને મારા અવિરત ધક્કાને અંતે આઠ મહિને મને બૂટ મળતા. મારી આકરી તપશ્ચર્યાનો અંત આવતો. દુદામામા સાચે જ મને બૂટ આપતા. વડીલોની બારોબાર મળેલી સૂચના મુજબ બૂટ એક આંગળ મોટા સિવાતા, જેથી બે વર્ષ  વધુ ચાલે. પણ મને તો બૂટ મળ્યાનો અનહદ આનંદ થતો. એ પહેરીને હું નીકળતો, ત્યારે મને બજાર સાંકડી લાગતી. જોકે મેળા, લગ્નગાળો, પરીક્ષા, દિવાળી એવા બૂટ પહેરવાના પ્રસંગો તો એમ ને એમ વીતી જતા. પણ છેવટે બૂટ મળ્યાના આનંદમાં અગાઉનો વિષાદ નાશ પામતો.

જ્યારે જ્યારે નવા બૂટની મારી માગણી મંજૂર થતી ત્યારે-ત્યારે અહીં વર્ણવેલાં બધાં દૃશ્યો ફરી-ફરી અચૂક ભજવાતાં. વારનાં નામમાં ફેર પડે, પણ વાયદાની રીતમાં ફેર ન પડે. આજે ધક્કા ખાધાનું દુઃખ ભુલાઈ ગયું છે, બૂટ મળ્યા વખતનો આનંદ યાદ રહ્યો છે. દુદામામાનો સ્નેહનીતરતો અવાજ હજુય કાનમાં પડઘાયા કરે છે : ''એમ કર ભાણા, સોમ, મંગળ અને જો બુધવાર પણ જાવા દે. એમ કર, ગુરુવારે લઈ જજે. વાર પણ સારો ગણાય.'' આજે નવા બૂટ લેવાના થાય છે, ત્યારે આ સ્નેહભીનો અવાજ અચૂક યાદ આવે છે. સાચું કહું છું, આજે મોંઘા બૂટ પહેરતાંય એટલો આનંદ નથી થતો, જેટલો આનંદ દુદામામાએ અનેક વાયદા પછી સીવી આપેલા બૂટ પહેરીને થતો !

**('સજ્જન મિત્રોના સંગાથે'માંથી)**

## ● શબ્દસમજૂતી

**શૈશવ** બાળપણ **યાતના** જેમાં રિબાવાનું થાય તેવું દુઃખ, પીડા, કષ્ટ **માનસપટ** મનનો પડદો, ચિત્ત ઉપર જટિલ જલદી ન ઉકેલી શકાય તેવી, મુશ્કેલ **સમસ્યા** કોયડો, પ્રશ્ન **અસ્તિત્વ** હયાતી, હસ્તી **મહાલવાની** મોજ કરવાની **તીવ્ર** ખૂબ જ, અતિશય **નેપોલિયન** વિશ્વવિજેતા બનવાની મહત્ત્વાકાંક્ષા ધરાવતો ફ્રાન્સનો એક શાસક **સગથળી** બૂટની અંદર નાખવામાં આવતું નરમ-છૂટું પડ; સુખતળી, સખતળી **પરમાણું** માપ (અહીં) બૂટનું માપ **પ્રૉજેક્ટ** યોજના (અહીં) બૂટ ખરીદવાની યોજના **અસહ્ય** સહન ન થાય તેવું **ઉત્કંઠા** આતુરતા **આવતાં'ર્યાં** આવતાં રહ્યાં. **ભગ્નહૃદયે** ભાંગેલ હૈયે, નિરાશ મનથી **વેણ** વચન **આક્રોશ** ગુસ્સો **ધૂંઆપૂંઆ** આવેશ કે ગુસ્સાથી બાવરું બનેલું, ધૂંવાપૂંવાં **ઓઠું** બૂટ તૈયાર કરવાનું તેના માપનું અને તેના આકારનું લાકડાનું સાધન, બીબું (અહીં)બૂટનું બીબું **અવાચક** મૂંગા થઈ જવું તે, ચૂપ થઈ જવું તે **અવિરત** સતત, વિરામ લીધા વિના **તપશ્ચર્યા** તપસ્યા, તપ **અનહદ** હદ વગરનું, પાર વિનાનું, ખૂબ **વિષાદ** ખેદ, નિરાશા, શોક **વાયદા** મુદત (અહીં) કામ પૂરું કરવા અંગે મુદત આપ્યા કરવી તે **વાધરી** ચામડાની સાંકડી પટ્ટી કે દોરી **ક્ષુલ્લક** થોડું, અલ્પ, તુચ્છ

## ● રૂઢિપ્રયોગ

**પાકે પાયે કરી** નક્કી કરી, પાકું કરી.

## ● ભાષાસજ્જતા

● **નીચેનાં વાક્યો વાંચો :**

1. જનક **આ** દિશામાં ગયો.
2. **પેલા** ઝાડ નીચે ઊભેલા માણસને બોલાવો.
3. **તે** પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો.

ઉપરનાં વાક્યોમાં **'આ'**, **'પેલા'** અને **'તે'** શબ્દો ચોક્કસ વ્યક્તિ કે વસ્તુને સૂચવવા એટલે કે દર્શાવવા વપરાયા છે, તેથી અહીં **દર્શક સર્વનામ** બને છે.

આવાં બીજાં વાક્યો પાઠમાંથી શોધો.

## ● અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમઅક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) લેખક અને બીજા સૌ મોચીને મામા કહેતા. કારણ કે... ☐

(ક) એ સામાન્ય હતું. (ખ) લેખકની બા તે ગામનાં જ હતાં.

(ગ) લેખક મોસાળમાં રહેતા હતા. (ઘ) મોચી ખરેખર લેખકના મામા હતા.

(2) આવ, ભાણા આવ ! પાઠમાં .......... ☐

(ક) બૂટ બનાવવાની માથાકૂટ છે. (ખ) દુદામામા ધક્કા ખવડાવે તેની વાત છે.

(ગ) બૂટ ખોવાઈ જવાની વાત છે. (ઘ) બુટ ખરીદવાના વિષયને લઈ હાસ્યની વાત છે.

(3) પરિવારમાં લેખકના બૂટ માટે સર્વાનુમતે નક્કી થતું કે .......... ☐

(ક) બૂટ નવા જ બનાવવા. (ખ) દુદામાને ત્યાં જ માપ આપવું.

(ગ) બૂટ રીપેર કરાવી દેવા. (ઘ) બૂટ ખરીદવા જ નહિ.

(4) આ પાઠમાં 'પરમાણું' એટલે .......... ☐

(ક) બૂટ (ખ) માપ

(ગ) પરિણામ (ઘ) બૂટની દોરી

**2. નીચેના પ્રશ્નોના ઉત્તરો આપો :**

(1) કયા પ્રસંગને લઈ લેખક શૈશવનાં સંસ્મરણોમાં સરી પડયા ?

(2) પરિવારના સભ્યોની મિટિંગ ક્યારે મળતી ? એમાં અંતે શું નિર્ણય થતો ?

(3) દુદામામાએ લેખકના બૂટ બનાવવા માટે કઈ-કઈ વિગતો મેળવી ?

(4) ભાણાને દુદામામા પર શા માટે ખીજ ચડતી ?

(5) 'મારા કર્મે લખ્યું કથીર' એમ લેખક શા માટે કહે છે ?

**3. નીચે આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(જટિલ, કથીર, માગણી)

(1) વડીલો પાસે વિધિસર ........ રજૂ કરવી પડતી.

(2) સમગ્ર પરિવાર માટે એ ........... સમસ્યા બની જતી.

(3) મારા કર્મે લખ્યું ...........

(4) લેખકની ખુશીનો પાર ક્યારે ન રહ્યો ?

(5) લેખકની આકરી તપશ્ચર્યાનો અંત ક્યારે આવ્યો ?

**4. નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્યો બોલો :**

(1) વિનયપૂર્વક (2) વિધિસર (3) નિર્ણય (4) વ્યવસ્થિત (5) પરમાણું

## ● સ્વાધ્યાય

Q7Z2C8

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) લેખકને બૂટ માટે ઘરમાં કોની-કોની પાસે રજૂઆત કરવી પડતી ?

(2) લેખકના મતે બૂટ પહેરવાના કયા-કયા પ્રસંગો ગણી શકાય ?

(3) લેખક ક્યારે ઢીલાઢફ થઈ જતા ?

(4) લેખકની ખુશીનો પાર ક્યારે ન રહ્યો ?

(5) લેખકની આકરી તપશ્ચર્યાનો અંત ક્યારે આવ્યો ?

**2. 'મારો યાદગાર પ્રસંગ' વિષય ઉપર દસેક વાક્યો લખો.**

**3. 'મારા કર્મે લખ્યું કથીર' પંક્તિ પાઠના આધારે સમજાવો.**

**4. સૂચવ્યા મુજબ કરો :**

- આ પાઠમાં આવતા અંગ્રેજી શબ્દોની યાદી કરો.
- આ યાદીમાં આપણે વ્યવહારમાં જે અંગ્રેજી શબ્દો બોલીએ છીએ, એ શબ્દો ઉમેરો.
- આ યાદીના અંગ્રેજી શબ્દોના ગુજરાતી અર્થ શોધો.
- આ અંગ્રેજી શબ્દોનો ઉપયોગ કરી વાક્યો બનાવો.
- આ બધાં વાક્યો એક પ્રસંગ સ્વરૂપે લખી વર્ગમાં રજૂ કરો.

**5. નીચે આપેલાં વાક્યોમાંથી દર્શક વિશેષણો શોધીને લખો :**

(1) એ બજારમાં મેં બૂટ માટે જે ધક્કા ખાધા છે.

(2) બાપુજીની પરવાનગીથી મેં એ જોડા સોમાને આપ્યા.

(3) હજી આ ગાડીમાંથી ઊતર્યાં જ છીએ.

(4) મોટો ઈ મોટો !

(5) અરે ભાણા, ઈ જ તો તને કહું છું.

**6. આ પાઠમાંથી 'મ' મૂળાક્ષરથી શરૂ થતા સાત શબ્દો શોધો. આ શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

**7. નીચેના શબ્દોની જોડણી સુધારો :**

(1) જટીલ (2) પરીસ્થિતી (3) રસપુર્વક (4) માનસીક (5) તપચર્યા (6) પેન્સીલ

- **પ્રવૃત્તિ**

(1) રમૂજી ટુચકાઓ વર્ગ સમક્ષ રજૂ કરો.

(2) દૂરદર્શન પર પ્રસારિત થતા હાસ્ય-કાર્યક્રમો જુઓ અને સાંભળો.

(3) તમને ગમતું હાસ્યરસનું પુસ્તક પુસ્તકાલયમાંથી મેળવીને વાંચો અને તેમાંથી કોઈ પણ એક પ્રસંગ પ્રાર્થનાસભામાં રજૂ કરો.

(4) આ વાર્તા નાટકરૂપે વર્ગમાં ભજવો.

•

K7L2L2

# 15. ગ્રામમાતા



**કલાપી**

**જન્મ : 1874, મૃત્યુ : 1900**

કવિ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી'નો જન્મ અમરેલી જિલ્લાના લાઠી ગામમાં રાજવી પરિવારમાં થયો હતો. લાઠી રાજ્યના આ રાજવી અત્યંત ઋજુ અને સંવેદનશીલ વ્યક્તિ હતા. તેમનું મુખ્ય સર્જન કવિતા ક્ષેત્રે રહ્યું છે. 'કલાપીનો કેકારવ' તેમનો જાણીતો કાવ્યસંગ્રહ છે. પાઠ્યપુસ્તકોમાં તેમની કવિતાઓ વખતોવખત સ્થાન પામતી રહી છે. 'કાશ્મીરનો પ્રવાસ' તેમનું જાણીતું પુસ્તક છે. એ ઉપરાંત તેમણે પત્રો - નિબંધ - ડાયરી અને અનુવાદ વિષયક પુસ્તકો પણ આપ્યાં છે.

'ગ્રામમાતા' કલાપીનું સૌને સ્પર્શી ગયેલું આપણી ભાષાનું નોંધપાત્ર ખંડકાવ્ય છે. સરળ ભાષામાં લખાયેલા આ કાવ્યમાં રાજાનું હૃદય બદલાતાં-સંકુચિત થતાં-ધરાનો રસકસ પણ કેવો બદલાઈ જતો હોય છે, તેનું મનોરમ તથા હૃદયસ્પર્શી વર્ણન થયેલું છે. વિવિધ છંદો ઉપર કલાપીનો કેવો પ્રશસ્ય કાબૂ હતો, તે પણ આ કાવ્ય વાંચતાં સમજાય છે.

**શાર્દૂલવિક્રીડિત**

ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં,
ભૂરું છે નભ સ્વચ્છ-સ્વચ્છ, દીસતી એકે નથી વાદળી;
ઠંડો હિમભર્યો વહે અનિલ શો ઉત્સાહને પ્રેરતો,
જે ઉત્સાહ ભરી દીસે શુક ઊડી ગાતાં મીઠાં ગીતડાં ! 1

**માલિની**

મધુર સમય તેવે ખેતરે શેલડીના,
રમત કૃષિવલોનાં બાલ નાનાં કરે છે;
કમલવત્ ગણીને બાલના ગાલ રાતા,
રવિ નિજ કર તેની ઉપરે ફેરવે છે. 2

### અનુષ્ટુપ

વૃદ્ધ માતા અને તાત તાપે છે શગડી કરી,
અહો કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યું દીસે ! 3

### વસંતતિલકા

ત્યાં ધૂળ દૂર નજરે ઊડતી પડે છે,
ને અશ્વ ઉપર ચડી નર કોઈ આવે;
ટોળે વળી મુખ વિકાસી ઊભાં રહીને,
તે અશ્વને કુતૂહલે સહુ બાલ જોતાં. 4

### મંદાક્રાન્તા

ધીમે ઊઠી શિથિલ કરને નેત્રની પાસ રાખી,
વૃદ્ધા માતા નયન નબળાં ફેરવીને જુએ છે;
ને તેનો એ પ્રિય પતિ હજુ શાંત બેસી રહીને
જોતાં ગાતો શગડી પરનો દેવતા ફેરવે છે. 5

### અનુષ્ટુપ

ત્યાં તો આવી પહોંચ્યો એ અશ્વ સાથે યુવાન ત્યાં,
કૃષિક એ ઊઠી ત્યારે 'આવો બાપુ' કહી ઊભો. 6

### શાર્દૂલવિક્રીડિત

'લાગી છે મુજને તૃષા, જલ જરી દે તું મને' બોલીને,
અશ્વેથી ઊતરી યુવાન ઊભીને ચારે દિશાએ જુએ;
'મીઠો છે રસ ભાઈ ! શેલડી તણો' એવું દયાથી કહી,
માતા ચાલી યુવાનને લઈ ગઈ જ્યાં છે ઊભી શેલડી. 7

### વસંતતિલકા

પ્યાલું ઉપાડી ઊભી શેલડી પાસ માતા,
છૂરી વતી જરીક કાતળી એક કાપી;

ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા,
ને કૈં વિચાર કરતો નર તે ગયો પી. 8

**અનુષ્ટુપ**

'બીજું પ્યાલું ભરી દેને, હજુ છે મુજને તૃષા',
કહીને પાત્ર યુવાને માતાના કરમાં ધર્યું. 9



**મંદાક્રાન્તા**

કાપી-કાપી ફરી ફરી અરે કાતળી શેલડીની,
એકે બિન્દુ પણ રસ તણું કેમ હાવાં પડે ના ?
'શું કોપ્યો કે પ્રભુ મુજ પરે ?' આંખમાં આંસુ લાવી,
બોલી માતા વળી ફરી છૂરી ભોંકતી શેલડીમાં. 10

**અનુષ્ટુપ**

રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ;
'નહીં તો ના બને આવું,' બોલી માતા ફરી રડી. 11

### વસંતતિલકા

એવું યુવાન સુણતાં ચમકી ગયો ને,
માતા તણે પગ પડી ઊઠીને કહે છે :
'એ હું જ છું નૃપ, મને કર માફ બાઈ !
એ હું જ છું નૃપ, મને કર માફ ઈશ !' 12

### શાર્દૂલવિક્રીડિત

પીતો'તો રસ મિષ્ટ હું, પ્રભુ અરે ! ત્યારે જ ધાર્યું હતું,
આ લોકો સહુ દ્રવ્યમાન નકી છે એવી ધરા છે અહીં;
છે જોયે મુજ ભાગ કૈં નહિ સમો તે હું વધારું હવે,
શા માટે બહુ દ્રવ્ય આ ધનિકની પાસેથી લેવું નહીં ? 13

### ઉપેન્દ્રવજ્રા

રસે હવે દે ભરી પાત્ર બાઈ !
પ્રભુકૃપાએ નકી એ ભરાશે;
સુખી રહે બાઈ ! સુખી રહો સૌ,
તમારી તો આશિષ માત્ર માગું.' 14

### વસંતતિલકા

પ્યાલું ઉપાડી ઊભી શેલડી પાસ માતા,
છૂરી વતી જરી જ કાતળી એક કાપી;
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા,
બહોળો વહે રસ, અહો છલકાવી પ્યાલું ! 15

## • શબ્દસમજૂતી

**ગ્રામમાતા** ગામડાની સ્ત્રી **સુરખી** આછી લાલાશ **મૃદુ** કોમળ **હેમંત** એક ઋતુનું નામ; શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત-એ છ ઋતુઓમાંની એક ઋતુ; માગશર ને પોષ મહિનાની ઋતુ **અનિલ** પવન **શો** કેવો **ઉત્સાહ** હોંશ, **આનંદ ઉમંગ પ્રેરતો** ઉમંગ-ઉત્સાહ જગાવતો **કૃષીવલોનાં** ખેડૂતોનાં **કમલવત્** કમળ જેવા **નિજ** પોતાના **કર** હાથ (અહીં) કિરણ **કર્તાએ** કરનારે (અહીં) ભગવાને, જગત રચનારે **વિકાસી** પહોળાં કરીને **કુતૂહલે** આશ્ચર્યથી, કૌતુકથી **શિથિલ** ઢીલા (અહીં) વૃદ્ધાવસ્થાને કારણે અશક્ત **કૃષિક** ખેડૂત **તૃષા** તરસ **પાત્ર** વાસણ, પ્યાલો **બિન્દુ** ટીપું **હાવાં** હવે **રસહીન** રસ વગરની **દયાહીન** દયા વગરનો **નૃપ** રાજા **ઈશ** ઈશ્વર **મિષ્ટ** મીઠો **દ્રવ્યવાન** શ્રીમંત, ધનવાન **ધરા** ધરતી, જમીન **કાતળી** શેરડીના સાંઠાનો નાનો ટુકડો

## ● ભાષાસજ્જતા

● **નીચેનાં વાક્યો વાંચો :**

1. સવારનો સૂર્ય સુંદર લાગે છે.
2. કોમલને ઉદ્યાનમાં રહેવું ગમે છે.

ઉપરનાં વાક્યો કોઈ હકીકત કે વાસ્તવિકતાનો નિર્દેશ કરે છે તેથી તેમને નિર્દેશાર્થક વાક્યો કહે છે. આવાં પાંચ નિર્દેશાર્થક વાક્યો પાઠ્યપુસ્તકમાંથી શોધીને લખો.

## ● અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમઅક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) આ કાવ્યમાં 'ગ્રામમાતા' એટલે ............ ☐

(ક) ખેડૂતની પત્ની (ખ) ખેતી કરનાર સ્ત્રી
(ગ) ગરીબ સ્ત્રી (ઘ) યુવાન સ્ત્રી

(2) ઘોડેસવાર યુવાને ગ્રામમાતા પાસે શું માંગ્યું ? ☐

(ક) કર (ખ) શેરડી (ગ) શેરડીનો રસ (ઘ) પાણી

(3) આ કાવ્યમાં 'કર્તા' શબ્દ કયા અર્થમાં પ્રયોજાયો છે ? ☐

(ક) વ્યાકરણ (ખ) ભગવાન (ગ) કંઈક બનાવનાર (ઘ) શેરડી પકવનાર

(4) શેરડીનો રસ પીતાં-પીતાં રાજા શું વિચારે છે ? ☐

(ક) રસ કેટલો મીઠો છે ! (ખ) બીજો રસ માંગી પીવાનું વિચારે છે.
(ગ) શેરડીના પાક વિશે વિચારે છે. (ઘ) વૃદ્ધ સ્ત્રી વિશે વિચારે છે.

**2. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) બાળકો કુતૂહલપૂર્વક કોને જોઈ રહ્યા હતાં ?
(2) ઘોડેસવારે ખેડૂતને શું કહ્યું ?
(3) વૃદ્ધાએ ઘોડેસવારની તરસ છિપાવવા શું કર્યું ?
(4) વૃદ્ધા ફરી રડતાં-રડતાં શું બોલ્યાં ?
(5) વૃદ્ધાના પગે પડીને ઘોડેસવાર શું બોલ્યો ?

## ● સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો :**

(1) કાવ્યમાં આલેખાયેલું હેમંત ઋતુનું વર્ણન લખો.

U8Q2T1

(2) તમે ક્યારેય કોઈ ખેતર કે વાડીમાં ગયા છો ? એ ખેતરમાં વાવેલા પાકનું નામ શું હતું ? એ કઈ ઋતુનો પાક હતો ? આઠ-દસ લીટીમાં એ ખેતરની હરિયાળીનું વર્ણન કરો.

(3) શેરડીમાંથી એક ટીપું રસ ન નીકળતાં માતા શું વિચારે છે ?

**2. નીચેનો ભાવાર્થ રજૂ કરતી પંક્તિઓ કાવ્યમાંથી શોધીને લખો :**

(1) ઘરડી ખેડૂત સ્ત્રી ધીમેથી ઊઠે છે. હાથનાં નેજવાં કરીને કોઈ આવી રહ્યું છે તે તરફ જુએ છે. તેનો પતિ શગડી પાસે બેસીને શાંત દેવતા ફેરવી રહ્યો છે !

(2) હે બાઈ ! હવે તું આ પ્યાલો રસથી ભરી દે. પ્રભુકૃપાએ એ નક્કી ભરાશે. હે બાઈ ! તું અને તારું કુટુંબ સૌ સુખી રહો. તમારી માત્ર આશિષ માગું છું.

**3. નીચેના શબ્દો કાવ્યમાંથી શોધી એની નીચે પેન્સિલથી લીટી કરો. આ શબ્દોના અર્થ શબ્દકોશમાંથી શોધીને લખો :**

સુરખી, મૃદુ, શિથિલ, કુતૂહલ

**4. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો :**

| | | | |
|---|---|---|---|
| મધુર | - ________ | કૃષિક | - ________ |
| નેત્ર | - ________ | મુજને | - ________ |

**5. સૂચવ્યા મુજબ કરો :**

(1) ઉદાહરણ મુજબ શબ્દો બનાવો :

| | |
|---|---|
| રસ - રસહીન | દયા - |
| રંગ - | માનવતા - |
| દર્પ - | |

(2) આ બનેલા શબ્દોનો વાક્યપ્રયોગ કરો.

(3) તમે બનાવેલાં વાક્યોમાં સંજ્ઞાની નીચે લીટી દોરો.

(4) આ વાક્યોમાં એક-એક વિશેષણ ઉમેરો.

(5) બધાં વાક્યો એક ફકરા સ્વરૂપે લખવાનો પ્રયત્ન કરો.

**● પ્રવૃત્તિ**

(1) કવિ કલાપીનાં બીજાં કાવ્યો મેળવો. દા.ત., 'એક ઘા', 'રખોપિયાને' વગેરે.

(2) તમારા શાળાબાગનાં વૃક્ષોનો એક પ્રૉજેક્ટ તૈયાર કરો, જેમાં તમને પસંદ દસ વૃક્ષોનાં નામ, એ વૃક્ષોને ઊગવા માટે જરૂરી ખાતર, પાણી, એ વૃક્ષોના ઉપયોગો, એનું આયુષ્ય વગેરે વીગતો આવરી લેવી.

# પુનરાવર્તન - 3

**1. કૃતિ અને કર્તાનાં બંધબેસતાં જોડકાં જોડો :**

| | કૃતિ | કર્તા |
|---|---|---|
| 1. | ભમીએ ગુજરાતે : દક્ષિણ ભણી | 1. ડૉ. ચંદ્રકાન્ત મહેતા |
| 2. | અખબારી નોંધ | 2. બોટાદકર |
| 3. | ગ્રામમાતા | 3. ભાણભાઈ ગીડા |
| 4. | હાઈસ્કૂલમાં | 4. ચંદ્રવદન ચી. મહેતા |
| 5. | જનની | 5. કલાપી |
| | | 6. ગાંધીજી |

**2. નીચેનાં વિધાનો 'હાઈસ્કૂલમાં' પાઠના આધારે યોગ્ય ઘટનાક્રમમાં ગોઠવીને લખો :**

(1) હું શરમાયો, શિક્ષકના પ્રેમની અવગણના ન કરી શક્યો.

(2) મારનું દુઃખ નહોતું, પણ હું દંડને પાત્ર ગણાયો એ મહાદુઃખ હતું.

(3) ભૂમિતિના શિક્ષક સમજાવવામાં સારા હતા, પણ મને કંઈ ગેડ જ ન બેસે.

(4) જે એક ભાષાને શાસ્ત્રીય પદ્ધતિથી શીખે છે, તેને પછી બીજી ભાષાનું જ્ઞાન સુલભ થઈ પડે છે.

(5) પિતાજીની સેવા કરવાને ખાતર કસરતની માફી મળવી જોઈએ, એવી વિનંતી કરી.

**3. નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો :**

(1) અખબારી નોંધ લખતી વખતે યાદ રાખવાના પાંચ 'W' અને 'H' એટલે શું ?

(2) માતાના કાળજામાં કયાં-કયાં અરમાનો હોય છે ?

(3) 'નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે.' - આ વિધાન કોણે લખ્યું છે ? સમજાવો.

(4) દુદામામા લેખકના બૂટ તૈયાર ન કરી શકતા, ત્યારે કેવાં-કેવાં બહાનાં બતાવતાં ?

(5) વૃદ્ધાએ બીજો રસનો પ્યાલો ભરવા ફરી-ફરી કાતળી કાપી છતાં પ્યાલો ન ભરાયો - શા માટે ?

**4. તમારી શાળામાંથી થયેલા પ્રવાસની અખબારી નોંધ તૈયાર કરી સ્થાનિક અખબારના તંત્રીને પ્રકાશિત કરવા વિનંતીપત્ર લખો.**

5. તમારી શાળામાં આવતાં સામયિકોની યાદી તૈયાર કરી નીચેના કોષ્ટકમાં વર્ગીકૃત કરો :

| ક્રમ | સામયિકનું નામ | પ્રકાશન સમયગાળો | પ્રકાશનનું સ્થળ-સરનામું | તંત્રીનું નામ | વાર્ષિક લવાજમ ₹ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

6. સૂચવ્યા મુજબ કરો :

(1) નીચેના શબ્દોમાંથી વિશેષણો શોધી તેની યાદી બનાવો :

હજાર, હું, પ્રિય, જમવું, નગર, વિનોદ, થોડુંક, પહેલો, દયાળુ, અર્ધો, સુંદર, પ્રથમ, રાતું

(2) તમે અલગ તારવેલાં વિશેષણોને વિવિધ પ્રકારોમાં વર્ગીકૃત કરો.

(3) આ વિશેષણોની મદદથી એક-એક વાક્ય બનાવો.

7. સૂચવ્યા મુજબ કરો :

- 'આવ, ભાણા આવ' પાઠમાં આવતા લોનવર્ડ્ઝ (અન્ય ભાષામાંથી લીધેલા શબ્દો)ની યાદી બનાવો. ઉદા. સ્કૂલ, રિપૅર વગેરે
- આ શબ્દોનો વાક્યપ્રયોગ કરો.
- આ વાક્યોમાં વપરાયેલ લોનવર્ડ્ઝની જગ્યાએ તેના ગુજરાતી શબ્દ લખી વાક્ય ફરીથી લખો.

8. નીચેના શબ્દોના બે-બે સમાનાર્થી શબ્દો લખો :

(1) જનની - __________, __________ (2) અખબાર - __________, __________

(3) આંખ - __________, __________ (4) સૂર્ય - __________, __________

9. તમે કરેલા પ્રવાસ-પર્યટનનું વર્ણન કરતો પત્ર તમારા સગાં-સંબંધીને લખો.

10. 'ગ્રામમાતા' કાવ્યમાં રાજાની ભૂમિકા તમારી દૃષ્ટિએ યોગ્ય છે ? શા માટે ? જો તમે રાજા હો તો શું કરો ?

**11. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો :**

| | | | |
|---|---|---|---|
| નિરાશા | ______ | આથમણું | ______ |
| અંધકાર | ______ | આનંદ | ______ |
| પારકું | ______ | ધરા | ______ |
| ટેકરી | ______ | કોમલ | ______ |

**12. એકમ 10થી 15માંથી બે-બે પ્રશ્નાર્થવાક્ય, ઉદ્‌ગારવાક્ય અને નિર્દેશાર્થક વાક્યોની યાદી તૈયાર કરો :**

દા.ત., 'હું ખોટો નથી' એ કેમ સિદ્ધ કરું ? (પ્રશ્નાર્થવાક્ય)

તું નારાજ થા મા, ભાણા ! (ઉદ્‌ગારવાક્ય)

તમારી તો આશિષ માત્ર માગું. (નિર્દેશાર્થક વાક્ય)

# 16. સિંહની દોસ્તી

K9P4Z8



**ભાણભાઈ ગીડા**

**જન્મ : 11-10-1926, અવસાન : 22-5-1984**

ભાણભાઈ દાદાભાઈ ગીડાનો જન્મ રાજકોટ જિલ્લાના જસદણમાં થયો હતો. તેઓ ગીરનાં જંગલોમાં ખૂબ ફર્યા હોવાથી ત્યાંના સિંહો વિશેનો એમનો અભ્યાસ ઘણો ઊંડો હતો. ‘નમણી ગીર’ તથા ‘સોરઠનો શણગાર’ લેખમાળાઓ આપી હતી.

સિંહ અને માણસ વચ્ચેની દોસ્તી અને વફાદારીની અદ્‌ભુત કથા આ વાર્તામાં પ્રસ્તુત કરી છે. લોકભાષાનો સચોટ અને સબળ ઉપયોગ તથા અનુરૂપ વર્ણનો આ વાર્તાને વધુ જોમવાળી બનાવે છે. પશુ પ્રત્યે પ્રેમ અને સંવેદનાનું ઉત્તમ ઉદાહરણ આ લોકકથા પૂરું પાડે છે.

ગીરના જંગલને અડીને, જૂનાગઢથી આશરે પચીસ ગાઉ દૂર અને સાસણગીરથી આશરે છ ગાઉ દૂર મોટી મોણપરી નામનું એક ગામ આવેલું છે. ગામના પાદરમાંથી એક મોટી નદી વહી જાય છે. નદીને કાંઠે બબ્બે માથોડાં ઊંચી ભેખડો છે. નદીનાં વાંસજાળ પાણીમાં મગર શેલારા મારે છે. સોરઠના સીમાડે આવેલા આ મોણપરી ગામે માત્રા વાળા નામે દરબાર રહે. નદીને કાંઠે માત્રા વાળાની સોનાના કટકા જેવી જમીન આવેલી છે.

ચોમાસું પૂરું થયું છે. જોઈને આંખો ઠરે તેવો મોલ ખેતરમાં ઊભો છે. લોકો લણણીના કામે લાગ્યા છે. આવા એક દિવસે, નમતા બપોરે દરબાર માત્રા વાળા ખાટલો ઢાળીને ખેતરમાં બેઠા છે. કુદરતે છૂટે હાથે વેરેલી સુંદરતાને દરબાર આંખો ભરીને પી રહ્યા છે. એકાએક દરબારની નજર નદીના ધૂના પર પડી. સામેથી સિંહ અને સિંહણનું બેલાડ ચાલ્યું આવે છે. બેપરવાઈથી ચાલ્યા આવતાં આ રાજા-રાણીને દરબાર જોઈ રહ્યા. સિંહ અને સિંહણ પાણી પીવા ઊતર્યાં; પણ ત્યાં તો ઓચિંતો પાણીમાં ખળભળાટ થયો. એક પ્રચંડકાય મગર નદીના છીછરા પાણીમાં આવ્યો અને સિંહણને પૂંછડીનો ફટકો મારીને ઊંડા પાણીમાં ખેંચવા લાગ્યો. સિંહણે કાળના પંજામાંથી પોતાની જાતને છોડાવવા માટે ભારે મથામણ કરી, પણ એની કારી ફાવી નહિ. મગર સિંહણને પાણીમાં ખેંચી ગયો. સિંહ પોતાની રાણીને બચાવવા થોડે સુધી પાછળ-પાછળ ગયો, પણ જંગલનો રાજા પાણીમાં લાચાર હતો. સિંહ પાછો આવીને હતાશ થઈને નદીની વેકૂરમાં બેસી ગયો. એના મોઢા પરની વેદના દૂરથીય વરતાઈ આવતી હતી. દરબાર ક્યારનાય આ દૃશ્ય જોઈ રહ્યા હતા. સિંહ હવે શું કરશે એ જોવા-જાણવાની એમની ઇચ્છા હતી. એમણે એમના માણસોને કહ્યું : “તમતારે સૌ જાવ. સિંહણના મોતનું વેર સિંહ કેવી રીતે વાળે છે, એ મારે જોવું છે. મારે માટે વાળુય અહીં લેતા આવજો.”

સિંહ નદીનો કાંઠો છોડી ક્યાંય ગયો નહિ. રાત આખી નદીના ખળખળ વહેતાં પાણી સામે એ સૂનમૂન બનીને બેસી રહ્યો. માત્રા વાળા પણ એ વિજોગીને જોતાં બેઠા રહ્યા. ‘આ જાનવરનેય એકબીજાં માટે કેવાં હેતપ્રીત છે !’ દરબારના મનમાં વારેવારે આ વિચાર આવ્યા કરતો હતો.

આમ ને આમ બે-ત્રણ દી' નીકળી ગયા. સિંહ ભૂખ્યો ને તરસ્યો નદીનાં ઘૂમરી લેતાં પાણી સામે મીટ માંડીને બેઠો રહ્યો. માત્રા વાળા પણ સિંહને જોતા-જોતા ખેતરમાં જ રાત-દી' રહેવા લાગ્યા. સિંહ માટે એમના અંતરમાં વહાલ ઊભરાતું હતું.

બે-ત્રણ દી' થયા ને એક દી' પાણીમાં ફરી ખળભળાટ થયો. સિંહ સાવધાન થઈ ગયો. માત્રાવાળા પણ અધ્ધરજીવે પાણી તરફ જોઈ રહ્યા. મગર ઊંડા પાણીમાંથી છીછરા પાણી તરફ આવી રહ્યો હતો. સિંહ ઊભો થયો અને મગરને લલચાવવા પાણીમાં થોડે સુધી આગળ ચાલ્યો; પછી વળી થોડો પાછો આવ્યો ને પાણી પીતો હોય એવો ડોળ કરવા લાગ્યો. નવા શિકારની લાલચે મગર પણ વધુ ને વધુ છીછરા પાણીમાં આવવા લાગ્યો. સિંહ હુમલો કરવા માટે પૂરો સજ્જ થઈને ઊભો હતો. જેવો સિંહને મગરનો ભેટો થયો કે સિંહે પૂરી તાકાતથી હુમલો કર્યો, પણ મગરનું જોરેય કંઈ ઓછું ન હતું. પોતાની પૂંછડીથી સિંહને ભિડાવવા એણે પૂરતો પ્રયત્ન કર્યો. બે બળવાન જીવો જાનની બાજી લગાવીને લડી રહ્યા હતા. ઘડીકમાં મગર સિંહને પાણી તરફ ખેંચતો, તો ઘડીકમાં સિંહ મગરને રેતી તરફ ઘસડતો હતો. ગામનાં લોકો પણ ખબર પડતાવેંત રૂંવાડાં બેઠાં કરી દેતું આ દૃશ્ય જોવા સીમમાં દોડી આવ્યાં હતાં. દરબારના ખાટલાની આસપાસ ગોઠવાઈને સૌ અધ્ધરશ્વાસે સિંહ અને મગરનું યુદ્ધ જોતાં હતાં. આશરે એક કલાક સુધી આ જીવસટોસટનો જંગ ખેલાયો. આખરે સિંહ જીત્યો. મગરને મારીને એણે સિંહણના મોતનો બદલો લીધો. પણ આખા શરીરે એ લોહીલુહાણ થઈ ગયો હતો. પાણીની બહાર નીકળ્યો કે તરત જ એ ઢગલો થઈને ઢળી પડ્યો.

દરબાર માત્રા વાળા શૂરવીર હતા. પશુઓ પ્રત્યે એમને અપાર પ્રેમ હતો. આ બહાદુર અને પ્રેમાળ જાનવર માટે એમના દિલમાં માયા બંધાઈ ગઈ હતી. સિંહને આમ ઢળી પડતો જોઈ એમનું હૃદય દ્રવી ઊઠ્યું. જ્યાં સિંહ પડ્યો હતો, ત્યાં જવા એ ઊભા થયા. ગામલોકોએ એમને વાર્યા, પણ દરબારે કોઈનું કહેવું માન્યું નહિ. નદીની ઊંચી-ઊંચી ભેખડો ઊતરીને એ સિંહ પાસે પહોંચ્યા. ત્યાં જઈને એમણે સિંહનાં જખમ સાફ કર્યાં, વનસ્પતિનાં પાંદડાં વાટી જખમ પર પાટા બાંધ્યા, સિંહના શરીર પર શીતળ જળનો છંટકાવ કર્યો. થોડીવારે સિંહે સહેજ આંખો ખોલીને જોયું. એક પ્રેમાળ માનવી એની સેવા-ચાકરી કરી રહ્યો હતો. સિંહ ક્યાંય સુધી આંખો મીંચીને પડ્યો રહ્યો. પોતાની હાજરીની સિંહને જાણ થયા છતાં એણે હુમલો કરવાનો પ્રયત્ન ન કર્યો, એટલે દરબારને એના પર ભરોસો બેસી ગયો. થોડી વારે સિંહ પૂરેપૂરો ભાનમાં આવી ગયો, ઊભોય થયો; પણ એના શરીરમાં તાકાત રહી નહોતી. એ ફરી પાછો ફસડાઈ પડ્યો. દરબારે એક વાસણ મંગાવી, એમાં પાણી ભરી સિંહના મોઢા આગળ ધર્યું. સિંહે થોડું પાણી પીધું ને પાછો સૂઈ ગયો.

દરબારે પૂરી ધીરજથી થોડા દિવસ ઊભાપગે સિંહની સેવા-ચાકરી કરી. દરબારનાં પ્રેમ અને સેવાથી સિંહ સાવ સાજો થઈ ગયો. પોતાને નવી જિંદગી બક્ષનારનો ઉપકાર સિંહ કેમ ભૂલે ? એ તો માત્રા વાળાનો પરમ મિત્ર બની ગયો. દરબાર જ્યાં જાય, ત્યાં સિંહ સાથે ને સાથે. દરબાર ખેતરે જાય ત્યારે સિંહ એમની સાથે ખેતરે જાય; દરબાર ખેતરેથી ઘેર આવે, ત્યારે સિંહ પણ એમની સાથે પાછો ઘેર આવે. ભૂખ લાગે ત્યારે એ શિકાર કરવા જંગલમાં જાય, પણ વળી પાછો દરબાર પાસે આવતો રહે. આ રીતે થોડો વખત ચાલ્યા પછી રાત્રે એ દરબારને



ઘેર જ રહેવા  લાગ્યો. ઘણાં ઘરોમાં કૂતરાની ચોકી તો હોય, પણ દરબારને ત્યાં તો સિંહની ચોકી !

એક વાર દરબારના ઘરમાં ખાતર પાડવાના ઈરાદે ચોર ઘૂસ્યા. દરબાર ફળિયામાં ઢોલિયો ઢાળીને સૂતા હતા. સિંહ ઢોલિયાની નીચે સૂતો હતો. સહેજ સંચળ થતાં જ સિંહ જાગી ગયો ને ચોર પર ત્રાટક્યો. એક-બે તો ત્યાં જ પૂરા થઈ ગયા ને બાકીના ઘાયલ થઈને ભાગ્યા.

આ વાતને ઘણાં વર્ષ વીતી ગયાં. માત્રા વાળા અને સિંહની દોસ્તી કાયમ ટકી રહી. એક વાર દરબાર માત્રા વાળા બીમાર પડ્યા. સિંહ એમના ઢોલિયાથી ઘડીભર પણ આઘોપાછો ન થતો. દરબાર એ માંદગીમાંથી ઊઠ્યા નહિ. એમના મૃત્યુથી ગામ આખું શોકમાં ડૂબી ગયું. સૌ તો પોતાની વેદના વાણી દ્વારા રજૂ કરી શકતા હતા, પણ સિંહ પોતાના જીવનદાતાના મૃત્યુનો વસમો આઘાત અંતરમાં જ વેઠી રહ્યો હતો. તે દી' કોઈ દિવસ ન જોયું હોય તેવું કૌતુક સૌએ દીઠું. દરબારની સ્મશાનયાત્રામાં સિંહ પણ જોડાયો ! સૌ સ્મશાને પહોંચ્યા. ચિતા પર દેહને મૂકીને અગ્નિદાહ દીધો. સિંહ દરબારની બળતી ચિતા સામે જોતો બેઠો હતો. દરબારના મૃત્યુની વેદના તો સૌને હતી જ, પણ આ જાનવરની વેદના જોઈ સૌની આંખો વધુ ભીની થઈ.

અગ્નિસંસ્કારની ક્રિયા પૂરી કરી સૌ ગામમાં પાછા વળ્યા. સિંહ જંગલ તરફ ચાલતો થયો. હવે ગામમાં જવાની એને  કોઈ જરૂર નહોતી. જેને માટે એ ગામમાં રહેતો હતો, તે હવે ત્યાં નહોતા.

આ સિંહનું પછી શું થયું એની કોઈને કશી ખબર નથી.

## • શબ્દસમજૂતી

**ઘૂનો** ઊંડા પાણીવાળી જગ્યા **વાંસજાળ પાણી** વાંસ જેટલાં ઊંડાં પાણી **શેલારો** પાણીમાં આગળ ધપવા શરીરનો હેલારો મારવો તે **બેલાડ** જોડું **વેકૂર** રેતી **સંચળ** સંચાર, અવાજ

## • રૂઢિપ્રયોગ

**રૂંવાડાં બેઠાં થવાં** - બીક, હરખ કે આશ્ચર્યના કારણે શરીર પરના વાળ ઊભા થવાં

**ખાતર પડવું** - ચોરી થવી

**સંચળ થવો** - અવાજ થવો

**કારી ન ફાવવી** - યુક્તિ સફળ ન થવી

**જીવસટોસટનો જંગ ખેલવો** - જીવનમરણની લડાઈ કરવી

**જાનની બાજી લગાવવી** - જાન જોખમમાં મૂકીને કામ કરવું

## ● ભાષાસજ્જતા

● **નીચેનાં વાક્યો વાંચો :**

1. નિજનું **શું** પરિણામ આવ્યું ?

2. કાનન મુંબઈ **ક્યારે** જશે ?

3. તને કાલે **કોણ** મળવા આવ્યું હતું ?

જે વાક્યમાં હકીકત વિશે પ્રશ્ન કરવામાં આવ્યો હોય તેને **પ્રશ્નવાક્ય કહેવાય. ‘શું’, ‘કોણ’, ‘કયું’, ‘ક્યારે’, ‘કેમ’, ‘કોને’, ‘કયાં’** જેવા પ્રશ્નાર્થસૂચક સર્વનામોનો ઉપયોગ કરીને વાક્યની રચના થાય છે અને હા, પ્રશ્નાર્થસૂચક શબ્દો વાપર્યા વિના પણ પ્રશ્નવાક્ય બનાવી શકાય.

જેમકે,

તે પુસ્તક વાંચે છે ?

તમે કાલે આવ્યાં ?

લેખનમાં અંતે મુકાતા પ્રશ્નાર્થચિહ્ન દ્વારા પ્રશ્નવાક્યની ઓળખ થાય છે. ઉપર આપેલા પ્રશ્નસૂચક શબ્દોની મદદથી આવાં બીજાં પ્રશ્નવાક્યો બનાવો.

*

● **નીચેનાં વાક્યો વાંચો :**

1. **વાહ !** કેટલું સુંદર દૃશ્ય !

2. આજે આપણે **કેવું** મધુર ગીત સાંભળ્યું !

3. **ઓહ !** કેવો વિરાટ પર્વત !

ઉપરનાં વાક્યો વાંચતાં આશ્ચર્યનો ભાવ ઉત્પન્ન થાય છે. આમ, જે વાક્યમાં હકીકત વિશે **અચરજ, આશ્ચર્ય, નવાઈ, શોક, હર્ષ, ઉલ્લાસ** જેવી લાગણીઓ પ્રગટ થતી હોય તેને **ઉદ્ગારવાક્ય** કહેવાય છે.

આવાં વાક્યોમાં **'અરે', 'અહા', 'ઓહ', 'વાહ', 'ઓહોહો'** જેવા ઉદ્ગારસૂચક શબ્દોનો ઉપયોગ થતો હોય છે. ઉદ્ગારવાક્યમાં ઉદ્ગારસૂચક શબ્દ પછી અથવા વાક્યને અંતે **ઉદ્ગાર** કે **આશ્ચર્યચિહ્ન** મૂકવામાં આવે છે.

પાઠ્યપુસ્તકમાંથી પાંચ ઉદ્ગારવાક્યો શોધીને લખો.

## • અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમઅક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) જોઈને આંખો ઠરે તેવો મોલ ખેતરમાં ઊભો છે એટલે... ☐

(ક) મોલ બરાબર થયો નથી. (ખ) મોલ લીલોછમ છે.

(ગ) મોલ સારો થયો છે. (ઘ) આંખ ઠરે છે.

(2) સિંહ ઢગલો થઈને ઢળી પડ્યો. કારણ કે.... ☐

(ક) આખા શરીરે એ લોહીલુહાણ થઈ ગયો હતો. (ખ) તે થાકેલો હતો.

(ગ) તે ઘણા દિવસથી ભૂખ્યો હતો. (ઘ) તે નિરાશ થયેલો હતો.

(3) દરબારને ત્યાં તો સિંહની ચોકી ! એટલે... ☐

(ક) સિંહ અને દરબાર મિત્ર હતા. (ખ) દરબાર જંગલમાં રહેતા હતા.

(ગ) દરબારે સિંહને ચોકી કરવા ગોઠવ્યો હતો. (ઘ) સિંહ દરબારના ઘેર જ રહેતો હતો.

(4) 'સિંહની દોસ્તી' પાઠ... ☐

(ક) ગીર વિસ્તારનો છે. (ખ) ભાલ વિસ્તારનો છે.

(ગ) નદીકિનારા વિસ્તારનો છે. (ઘ) તળાવકિનારા વિસ્તારનો છે.

**2. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) ચોમાસું પૂરું થતાં લોકો કયા કામે લાગ્યાં છે ?

(2) એક દિવસ નમતા બપોરે દરબાર માત્રા વાળાએ નદીમાં શું જોયું ?

(3) સિંહ નદીના કાંઠે કેટલા દિવસ બેસી રહ્યો ?

(4) સિંહ અને મગર વચ્ચે યુદ્ધ કેમ થયું ?

(5) ગામના લોકોએ કોઈ દિવસ ન જોયું હોય તેવું કયું કૌતુક જોયું ?

## • સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો :**

(1) સિંહ હવે શું કરશે એ જોવા-જાણવાની ઇચ્છા દરબારને કેમ થઈ ?

(2) સિંહ નદીના કાંઠે શા માટે બેસી રહ્યો ?

B8K4S9

(3) દરબાર માત્રાવાળાએ સિંહની સેવા-ચાકરી શી રીતે કરી ?

(4) સિંહ પોતાના જીવનદાતાના મૃત્યુનો વસમો આઘાત અંતરમાં જ વેઠી રહ્યો હતો - આવું શી રીતે કહી શકાય ?

(5) તમારા જીવનમાં બનેલા પ્રાણીપ્રેમના પ્રસંગ વિશે લખો.

**2. સૂચવ્યા મુજબ કરો :**

(1) પાઠમાં આવતા હોય તેવા, ઉપરાંત તમે જાણતા હોય, તેવા પ્રાદેશિક શબ્દોની યાદી બનાવો.

(2) તમારી યાદીના શબ્દોનો વાક્યપ્રયોગ કરો.

(3) આ વાક્યોનો ઉપયોગ કરી અર્થસભર ફકરો બનાવો.

(4) આ ફકરાને યોગ્ય શીર્ષક આપો.

**3. તમે બનાવેલી પ્રાદેશિક શબ્દોની યાદીમાંથી મનપસંદ દસ શબ્દો લઈ તેને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

**4. આ પાઠમાંથી રૂઢિપ્રયોગો શોધી તેના અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

**5. નીચેનાં વાક્યોના પ્રકાર ઓળખાવો :**

(1) ગામના પાદરમાંથી એક મોટી નદી વહી જાય છે.

(2) તમારી માત્ર આશિષ માગું છું.

(3) શા માટે બહુ દ્રવ્ય આ ધનિકની પાસેથી લેવું નહિ ?

(4) રસે હવે દે ભરી પાત્ર બાઈ !

(5) ઘરડી ખેડૂત સ્ત્રી ધીમેથી ઊઠે છે.

(6) અહો કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યું દીસે !

(7) આ જાનવરનેય એકબીજા માટે કેવાં હેતપ્રીત છે !

(8) પોતાને નવી જિંદગી બક્ષનારનો ઉપકાર સિંહ કેમ ભૂલે ?

(9) સિંહ ઢોલિયા નીચે સૂતો હતો.

(10) દરબારની સ્મશાનયાત્રામાં સિંહ પણ જોડાયો !

**6. આ વાર્તામાં માત્રા વાળા દરબાર ઘવાયેલા સિંહની સારવાર કરી જીવતદાન આપે છે. અન્ય કોઈ પ્રાણી ઘવાયેલું જુઓ, તો તમે શું કરી શકો એ વિશે વિગતવાર નોંધ લખો. દા.ત., ગાય, કૂતરું વગેરે**

**• પ્રવૃત્તિ**

(1) કોઈ સાહિત્યકારની મુલાકાત ગોઠવી તેમની સાથે વાર્તાલાપનું આયોજન કરો.

(2) લોકકથાઓ મેળવીને વાંચો.

(3) પ્રાણીપ્રેમની કથાઓ તમારા શિક્ષક પાસેથી સાંભળો.

(4) તમે વાંચેલી કોઈ પ્રાણીપ્રેમની કથા વર્ગખંડમાં રજૂ કરો.

# 17. જીવરામ ભટ્ટ

F4V4F2



**દલપતરામ**

**જન્મ : 1820, અવસાન : 1898**

કવિ દલપતરામ ડાહ્યાભાઈનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણમાં થયો હતો. અર્વાચીન ગુજરાતી સાહિત્યના આરંભકાળે દલપતરામની પદ્ય-ગદ્ય પ્રવૃત્તિ અનેક રીતે ધ્યાન ખેંચનારી બની છે. આ કવિની કવિતાએ ગુજરાતના સાહિત્ય અને સંસ્કારજીવન ઉપર ઘણી મોટી અસર કરી છે. 'દલપતકાવ્ય 1-2'માં તેમનાં કાવ્યો સંઘરાયેલાં છે. ગમ્મત સાથે જ્ઞાન પીરસે તેવાં બાળકાવ્યો પણ તેમણે મોટી સંખ્યામાં આપ્યાં છે. કવિતા ઉપરાંત નાટક અને નિબંધ ક્ષેત્રે પણ તેમનું નોંધપાત્ર પ્રદાન છે. 'મિથ્યાભિમાન' તેમનું જાણીતું નાટક છે.

'મિથ્યાભિમાન'ના છઠ્ઠા અંકમાંથી આ અંશ લીધો છે. આ નાટકના સંવાદો જીવરામ ભટ્ટના અહમ્-અભિમાનભર્યા વ્યક્તિત્વને સારી રીતે ઉપસાવી આપે છે. આખો અંશ હાસ્ય-કટાક્ષની શૈલીમાં આલેખાયો હોવાથી સૌ કોઈને વાંચવો ગમે તેવો બન્યો છે.

## અંક છઠ્ઠો

### પ્રવેશ 1 લો

**સ્થળ : રઘનાથ ભટ્ટનું ઘર**

(પડદો ઊઘડ્યો. ત્યાં રઘનાથ ભટ્ટ સહકુટુંબ, ગંગાબાઈ તથા જીવરામ ભટ્ટ છે.)

ગંગા : જીવરામ ભટ્ટ, તમે અમને દેખો છો ?

રંગલો : દેખે છે એનો બાપ !

જીવરામ : કેમ નહિ દેખતા હોઈએ ? કાંઈ આંધળા-બાંધળા છીએ કે શું ?

ગંગા : તમે અત્યારે કાગળ વાંચી શકો છો ખરા ?

રંગલો : કાગળ તો શું ? પણ અત્યારે મોતી વીંધે છે તો !

જીવરામ : અત્યારે અમે રાતે પુસ્તક લખીએ છીએ તે કેમ લખાતું હશે ?

સોમનાથ : કાગળ આપું તો વાંચશો ?

જીવરામ : હા, લાવો, શા વાસ્તે નહિ વાંચીએ !

સોમનાથ : લો, આ કાગળ વાંચો જોઈએ. (નાખે છે, તે જીવરામ ભટ્ટના પગ પાસે પડે છે.)

જીવરામ : લાવો, કાગળ.

સોમનાથ : એ તમારા પગ આગળ પડ્યો. નીચા નમીને લ્યો.

જીવરામ : તમારી આગળ નીચા નમવાની અમારે ગરજ નથી.

રંગલો :

### શ્લોક

નમંતિ ફલિનો વૃક્ષા, નમંતિ ગુણિનો જનાઃ
શુષ્કકાષ્ટં ચ મૂર્ખાશ્ચ, ન નમંતિ કદાચન્ ॥

**અર્થ** : ફળવાળાં ઝાડ નમે કે ગુણવાન માણસ નમે; પણ સૂકું લાકડું કે મૂર્ખ કદી નમે નહિ.

સોમનાથ : (લઈને આપે છે.) લ્યો આ કાગળ.

રંગલો : જોજો, ભાઈઓ, સૂરદાસજી કાગળ વાંચે છે ! ખરેખરો વાંચશે કે શું ?

રઘનાથ : (સોમનાથને) એમાં તો ઝીણા અક્ષર છે. પેલા મોટા અક્ષરવાળો કાગળ વાંચવા આપ્યો હોત, તો ઠીક.

સોમનાથ : કાંઈ ઝીણા નથી. આંધળો પણ વાંચી શકે એવા મોટા દીવા જેવા અક્ષર છે.

જીવરામ : આ લ્યો ત્યારે, તમારો કાગળ અમારે નથી વાંચવો.

(નાખી દે છે.)

સોમનાથ : કેમ થયું ?

જીવરામ : તમે કહો છો કે આંધળો વાંચી શકે એવા અક્ષર છે; તો અમે કાંઈ આંધળા નથી કે એવા અક્ષર વાંચીએ. દેખતો વાંચી શકે, એવો કાગળ હોય તે અમે તો વાંચીએ.

ગંગા : (ત્રણ આંગળીઓ બતાવીને) જીવરામ ભટ્ટ, આ કેટલાં આંગળાં છે ? કહો જોઈએ.

જીવરામ : કહીએ તો તમે શું આપશો ?

ગંગા : લાખેણી લાડી આપી છે ને હવે બીજું શું આપીએ ? જો અત્યારે દેખી શકતા હો તો કહો.

જીવરામ : એમાં શું કહેવું છે ? પાંચ છે.


ગંગા : જૂઠા પડ્યા, જૂઠા પડ્યા. (હસે છે.)

જીવરામ : શી રીતે જૂઠા પડ્યા ?

રંગલો :

## દોહરો

અભિમાનીને અંતરે, ભાસે જો નિજ ભૂલ;
તોપણ તેની જીભથી, કદિ નહિ કરે કબૂલ.



ગંગા : ત્રણ આંગળીઓ ઊભી રાખીને, બે આંગળીઓ વાળીને મેં પૂછ્યું હતું.

જીવરામ : ત્યારે અમે પણ એ જ કહ્યું કે નહિ ? ત્રણ આંગળીઓ ઊભી અમે દીઠી, અને બે વાળેલી દીઠી. તે બધી મળીને પાંચ દીઠી, માટે પાંચ કહી. તમે ક્યારે એમ પૂછ્યું હતું કે કેટલી ઊભી ને કેટલી વાળેલી છે ?

સોમનાથ : (પાંચે આંગળાં ખુલ્લાં રાખીને) વારુ, આ કેટલી આંગળીઓ છે, કહો જોઈએ ?

જીવરામ : (બીજી તરફ ગણે છે.) આ એક, બે, ત્રણ અને ચાર છે.

સોમનાથ : જૂઠા પડ્યા; જૂઠા પડ્યા.

જીવરામ : શી રીતે જૂઠા પડ્યા ? અમે કદી જૂઠા પડીએ જ નહિ.

રંગલો :

## ઉપજાતિ વૃત્ત

વાચાળ જો વાદ વૃથા જ થાપે,
તથાપિ તે સત્ય કરી જ આપે;

ભરીસભામાં શતવાર ભૂલે,
તથાપિ જીભે કદિ ના કબૂલે.

વાચાળ કદી બંધાય જ નહિ, ગમે તે રસ્તે થઈને નીકળી જાય. પણ હવે જીવરામ ભટ્ટ સંકડાશમાં આવ્યા. હવે છૂટી શકે એવો એકે રસ્તો મને તો લાગતો નથી. હવે જૂઠા ઠરી ચૂક્યા.

જીવરામ : તારા જેવા ઠગ અમને જૂઠા કહે તેથી શું ? પણ જ્યારે ત્રાહિત લોકો કહે ત્યારે ખરું.

રંગલો : ત્યારે હવે તમારું સાચાપણું સાબિત કરો જોઈએ.

જીવરામ : સો રૂપિયાની હોડ કર. જો અમે જૂઠા ઠરીએ, તો તને સો રૂપિયા આપીએ; અને જો તું જૂઠો ઠરે, તો તારી પાસેથી સો રૂપિયા અમે લઈએ.

રંગલો : જાદુગર સાથે ને વાચાળ સાથે હોડ તો કરીએ જ નહિ. કહ્યું છે કે તેની તદબીરો ઘણી હોય.

ઉપજાતિ વૃત્ત

વાચાળશું હોડ કદી ન કીજે,
જાદુગરોથી બળ બાંધી બીજે.
સૂઝે ન તેના સઘળા શિરસ્તા,
વિચિત્ર તેના છળની વ્યવસ્થા.

સોમનાથ : પાંચે આંગળાં ખુલ્લાં રાખીને મેં પૂછ્યું હતું કે આ કેટલી આંગળી છે ?

જીવરામ : તે ખરી વાત; અમે ચાર આંગળીઓ દીઠી માટે ચાર કહી અને પાંચમો તો અંગૂઠો છે. આંગળી ક્યાં છે ?

(‘**મિથ્યાભિમાન**’માંથી)

## • શબ્દસમજૂતી

**મોતી વીંધે છે** મોતી વીંધી શકે એવી તેજસ્વી આંખો છે. **ગરજ** ખપ, જરૂર, સ્વાર્થ **સૂરદાસજી** (અહીં) અંધ **કબૂલ** મંજૂર, માન્ય **તદબીર** યુક્તિ, ઉપાય **શિરસ્તો** પ્રથા, રિવાજ

## • ભાષાસજ્જતા

તમે ધોરણ 6માં ક્રિયાપદ વિશે શીખી ગયાં છો.

- **નીચેનાં વાક્યો વાંચો :**

(1) જીવરામ ભટ્ટ જૂઠા **પડ્યા.**

(2) સો રૂપિયાની **હોડ કર.**

(3) તમારો કાગળ અમારે નથી **વાંચવો.**

ઉપરનાં વાક્યોમાં **'પડ્યા', 'હોડ કર'** અને **'વાંચવો'** જેવા શબ્દો ક્રિયાસૂચક પદ હોવાથી ક્રિયાપદો છે.

હવે નીચેનાં વાક્યો વાંચો :

(1) દીર્ઘાયુ **બેઠો.**

(2) રાજા **સૂતો.**

(3) રાજકુમારી **રડી.**

ઉપરનાં વાક્યોમાં **'બેઠો', 'સૂતો'** અને **'રડી'** એ ત્રણ ક્રિયાપદો છે, એમ તમે કહેશો. વળી, દીર્ઘાયુ, રાજા અને રાજકુમારી જેવા શબ્દો 'કર્તા' છે; પરંતુ 'કર્મ' નથી છતાં, ક્રિયાપદ હોવાથી તે વાક્યોના અર્થ સમજાય છે. વાક્યનો અર્થ પૂરો કરવા માટે જે ક્રિયાપદને કર્મ લગાડવાની જરૂર પડતી નથી તેને **અકર્મક ક્રિયાપદ** કહે છે.

- **અભ્યાસ**

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમઅક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) જીવરામ ભટ્ટ પાઠમાં ........ ☐

(ક) ચતુરાઈની વાત છે. (ખ) મિથ્યાભિમાનની વાત છે.

(ગ) ઝડપથી જૂઠ કેવી રીતે બોલી શકાય તેની વાત છે. (ઘ) કાગળ વાંચવાની વાત છે.

(2) સૂરદાસજી કાગળ વાંચે છે. અહીં સૂરદાસ એટલે... ☐

(ક) સૂરદાસ કવિની વાત છે. (ખ) ખરેખરો વાંચનાર

(ગ) અંધત્વની વાત છે. (ઘ) સંગીતકારની વાત છે.

(3) તેની તદબીરો ઘણી હોય. એટલે... ☐

(ક) તેઓ ગમે તે રીતે છટકી જાય. (ખ) તેમની પાસે ઘણાં બહાનાં હોય.

(ગ) તેમની પાસે ઘણી યુક્તિ હોય. (ઘ) તેઓ ભેજાબાજ હોય છે.

2. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર આપો :

(1) જીવરામ ભટ્ટ પગ પાસે પડેલો કાગળ લેવાની ના કેમ પાડે છે ?

(2) ગંગા કેવો પ્રશ્ન પૂછે છે ? જીવરામ તેનો શો ઉત્તર આપે છે ?

(3) કેવાં વૃક્ષ અને માણસ નમે છે ?

(4) જીવરામ ભટ્ટ શાની હોડ કરવાનું કહે છે ?

● **સ્વાધ્યાય**

P1J3T1

1. નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો :

(1) 'જીવરામને બીજો કાગળ આપ' - આવું રઘુનાથ સોમનાથને શા માટે કહે છે ?

(2) જીવરામ ભટ્ટ શા માટે કાગળ પાછો આપે છે ?

(3) ગંગાએ બતાવેલી આંગળીઓ પાંચ છે - એવું જીવરામે કહ્યું, છતાં ખોટા કેમ ન પડ્યા ?

(4) રંગલો કોની-કોની સાથે હોડ કરવાની ના પાડે છે ? શા માટે ?

2. રંગલો નીચે મુજબનાં વિધાનો બોલે છે, ત્યારે ખરેખર તે શું કહેવા માંગે છે તે લખો :

(1) 'દેખે છે એનો બાપ !'

(2) 'કાગળ તો શું ? પણ અત્યારે મોતી વીંધે છે તો !'

(3) 'સૂકું લાકડું કે મૂર્ખ કદી નમે નહિ.'

(4) 'જોજો, ભાઈઓ, સૂરદાસજી કાગળ વાંચે છે !'

3. નીચેનાં વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે કહો :

(1) "કાગળ તો શું ? પણ અત્યારે મોતી વીંધે છે તો."

(2) "એમાં તો ઝીણા અક્ષર છે."

(3) "લાખેણી લાડી આપી છે."

(4) "ત્યારે હવે તમારું સાચાપણું સાબિત કરવું જોઈએ."

**4. નીચે આપેલાં વાક્યોનો અર્થ ન બદલાય તે રીતે ઉદાહરણ મુજબ પ્રશ્નાર્થવાક્યો બનાવો :**

ઉદાહરણ - તારા જેવા ઠગ અમને જૂઠા કહે તેનું કંઈ જ મહત્ત્વ નથી.

તારા જેવા ઠગ અમને જૂઠા કહે તેથી શું ?

(1) હવે, બીજું કંઈ આપવા જેવું નથી.

________________________________________

(2) અમે પણ એ જ કહીએ છીએ.

________________________________________

(3) કહીએ તો તમે કંઈ નથી આપવાના.

________________________________________

**5. પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે તમારા ગામના મહાનુભાવોને કાર્યક્રમમાં આમંત્રણ આપતી પત્રિકા તૈયાર કરો.**

- **પ્રવૃત્તિ**

(1) પાંચ-પાંચ વિદ્યાર્થીઓનાં જૂથ બનાવી રમૂજી ટુચકાઓ લખો.

(2) તમારી શાળા લાઈબ્રેરીમાંથી બાળનાટિકાનાં પુસ્તકો મેળવીને વાંચો.

(3) 'મિથ્યાભિમાન' વ્યક્તિ માટે ફાયદારૂપ છે કે નુકસાનકારક, ચર્ચા કરો.

# 18. સોના જેવી સવાર



**ચંદ્રકાન્ત શેઠ**

**જન્મ : 1938**

કવિ ચંદ્રકાન્ત ત્રિકમલાલ શેઠનો જન્મ પંચમહાલ જિલ્લાના કાલોલમાં થયો છે. વરસો સુધી કૉલેજમાં અધ્યાપનકાર્ય કર્યું છે. કવિતા, નિબંધ, વિવેચન, નાટક, વાર્તા, સંપાદન, અનુવાદ વગેરે અનેક સાહિત્યસ્વરૂપો તેમણે સફળતાથી ખેડ્યાં છે. બાળપણ તેમજ કિશોરવયનાં સંસ્મરણો આલેખતી એમની ‘ધૂળમાંની પગલીઓ’ને સાહિત્ય અકાદમી – દિલ્હીનો ઈ.સ. 1986નો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. આ સિવાય પણ તેમને અન્ય પુરસ્કારો પ્રાપ્ત થયા છે. બાળકો અને પ્રૌઢો માટેના ગીતસંગ્રહો તેમણે આપ્યા છે.

આ કાવ્યમાં કવિએ સોના જેવી ઊગતી સવારનાં એક-એકથી ચઢિયાતાં મન ભરી દે તેવાં વિવિધતાભર્યાં ચિત્રો ખડાં કર્યાં છે. શબ્દોની સહાયથી કેવાં અસરકારક – હૃદયસ્પર્શી ચિત્રો આપી શકાય છે, તે આ કાવ્ય દર્શાવે છે.

ભરીભરીને સવાર પીધી,<br>
સોના જેવી સવાર છે જી.<br>
ફૂલફૂલને પીવા દીધી,<br>
સોના જેવી સવાર છે જી.<br>
પાનપાનમાં ટશરે ટમકી,<br>
સોના જેવી સવાર છે જી.<br>
ટહુકે-ટહુકે ચોગમ રણકી,<br>
સોના જેવી સવાર છે જી.<br>
ક્યાંક કમળ-સરોવરમાં ચમકી,<br>
સોના જેવી સવાર છે જી.<br>
પનઘટ પર બેડામાં ઝબકી,<br>
સોના જેવી સવાર છે જી.<br>
મોરપીંછમાં ફર-ફર ફરકી,<br>
સોના જેવી સવાર છે જી.



રાતી હથેલીઓમાં છલકી,
સોના જેવી સવાર છે જી.
વાદળ-વાદળ રંગે ઢળતી,
સોના જેવી સવાર છે જી.
પતંગિયાની પાંખે લળતી,
સોના જેવી સવાર છે જી.
માટીના કણકણમાં ગહેકી,
સોના જેવી સવાર છે જી.
તડકામાં તાજપથી મહેકી,
સોના જેવી સવાર છે જી.
હસતાં-હસતાં મનમાં ઊગી,
સોના જેવી સવાર છે જી.
રમતાં-રમતાં ઘરમાં પૂગી,
સોના જેવી સવાર છે જી.

## ● શબ્દસમજૂતી

**ટશરે** કુમળા પાનની ઝીણી લાલ રેખામાં, લાલ રેખાવાળા કુમળા પાનમાં **ટમકવું** ધીમા-આછા પ્રકાશથી ચમકવું **રણકી** રણકારા કર્યા. **પનઘટ** જ્યાં સ્ત્રીઓ પાણી ભરતી હોય તે કૂવો, જળાશય કે તળાવનો ભાગ, કૂવો વગેરે

**ઝબકી** ચમકી **છલકી** છલકાઈ, ઊભરાઈ **લળતી** ઉમંગથી ઝૂકતી આવી. **ઢળતી** નમી પડતી (અહીં) વાદળને રંગોથી રંગતી **ગહેકી** મહેકી ઊઠી, હરખાઈ ઊઠી. **મહેકી** સુગંધ ફેલાવી. **તાજપથી** તાજગીથી **પૂગી** પહોંચી

## • ભાષાસજ્જતા

અગાઉ તમે સંક્ષેપીકરણ કઈ રીતે થઈ શકે તે વિશે શીખ્યા છો. એનો ઉપયોગ કરીને વિજ્ઞાનના પુસ્તકમાંના લખાણને કઈ રીતે ટૂંકું કરી શકાય તે શીખીએ. તમારા વિજ્ઞાન અને ટેક્નોલૉજીના પાના નં. ૧૧૧ ઉપરનાં બીજા પરિચ્છેદથી શરૂ કરી પાન નં. ૧૧૨ના અંત સુધીનું લખાણ બે વાર વાંચ્યા પછી નીચેનું સંક્ષેપીકરણ વાંચો. આ રીતે વિજ્ઞાનના અન્ય લખાણને પણ સંક્ષેપમાં લખી શકાય.

### • સંક્ષેપીકરણનો નમૂનો :

સૂર્યપ્રકાશ પૃથ્વી પર પડે ત્યારે તેનું ગરમીમાં રૂપાંતર થાય. આ ગરમી કાર્બન ડાયૉક્સાઇડ શોષી લે તેથી વાતાવરણ ગરમ બને. આ કારણે કાર્બન ડાયૉક્સાઇડ વધે તો વાતાવરણ વધુ ગરમ બને તેને ગ્રીનહાઉસ અસર (ઈફેક્ટ) કહે છે. આ ગરમીથી ધ્રુવપ્રદેશોનો બરફ પીગળે, સમુદ્રના પાણીની સપાટી વધે અને અનેક વિસ્તારો ડૂબે. વળી ગરમીથી બાષ્પીભવન વધુ થાય, વરસાદ સાતેક ટકા વધે અને એ અસમાન હોય તેથી ક્યાંક અતિવૃષ્ટિ તો ક્યાંક દુકાળ પડે. વધેલા તાપમાનને કારણે ઋતુઓમાં ભેળસેળ થાય. વળી વાતાવરણમાં ભેજ વધતાં એસિડિક વાયુઓ ભેજમાં ભળે ત્યારે ઍસિડવર્ષા થાય. આને કારણે જંગલોનો નાશ થાય, ખેતીલાયક જમીનો વેચન બને અને મોટી ઈમારતોને નુકસાન થાય.

વિજ્ઞાનના મૂળ લખાણમાંની ચોકસાઈ અને માહિતીને નુકસાન કર્યા વિના આપણે નીચે પ્રમાણે ફેરફાર કર્યા :

1. વાક્યો સરળ બનાવી ભેગાં કર્યાં.
2. ગ્રીનહાઉસ ઈફેક્ટની વાતને સરળ બનાવી.
3. કેટલાક વધારાના ભાષાપ્રયોગો રદ કર્યા.

## • અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમઅક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) આ કાવ્યમાં 'પનઘટ'નો અર્થ.... ☐

(ક) પાણીનું બેડું (ખ) પાણીયારું (ગ) કૂવો (ઘ) પનિહારી

(2) પ્રકૃતિના કયા તત્ત્વનો અહીં આ કાવ્યમાં ઉલ્લેખ નથી. ☐

(ક) સૂર્ય (ખ) પતંગિયું (ગ) વાદળ (ઘ) માટીના કણ

(3) 'સોના જેવી સવાર' કાવ્યમાં કવિ શું વિશેષ કહેવા માંગે છે ? ☐

(ક) સવાર પડી છે મહેનત કરો. (ખ) સવારનું મહત્ત્વ જ કંઈક વધારે છે.

(ગ) સવારની પ્રકૃતિનું ગુણગાન છે. (ઘ) ગામડાની સવારની વાત છે.

**2. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) સવાર ક્યાં ક્યાં ચમકી ઊઠી છે ?

(2) તડકાની સવાર ઉપર શી અસર થઈ ?

(3) પ્રકૃતિનાં કયાં-કયાં તત્ત્વો સવારને વધાવે છે ?

(4) સવાર કોના ટહુકે ચારે દિશાઓમાં રણકી ઊઠી છે?

(5) સવાર ક્યાં ઝબકી છે ?

(6) કોની રાતી હથેળીઓમાં સવાર છલકી ઊઠી છે ?

C9D9X5

## ● સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો :**

(1) સવારને સોના જેવી શા માટે કહેવામાં આવે છે ?

(2) સવારની પ્રકૃતિનાં કયાં-કયાં તત્ત્વો પર શી અસર થઈ ?

(3) 'હસતાં-હસતાં મનમાં ઊગી' અને 'રમતાં-રમતાં ઘરમાં પૂગી' દ્વારા કવિ શું કહે છે ?

**2. સૂચવ્યા મુજબ કરો :**

(1) તમે જોયેલ નદી કે દરિયાકિનારા સંદર્ભે દસ શબ્દો લખો.

(2) આ દસ શબ્દોનો વાક્યપ્રયોગ કરો.

(3) બધાં વાક્યો યોગ્ય વિરામચિહ્નોના ઉપયોગ સાથે ફરીથી ફકરા સ્વરૂપે લખો અને તમારા સહાધ્યાયી મિત્રો સમક્ષ એનું વાંચન કરો.

**3. નીચે આપેલી કાવ્યપંક્તિઓનો ભાવાર્થ લખો :**

(1) ટહુકે-ટહુકે ચોગમ રણકી,
સોના જેવી સવાર છે જી.

(2) પતંગિયાની પાંખે લળતી,
સોના જેવી સવાર છે જી.

**4. આ કાવ્યમાં આવતા સરખા ઉચ્ચારવાળા શબ્દની જોડી શોધીને લખો :**

ઉદાહરણ : પીધી - દીધી

**5. નીચેનાં વાક્યોમાંથી 'કર્તા', 'કર્મ' અને 'ક્રિયાપદ' અલગ તારવી આપો :**

(1) મોહને રોટલા ખાધા.

(2) નયનાએ પાઠ વાંચ્યો.

(3) કનૈયાએ મટકી ફોડી.

(4) ગૌરીએ છાશ પીધી.

# 19. પાંચ દાણા

V2Q8P3

આ બોધકથા ભાષાશિક્ષણ અને વ્યવહારબોધનો ઉત્તમ નમૂનો છે. એક શેઠ પોતાના ચાર દીકરાઓની વહુઓની આવડત અને વ્યવહારકુશળતા જાણવાની ઇચ્છા રાખે છે. આ માટે શેઠ દીકરાઓની વહુઓને અનાજના પાંચ-પાંચ દાણા આપી, દાણાને સાચવી રાખવાનું જણાવે છે. થોડા સમય પછી જ્યારે તેઓ પોતાના દીકરાઓની વહુઓ પાસે પેલા પાંચ દાણા માગે છે, ત્યારે શેઠને તે વહુઓની સૂઝ, સમજ, આવડત, હોશિયારી અને વ્યવહારકુશળતાનો ખ્યાલ આવે છે.

ધનપાલ શેઠનું નામ દૂર-દૂર સુધી જાણીતું હતું. દૂર દેશાવર સાથે એમનો વેપાર ચાલતો હતો. એમને આંગણે લક્ષ્મીની છોળો ઊછળતી હતી. ઘરમાં ખરચતાં ખૂટે નહિ, તેટલું ધન હતું. આમ છતાં શેઠ ગણતરીવાળા હતા. એ સમજતા હતા કે ઘરની રાણી આવડતવાળી ન હોય, તો અઢળક ધન પણ ખૂટી જાય.



શેઠને ચાર દીકરા હતા. દીકરાઓની ચાર વહુઓ હતી. દીકરા તો જીવ પરોવીને વેપાર-ધંધામાં પડી ગયા હતા. એમની હોશિયારી અને સમજદારીથી શેઠને સંતોષ હતો. પણ દીકરાઓની વહુઓ ચાલાક અને ઘરરખુ છે કે નહિ એ જાણવાની શેઠને ઇચ્છા થઈ. એમનું પારખું કરવા માટે શેઠે એક યુક્તિ વિચારી કાઢી.

એક દિવસ શેઠે ચારે વહુઓને બોલાવીને કહ્યું, ''બેટા, હું આજે તમને દરેકને ડાંગરના આ પાંચ-પાંચ દાણા આપું છું. કોઈક વાર એ દાણા હું તમારી પાસેથી પાછા માગીશ; માટે એ દાણા જતન કરીને સાચવી રાખજો.'' એટલું કહી એમણે દરેક વહુને પાંચ-પાંચ દાણા આપી વિદાય કરી. વહુઓ દાણા લઈ હસતી-હસતી ચાલી ગઈ.

મોટી વહુ જરા ઉછાંછળી અને છીછરી બુદ્ધિની હતી. એને થયું, ''ડોસાય કેવા ઝીણા જીવના છે ! આપી-આપીને ડાંગરના પાંચ દાણા !' એમ વિચારી, દાણા બારીબહાર ફેંકી દઈ એ નિરાંતે સૂઈ ગઈ. સસરાજીની વાતનો મર્મ એ સમજી શકી નહિ.

બીજા છોકરાની વહુ જરાક લાગણીવાળી પણ લહેરી હતી. એને થયું, ''સસરાજીએ ભલે પાંચ દાણા આપ્યા. એ તો એની પ્રસાદી ગણાય. એને મામૂલી ચીજ ગણી ફેંકી ન દેવાય. પાછા માગશે ત્યારે જોયું જશે. કોઠીમાંથી

કાઢીને બીજા દાણા આપતાં શી વાર લાગવાની છે ?' એવો વિચાર કરતી, દાણા ફોલી કણ ખાઈ ગઈ. એને પણ સસરાજીની વાતનો મર્મ ન સમજાયો.

ત્રીજા છોકરાની વહુ જરાક ઝીણા સ્વભાવની હતી. એણે વિચાર્યું, 'સસરાજીએ આપેલા પાંચ દાણા દાબડીમાં મૂકીને સાચવી રાખવા અને માગે ત્યારે દાબડી ખોલીને કાઢી આપવા. એમાં કંઈ મોટી વાત નથી.' એમ વિચાર કરી એણે એ દાણાને દાબડીમાં મૂકી સંઘરી રાખ્યા. ત્રીજી વહુ પણ શેઠની વાતનો મર્મ સમજી શકી નહિ.

સૌથી નાના દીકરાની વહુ ચતુર અને સમજુ હતી. એને થયું, 'સસરાજીની વાતમાં કાંઈક ઊંડો મર્મ હોવો જોઈએ. આ દાણા સંઘરી રાખવા એ વાત તો સાચી, પણ સંઘરેલા દાણા વખત જતાં બગડી જાય, એના કરતાં એ દાણા ખેતરમાં વવરાવી દઉં તો કેવું ? કણમાંથી મણ થતાં અનાજને કેટલી વાર ? અને સસરાજીને પણ એ જરૂર ગમી જશે.'

આમ વિચાર કરી એણે આ પાંચ દાણા પોતાના પિયેરમાં મોકલાવીને વવરાવ્યા. એક સાલ ગઈ. બીજી સાલ ગઈ. પાક પાકતો ગયો ને વહુ એને ફરી-ફરી વવરાવતી ગઈ. આ રીતે પેલા દાણા વધતા જ ચાલ્યા. પેલી ત્રણેય મોટી વહુઓ તો આ દાણાની વાત પણ ભૂલી ગઈ હતી. પણ ચોથી વહુને તો આ વાત હરહંમેશ યાદ રહેતી.

પછી એક દિવસ શેઠે ચારે વહુઓને બોલાવીને કહ્યું, ''વહુબેટા, ડાંગરના પેલા પાંચ દાણા પાછા આપો.'' પહેલી બે વહુઓ કહે, ''એ દાણા તો તે દહાડે જ પૂરા થઈ ગયા. હવે એ દાણા ક્યાંથી લાવીએ ? કહો તો કોઠીમાંથી પાંચ-પાંચ દાણા લઈ આવીએ.'' ત્રીજી વહુ કહે, ''સસરાજી, મેં એ દાણા બરાબર સાચવી રાખ્યા છે. થોભો, હું દાબડી લઈ આવું.'' એમ કહી એ ઘરમાં ગઈ અને દાબડીમાંથી કાઢી એણે પાંચેય દાણા સસરાજીના હાથમાં મૂક્યા. નાની વહુ આ બધું જોતી, ધીમું-ધીમું હસી રહી હતી. શેઠે કહ્યું, ''દીકરા, તું કેમ કંઈ બોલતી નથી ? જા, તારા દાણા લઈ આવ. કેમ, લાવી શકીશ ને ?''

એણે કહ્યું, ''સસરાજી, એ દાણા લાવવા માટે આપને મારે પિયેર ગાડાં મોકલવાં પડશે. આજે હવે એ દાણા પાંચ નથી રહ્યા. એ વધી-વધીને ગાડાં ભરાય તેટલા થયા છે.''

પછી નાની વહુએ એ દાણાની વાત માંડીને કહી સંભળાવી. એ પરથી ધનપાલે ત્રણે મોટી વહુઓને કહ્યું, ''તમારા સૌમાં આ નાની વહુ ઠરેલ અને ચતુર છે. આજથી આપણા આખા ઘરનો કારભાર એ ચલાવશે. તમે સૌ એના શાણપણનો લાભ લેજો.''

અને પછી શેઠ નાની વહુ તરફ જોઈને બોલ્યા, ''દીકરી, આજથી ઘરમાં કોઠારનો કારભાર તને સોંપું છું. મને ખાતરી થઈ છે કે તું આ ઘરની લક્ષ્મી છે. તારા હાથમાં આવેલી સંપત્તિ વધતી જ જશે. તું જ મારા ઘરને સારી રીતે સાચવી શકશે.''

પછી એમણે ત્રીજી વહુને કહ્યું, ''બેટા, આજથી રસોડાનો કારભાર તારે સાચવવાનો.'' બીજી વહુને કહ્યું, ''નોકરચાકર ઉપર દેખરેખ તારે રાખવાની.'' અને મોટી વહુને કહ્યું, ''વહુજી, ઘરની સાફસૂફીની જવાબદારી તમારે સંભાળી લેવાની.''

પછી શેઠે બધી વહુઓને કહ્યું, ''સૌ પોતપોતાની સૂઝ પ્રમાણે અને સ્વભાવ પ્રમાણે વહેંચીને ઘરનું કામ કરશો, તો ઘરની શોભા રહેશે અને બધાં સુખી થશો.''

## • શબ્દસમજૂતી

**દેશાવર** પરદેશ **ગણતરીવાળા** ઝીણી બાબતોની દરકાર કરનાર **ઘરની રાણી** ગૃહિણી **અઢળક** પુષ્કળ **ઘરરખુ** ઘર-ઘરવ્યવહાર- સાચવનારી **પારખું** પરીક્ષા **ડાંગર** એક ધાન્ય, જેમાંથી ચોખા નીકળે છે. **જતન** જેને સાચવવાનું છે, તેને કશું થાય નહિ તેની સતત જાગૃતિ **ઉછાંછળી** ઉદ્ધત, શરમ વિનાની **છીછરી બુદ્ધિની** કાચી-અપરિપક્વ બુદ્ધિની **મર્મ** રહસ્ય, તાત્પર્ય **લહેરી** તરંગી, ઉડાઉ **મામૂલી** તુચ્છ, સામાન્ય, સાધારણ **ચતુર** સમય-સંજોગો સમજીને એ પ્રમાણે ગણતરીથી બુદ્ધિપૂર્વક વર્તનાર

## • રૂઢિપ્રયોગ

**લક્ષ્મીની છોળો ઊછળવી** - પુષ્કળ પ્રમાણમાં ધન હોવું

**ઝીણા જીવના હોવું** - કરકસરિયા હોવું

**વાતમાં મર્મ હોવો** - વાતમાં રહસ્ય હોવું

**કણમાંથી મણ થવું** - થોડામાંથી વધારે થવું

**વાત માંડીને કહેવી** - વાત વીગતવાર કહેવી

**જીવ પરોવી દેવો** - એક ચિત્ત થઈ જવું

## • ભાષાસજ્જતા

• **નીચેનાં વાક્યો વાંચો :**

1. નાની વહુએ દાણા પિતાને મોકલ્યા.
2. નિક્ષિતા મેડમે વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવ્યું.
3. પરવીન મેડમે દરદીને દવા આપી.

ઉપરનાં વાક્યોમાં **'દાણા', 'અંગ્રેજી', 'દવા'** એ મુખ્ય કર્મ છે. કારણ કે તે પદાર્થો સાથે ક્રિયા જોડાયેલી છે. પણ **'પિતા', 'વિદ્યાર્થી', 'દરદી'** શું છે ? જે ક્રિયા થઈ તેને કારકો વસ્તુનો લાભ મેળવનાર અથવા ક્રિયાની અસર ભોગવનાર તેઓ છે. તેથી તેમને **ગ્રાહકકર્મ** કહે છે. જે ક્રિયાપદો આવાં બે કર્મો સાથે જોડાયેલાં હોય તેમને દ્વિકર્મક ક્રિયાપદ કહે છે.

## • અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમઅક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) ધનપાલ શેઠ ગણતરીવાળા હતા નો અર્થ ....... ☐

(ક) પૈસાદાર હોવાથી હિસાબમાં પક્કા હતા. (ખ) બહુ જ લોભી હતા.

(ગ) કંજૂસ હતા. (ઘ) ધનની બાબતમાં કુનેહવાળા હતા.

2. ધનપાલ શેઠે ચાર વહુઓને દાણા આપ્યા હતા કારણ કે ....

   (ક) હોશિયાર વહુને ઓળખવા માગતા હતા.

   (ખ) વહુઓની પરીક્ષા લેવા માગતા હતા.

   (ગ) આવડતવાળી વહુને શોધવા માગતા હતા.

   (ઘ) કઈ વહુ દાણા વાવીને ડબલ કરે છે તે જાણવા માગતા હતા.

3. ત્રીજી વહુની દાણા વાવવાની વાત સાંભળીને ધનપાલ શેઠ.........

   (ક) બે વહુઓ પર બહુ જ ખીજાયા.

   (ખ) બંનેને અલગ ઘરમાં રહેવા ચાલ્યા જવાનું કહ્યું.

   (ગ) નાની વહુની રાહબરી હેઠળ કામ કરવા કહ્યું.

   (ઘ) ત્રીજી વહુને ઘરની તમામ જવાબદારી સોંપી.

**2. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) ધનપાલ શેઠની પરિસ્થિતિ કેવી હતી ?

(2) શેઠ ઘરની રાણી વિશે શું માનતા હતા ?

(3) દીકરાઓની કઈ બાબતથી શેઠને સંતોષ હતો ?

(4) વહુઓનું પારખું કરવા શેઠે કઈ યુક્તિ વિચારી ?

(5) સૌથી નાના દીકરાની વહુએ શેઠે આપેલ પાંચ દાણાનું શું કર્યું ?

B6L4C9

## • સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો :**

(1) શેઠે ઘરના કોઠારનો કારભાર કોને સોંપ્યો ? શા માટે ?

(2) શેઠ ધનવાન હતા, છતાં તે ગણતરીવાળા હતા, એવું શા માટે કહી શકાય ?

(3) શેઠને વહુઓનું જ પારખું કરવાની ઇચ્છા કેમ થઈ ?

(4) ધનપાલ શેઠે સૌથી નાની વહુને ઠરેલ અને ચતુર કેમ ગણી ?

(5) ધનપાલ શેઠે નાની વહુમાં કયા પ્રકારનું શાણપણ જોયું ?

**2. નીચેનાં વાક્યો કોણ બોલે છે તે લખો :**

(1) ''એ દાણા જતન કરીને સાચવી રાખજો.''

(2) ''એ દાણા તો તે દહાડે જ પૂરા થઈ ગયા. હવે એ દાણા ક્યાંથી લાવીએ ?''

(3) ''સસરાજી, મેં એ દાણા બરાબર સાચવી રાખ્યા છે. થોભો, હું દાબડી લઈ આવું.''

(4) ''સસરાજી, એ દાણા લાવવા માટે આપને મારા પિયેર ગાડાં મોકલવાં પડશે.''

**3. નીચેનાં પાત્રોનો ચાર-પાંચ વાક્યોમાં પરિચય કરાવો :**

(1) ધનપાલ શેઠ (2) સૌથી નાના દીકરાની વહુ

**4. સૂચવ્યા મુજબ કરો :**

- તમારા વડીલો પાસેથી કહેવતો સાંભળો.
- આ કહેવતોના અર્થ તમારા શિક્ષકની મદદથી જાણો અને લખો.
- આ કહેવતોનો વાક્યપ્રયોગ કરો.
- તમે એક મૌલિક વાર્તાલેખન કરો.
- તમે લખેલી વાર્તાનું તમારા વર્ગખંડમાં વાંચન કરો.

**5. નીચેનાં વાક્યોમાંનાં ક્રિયાપદો ઓળખી તેના પ્રકારો લખો :**

(1) રાજકુમાર બેઠો.

(2) ગાંધીજીએ ટુકડો ફાડ્યો.

(3) વીશીવાળા મહારાજે દેવશંકરને ભાત પીરસ્યા.

(4) કુસુમાયુધ રડ્યો.

(5) જીવરામ ભટ્ટ જમ્યા.

(6) સારથિએ ઘોડા છોડી નાખ્યા.

(7) મહારાજે તરત સેનાપતિને આજ્ઞા કરી.

(8) નાની વહુએ સાસુમા આગળ ચાડી ખાધી.

**• પ્રવૃત્તિ**

(1) આ વાર્તા નાટક સ્વરૂપે વર્ગમાં ભજવો.

(2) અકબર - બીરબલના ચતુરાઈભર્યા કિસ્સાઓ મેળવીને વાંચો.

(3) ઘરનાં બધાં કામ પોતાની સૂઝ-બૂઝ, આવડત મુજબ વહેંચીને કરવાથી સૌને ફાયદો થાય છે. આપણી શાળામાં પણ આવું થઈ શકે ? વિચારી જુઓ...

# 20. સુભાષિતો

U4A1Z1



**શેષ**

**જન્મ : 1887, અવસાન : 1955**

કવિ રામનારાયણ વિશ્વનાથ પાઠક 'શેષ'નો જન્મ અમદાવાદ જિલ્લાના ગાણોલ ગામમાં થયો હતો. કવિતાઓ, વાર્તાઓ, વિવેચનો, નિબંધો, છંદશાસ્ત્ર વગેરે પ્રકારોમાં તેમણે પ્રદાન કર્યું છે. તેમણે 'શેષ' ઉપનામથી કવિતા, 'દ્વિરેફ' ઉપનામથી વાર્તાઓ અને 'સ્વૈરવિહારી' ઉપનામથી નિબંધો લખ્યા છે.

કવિએ આ પંક્તિમાં જગતના સાચા દાનવીર અને શૂરવીરનાં લક્ષણો જણાવ્યાં છે. શૂરવીરને ધન્યવાદ પણ પાઠવ્યા છે.

**એકલ દેતા દાન જે, એકલ ઝૂઝત જંગ,**
**એકલ જગનિંદા સહે, એ વીરોને સંગ.**



**જલન માતરી**

**જન્મ : 1934**

કવિનું મૂળ નામ જલાલુદ્દીન અલ્વી (જલન માતરી)નું વતન ખેડા જિલ્લામાં આવેલ માતર ગામ છે. તેઓ આપણા જાણીતા ગઝલકાર છે.

આ મુક્તક દ્વારા કવિ પોતાના લક્ષ્યસ્થાને પહોંચનાર પ્રવાસી માર્ગની વિષમતાની ચિંતા કરતો નથી, ઉદ્યમશીલ મનુષ્ય ભવિષ્યવાણીના આધારે જીવતો નથી. જે ખરો દાતા છે, તે યાચકની જાત જોતો નથી, એવું મૂલ્ય ઉત્તમપણે સમજાવે છે.

**મંજિલ હો જેનું ધ્યેય એ રસ્તા નહિ જુએ,**
**ઉદ્યમી હો, હસ્તની રેખા નહિ જુએ;**
**દાનેશ્વરીનું કામ છે ખેરાત વહેંચવી,**
**યાચકની જાતને કદી દાતા નહિ જુએ.**

*

**લોકસાહિત્ય**

લોકોથી અને લોકો માટે જે સાહિત્યની રચના થતી રહે છે, તેને લોકસાહિત્ય કહે છે. - લોકોમાં પ્રચલિત બન્યું હોય તેવું સાહિત્ય પણ લોકસાહિત્ય છે, જેનો રચયિતા લોકસમુદાય છે.

લોકસાહિત્યના આ દુહામાં પોતાની જાતને ઘસી નાખી અન્યને સુખી-સદ્‌ગુણી બનાવવા મથતાં સંત અને અગરબત્તીનો મહિમા ગાયો છે.

**આપ બળે એકલ ખૂણે, ધૂપ બધે પ્રસરંત;**
**જગમાં એવા જનમિયા અગરબત્તી ને સંત.**

*



**કુતુબ આઝાદ**


**જન્મ : 1922, અવસાન : 2006**

કવિ કુતુબ આઝાદનો જન્મ અમરેલી જિલ્લાના બગસરા ગામમાં થયો હતો. તેમણે વર્ષો સુધી 'તમન્ના' નામનું માસિક ચલાવી સાહિત્યની ઉમદા સેવા કરી, સમાજની સાંપ્રત સમસ્યાને કેન્દ્રમાં રાખી અનેક લોકભોગ્ય પદ્યરચનાઓ આપી છે. તેમણે બાર જેટલાં પુસ્તકો આપ્યાં છે.

આ ગઝલપંક્તિમાં કવિએ નમ્રતાનો મહિમા સુપેરે સમજાવ્યો છે.

**ફળો આવે છે, ત્યારે ડાળીઓ નીચી નમી જઈને;**
**ખરેખર નમ્રતા શું છે, જમાનાને બતાવે છે.**

*



**વેણીભાઈ પુરોહિત**

**જન્મ : 1916, અવસાન : 1980**

કવિ વેણીભાઈ પુરોહિતનો જન્મ જામનગર જિલ્લાના જામખંભાળિયામાં થયો હતો. તેમના પિતાનું નામ જમનાદાસ અને માતાનું નામ ગુલાબબહેન. 'ઝરમર', 'પરોઢિયાની પદમણી' અને 'નયણાં' તેમના જાણીતા ગીતસંગ્રહો છે. ચિંતા, દુઃખ, ખટરાગ... આ બધું ઠરે છે; પરંતુ ઈર્ષારૂપી આગ ઠરતી નથી તે ભાવ આ સુભાષિતમાં સરસ રીતે વ્યક્ત થયો છે.

**ચેહ ઠરે દુ:ખડાં ઠરે, ઠરી જાય ખટરાગ;**
**પણ ઈરખાની આગ, ઠારે ત્યમ બમણી બળે.**

- **શબ્દસમજૂતી**

**એકલ** એકલાં **ઝૂઝત** જોરથી લડવું **જંગ** મોટી લડાઈ, યુદ્ધ **ખેરાત** દાન **યાચક** માગણ **પ્રસરંત** (અહીં) પ્રસરવું, ફેલાવું તે **ચેહ** મડદાની ચિતા **ખટરાગ** (અહીં) કજિયો, અણબનાવ **ઈરખા** ઈર્ષા

● **ભાષાસજ્જતા**

આપણે વિશેષણ વિશે જાણીએ છીએ. નામના અર્થમાં વિશેષતા લાવે તે વિશેષણ. એ જ રીતે, ક્રિયાપદની સાથે એના અર્થમાં વિશેષતા દર્શાવવા માટે જે પદ આવે છે, તેને **ક્રિયાવિશેષણ** કહે છે.

● **નીચેનાં વાક્યો વાંચો :**

1. તે નીચે ઊતરી - તે **સડસડાટ** નીચે ઊતરી.
2. મેહુલ લખે છે. - મેહુલ **ધીમે-ધીમે** લખે છે.
3. હારને થેલીમાં મૂક્યો - હારને **સાચવીને** થેલીમાં મૂક્યો.
4. ભારતી હસે છે. - ભારતી **મોટેથી** હસે છે.
5. આશા દોડે છે - આશા **ઝડપથી** દોડે છે.

પહેલા વાક્યમાં ‘તે નીચે ઊતરી’માં **‘ઊતરવું’** ક્રિયાપદ છે. તેની સામેનું વાક્ય વાંચો. તે **સડસડાટ** નીચે ઊતરી. અહીં **સડસડાટ**ને કારણે ક્રિયામાં ચોક્કસ વેગ જણાઈ આવે છે.

બીજાં ઉદાહરણોમાં **‘ધીમે-ધીમે’, ‘સાચવીને’, ‘મોટેથી’** અને **ઝડપથી** જેવા શબ્દો અનુક્રમે **‘લખવું’, ‘મૂકવું’, ‘હસવું’** અને **‘દોડવું’** જેવી ક્રિયાઓ વિશે વિશેષ માહિતી આપે છે. આ પદો ક્રિયાની ઝડપ, રીત વગેરેનો નિર્દેશ કરે છે. આમ, **ક્રિયાના અર્થમાં વિશેષતા લાવનાર પદોને ક્રિયાવિશેષણ કહેવાય છે.** આ પાઠ્યપુસ્તકમાંથી આવાં બીજાં ઉદાહરણો શોધીને તમારી નોંધપોથીમાં લખો.

● **અભ્યાસ**

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમઅક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) રા. વિ. પાઠકનું તખલ્લુસ નામ ......... ☐

(ક) શેષ (ખ) દ્વિરેફ (ગ) સુંદરમ્ (ઘ) માતરી

(2) અહીં મંજિલ એટલે ........... ☐

(ક) માળ (ખ) મજલો (ગ) રસ્તો (ઘ) ધ્યેય

(3) ધૂપ બધે પ્રસરંતનો અર્થ .......... ☐

(ક) કિર્તી ફેલાવી. (ખ) સુગંધ ફેલાવી.

(ગ) ધૂપ બધી જ જગ્યાએ પ્રસરવો. (ઘ) ધુમાડો ફેલાવો.

4. ઈર્ષારૂપી આગને ............થી પણ વધારે દાહક બતાવી છે. ☐

(ક) ચિત્તા (ખ) ક્રોધ (ગ) ગુસ્સો (ઘ) ચિંતા

**2. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) કવિ કેવા શૂરવીરને શાબાશી આપે છે ?

(2) સાચો દાતા કોણ છે ?

(3) ડાળીઓ ક્યારે નમી જાય છે ?

(4) જગતમાં કઈ આગ ઠારવાથી બમણી થાય છે ?

H5P6U5

## ● સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો :**

(1) કવિને મતે ઉદ્યમી માણસ કેવો હોય ?

(2) અગરબત્તીની જેમ અન્યના જીવનને સુવાસિત કરવા તમે શું-શું કરી શકો ?

(3) સંત અને અગરબત્તીનો મહિમા શા માટે ગવાયો છે ?

(4) કવિ નમેલી ડાળીઓ દ્વારા શું સૂચવે છે ?

(5) શું ઈર્ષ્યાની આગ ઠારી શકાય ? કેવી રીતે ?

**2. નીચે આપેલા વિશિષ્ટ બોલીના શબ્દોનાં માન્ય ભાષારૂપો આપો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| જનમિયા | - | જન્મ્યાં | પ્રગટિયા | - | ________ |
| જમિયા | - | ________ | રમિયા | - | ________ |
| બોલિયા | - | ________ | | | |

**3. સૂચવ્યા મુજબ લખો :**

- તમારા ઘરમાં કે મહોલ્લામાં બોલાતા લોકબોલીના દસ શબ્દો લખો.
- આ શબ્દો માટેના માન્ય શબ્દો તમારા શિક્ષક પાસેથી જાણીને લખો.
- આ શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.
- આ શબ્દોનો વાક્યપ્રયોગ કરો.

**4. નીચેનાં વાક્યોમાંથી ક્રિયાવિશેષણો ઓળખીને અલગ લખો :**

(1) માલા સરસ લખે છે.

(2) પછી તેઓ હળવેકથી બોલ્યા.

(3) ફૂલઝાડ પર એ અખૂટ વહાલ વરસાવે છે.

(4) ભારતી અત્યારે હસે છે.

(5) મિત્તલ આંગણામાં રમે છે.

## ● પ્રવૃત્તિ

(1) તમે સાંભળેલાં, વાંચેલાં દુહા અને સુભાષિતો વર્ગ સમક્ષ રજૂ કરો.

(2) શાળાનાં ભીંતસૂત્રો એકત્ર કરી તેમાંથી તમને પસંદ એક વિશે વિચારવિસ્તાર કરો.

(3) જાહેર સ્થળોએ લખેલાં સુવિચાર, સૂત્રો, પંક્તિઓ લખો અને શાળામાં રજૂ કરો.

# પુનરાવર્તન - 4

## 1. નીચેની કાવ્યપંક્તિઓ પૂર્ણ કરો :

મોરપીંછમાં .............

............. સવાર છે જી.

રાતી .............

............. સવાર છે જી.

વાદળ .............

સોના જેવી સવાર છે જી.

## 2. નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો :

(1) દરબારે સિંહની સારવાર કેવી રીતે કરી ?

(2) જીવરામ રંગલાને કઈ શરત રાખવાનું કહે છે ?

(3) ''પનઘટ પરનાં બેડાં સૂર્યપ્રકાશથી ચળકી ઊઠ્યાં છે.''- આ ભાવ દર્શાવવા કાવ્યમાં કવિએ કઈ પંક્તિ વાપરી છે ?

(4) ધનપાલ શેઠે મોટી વહુને ઘરની સાફસૂફીનું કામ કેમ સોંપ્યું ?

(5) સાચા શૂરવીરનાં લક્ષણો જણાવો.

## 3. નીચેનાં વિધાનોનાં કારણો આપો :

(1) સિંહ નદીના કાંઠે બે-ત્રણ દિવસ સુધી બેસી રહ્યો.

(2) સોમનાથે આપેલો કાગળ જીવરામ ભટ્ટ વાંચવાની ના પાડે છે.

(3) ગંગા જીવરામ ભટ્ટને જુઠ્ઠા કહે છે.

(4) ધનપાલ શેઠે દીકરાઓની વહુઓની પરીક્ષા લીધી.

(5) બીજા છોકરાની વહુ દાણા ફોલી કણ ખાઈ ગઈ.

4. **નીચેના શબ્દોની સાચી જોડણી લખો :**

(1) યુક્તી (2) વેકુર (3) શીરસ્તો (4) પરિક્ષા (5) હોશીયારિ

(6) મંજીલ (7) દાનેશ્વરિ (8) બુધ્ધી (9) મિથ્યાભીમાન (10) ઘુનો

5. **નીચે આપેલાં પાત્રો વિશે દસ-બાર વાક્યો લખો :**

(1) દરબાર માત્રા વાળા

(2) શેઠ ધનપાલ

(3) જીવરામ ભટ્ટ

6. **સૂચવ્યા મુજબ કરો :**

- પાઠ 10થી 20માં આવતા રૂઢિપ્રયોગો અને કહેવતોની યાદી તૈયાર કરો.
- તમે લખેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યપ્રયોગ કરો.
- તમે લખેલી કહેવતો સમજાવો.
- તમારા લખાણની સંગ્રહપોથી બનાવો.

7. **નીચેનાં વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે, તે લખો :**

(1) જીવરામ ભટ્ટ તમે અમને દેખો છો ?

(2) હા લાવો, શા વાસ્તે નહિ વાંચીએ ?

(3) જોજો ભાઈઓ, સુરદાસજી કાગળ વાંચે છે ?

(4) આ કેટલાં આંગળાં છે ? કહો જોઈએ.

(5) તારા જેવા ઠગ અમને જૂઠા કહે તેથી શું ?

8. **નીચેનાં વાક્યોમાંથી ક્રિયાપદો શોધી, તેના પ્રકાર લખો :**

(1) વરસાદ વરસ્યો.

(2) ચૂલો સળગ્યો.

(3) મયંકે ગોળ ખાધો.

(4) યજમાન મહેમાનને જમાડે છે.

(5) આચાર્યશ્રીએ મહેમાનને આમંત્રણ પાઠવ્યું.

**9. વહેલી સવારે ઊઠીને ફરવા ગયા હોય, ત્યારે તમને થયેલા અનુભવોનું પાંચ-સાત વાક્યોમાં લેખન કરો.**

**10. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો :**

| | | | |
|---|---|---|---|
| દૃશ્ય | ________ | જાણીતું | ________ |
| સંકડાશ | ________ | સમજ | ________ |
| વિદાય | ________ | યજમાન | ________ |

**11. ગુરુવિરામ (:) અને અલ્પવિરામ (,)નો ઉપયોગ થયો હોય તેવાં પાંચ-પાંચ વાક્યો પાઠ નં. 16 થી 20માંથી શોધીને લખો.**

પૂરક વાચન

# 1. ગોવિન્દના ગુણ ગાશું



**મીરાંબાઈ**
**16મું શતક**

મીરાંબાઈનો જન્મ રાજસ્થાનમાં આવેલા મેડતા ગામના રાજપરિવારમાં થયો હતો. તેમણે શ્રીકૃષ્ણને જ પોતાનું સર્વસ્વ ગણીને રાજવૈભવ તજી સાધ્વી જેવું જીવન સ્વીકાર્યું હતું. તેમનાં પદોમાં કૃષ્ણભક્તિ કેન્દ્રસ્થાને રહી છે. તેમની કવિતા આજે પણ એટલા જ ભાવ-ભક્તિથી વંચાય-ગવાય છે. તેમનાં પદોમાં દાસત્વ, ભક્તિ, ઝંખના, ઉત્કટ તાલાવેલી વગેરે અનુભવાય છે.

આ પદમાં મીરાંબાઈ ગોવિન્દના ગુણ ગાય છે. શ્રીકૃષ્ણની પ્રેમભક્તિ ખાતર તે બધી સજા સહજરૂપે સ્વીકારી લે છે. ભક્તિમાં દૃઢતા કેટલી જરૂરી છે તેની અહીં પ્રતીતિ થાય છે.



પ્યારા ગોવિન્દના ગુણ ગાશું
રાણાજી, અમે પ્યારા ગોવિન્દના ગુણ ગાશું.
ચરણામૃતનો નિયમ હમારે;
નિત્ય ઊઠી મંદિર જાશું. રાણાજી...
રાણોજી રૂઠશે તો રાજ તજાવશે;
પ્રભુજી રૂઠે રે મરી જાશું. રાણાજી...
વિખના પ્યાલા રાણાજીએ મોકલ્યા;
ચરણામૃત કરી લેશું. રાણાજી...
રામના નામનું જહાજ બનાવશું;
તેમાં બેસીને તરી જાશું. રાણાજી...
બાઈ મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ;
ચરણકમળ પર વારી જાશું. રાણાજી...

- *'મીરાંનાં પદો'માંથી*

**● શબ્દસમજૂતી**

**ગોવિન્દ** શ્રીકૃષ્ણ ભગવાન **ચરણામૃત** દેવ કે સંતના પગ ધોવામાં વપરાયેલું પાણી એ જ અમૃત **રૂઠશે** કોપશે, ખિજાશે **વિખના** વિષના, ઝેરના **ગિરિધર** શ્રીકૃષ્ણ; ગિરિ (ગોવર્ધન પર્વત) ધારણ કરનાર **ચરણકમળ** ચરણ (પગ) રૂપી કમળ; કમળ જેવાં ચરણ - પગ

# 2. ફાટેલી નોટ



**જગદીશ ત્રિવેદી**

**જન્મ : 12-10-1967**

ડૉ. જગદીશ લાભશંકર ત્રિવેદીનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ગામમાં થયો હતો. તેઓ હાસ્યકલાકાર અને હાસ્યલેખક છે. 'સાત સફળ એકાંકી' અને 'માણસકંપ' એકાંકીસંગ્રહો તથા 'રમૂજની રેલગાડી', 'ગમ્મતગુલાલ' અને 'હાસ્યની હૉસ્પિટલ' તેમનાં હાસ્યરસનાં પુસ્તકો છે. 'રમૂજની રેલગાડી' સંગ્રહને ગુજરાતી સાહિત્ય પરિષદનું 'જ્યોતીન્દ્ર દવે' પારિતોષિક મળેલ છે

આ પાઠમાં લેખકે હાસ્ય નિષ્પન્ન કરવાના ઉદ્દેશથી પાંચ રૂપિયાની ફાટેલી નોટ અને એને વટાવવાના વિવિધ પ્રયાસોની હાસ્યસભર શૈલીમાં રજૂઆત કરી છે. રિક્ષાચાલકે આપેલી ફાટેલી નોટ વિવિધ વ્યક્તિઓ પાસે વટાવવાના નિષ્ફળ પ્રયાસોનો દૃશ્યાત્મક ચિતાર અહીં આપ્યો છે. લેખક અંતે એક ભિક્ષુકને આ ફાટેલી નોટ પધરાવી મુક્તિનો અનુભવ કરે છે.

ઓખાથી આવતો અને મુંબઈ જતો સૌરાષ્ટ્ર મેલ સુરેન્દ્રનગરથી રાત્રે પોણા આઠ વાગ્યે ઊપડે છે. આ ટ્રેનમાં મુંબઈ  જવા માટે હું રિક્ષામાં બેસીને રવાના થયો. રસ્તામાં આવતું ફાટક બંધ હોવાથી સ્ટેશન પહોંચ્યો, ત્યારે ગાડી આવી ગઈ હતી. મારો અનુભવ છે કે મારે જે દિવસે બહારગામ જવાનું હોય ત્યારે ટ્રેન સમયસર આવી જતી હોય છે. વળી, જે દિવસે ખિસ્સામાં ટિકિટ ન હોય ત્યારે ચેકિંગવાળા અવશ્ય આવતા હોય છે.

મેં રિક્ષાચાલકને ઉતાવળથી વીસની નોટ આપી અને ગભરાયેલા અવાજે પાંચ રૂપિયા ઝડપથી પાછા આપવા જણાવ્યું. રિક્ષાચાલકે આમ મને ઘાંઘો થયેલો જાણી, લાગ જોઈને સોગઠી મારી. એની પાસે લાંબા સમયથી હશે એવી પાંચ રૂપિયાની ફાટેલી નોટ મને પધરાવી દીધી. મેં નોટ સામે જોયા વગર માત્ર ગાડી સામે જોઈને ચાલુ ટ્રેને મારા ડબ્બામાં વિજયપ્રવેશ કર્યો.

મારા નામથી આરક્ષિત બર્થ ઉપર હું બેઠો. પછી મેં હાથમાં રહેલી નોટ સામે જોયું, તો મારા ચહેરા ઉપર ગાડી મળી ગયાનો આનંદ હતો, તેના સ્થાને ફાટેલી નોટ આવી ગયાનો આઘાત છવાઈ ગયો, માથાભારે ભાડૂત ભટકાઈ ગયા પછી જે ચિંતા મકાનમાલિકને થાય અથવા કોઈ પણ જાતની લાયકાત વગરનો પુત્ર ઉંમરલાયક થાય, પછી જે ચિંતા પિતાને થાય તેવા પ્રકારની ચિંતા મને થવા લાગી અને હું વહેલામાં વહેલી તકે ફાટેલી નોટ વટાવી નાખવાની વેતરણમાં પડ્યો.

લખતર સ્ટેશનથી બૂપૉલિશવાળો મારા ડબ્બામાં ચડ્યો. એક વાર અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ અબ્રાહમ લિંકન

પોતાના બૂટને જાતે પૉલિશ કરતા હતા, આ જોઈને તેમના સેક્રેટરીએ પૂછ્યું કે તમે તમારા બૂટને પૉલિશ કરો છો ? ત્યારે રમૂજી સ્વભાવના લિંકન બોલ્યા કે તમે બીજાના બૂટને પૉલિશ કરો છો ?

હું લિંકન જેટલો મહાન નથી છતાં મારા બૂટને જાતે પૉલિશ કરું છું. હજુ કલાક પહેલાં જ બૂટ પૉલિશ કર્યા હતા છતાં ફરીથી આપ્યા. બૂટ સાથે સૂચના પણ આપી કે મોઢું દેખાય તેવા ચકચકિત થવા જોઈએ. પૉલિશવાળાએ કહ્યું કે સાહેબ, તમારા મોઢામાં ખાસ કશું જોવા જેવું નથી છતાં, મોઢું જોવું જ હોય તો રેલવેએ અરીસા રાખ્યા છે. બૂટમાં મોઢું દેખાશે નહિ, માટે તમે કહો તો પૉલિશ કરું. મારે ફાટેલી નોટ વટાવવી હતી, એટલે હું ગમ ખાઈ ગયો. એ પૉલિશ કરી રહ્યો એટલે મેં પેલી ખાસ નોટ આપી, એણે નોટ હાથમાં લઈને તરત જ પાછી આપતાં કહ્યું કે સાહેબ, આ નોટ ફાટેલી છે, બીજી આપો ! મારું હૃદય ધબકારો ચૂકી ગયું અને મારે પાંચનો સિક્કો આપવો પડ્યો.

મારા માટે દુકાળમાં અધિકમાસ જેવું થયું. વિરમગામથી ચણાની દાળવાળો પ્રગટ થયો. હું કાયમ ઘેરથી જમીને નીકળું પછી મુંબઈ સુધી કશું ખાતો નથી, છતાં દસ રૂપિયાની દાળનો ઑર્ડર આપ્યો. એણે દાળમાં ડુંગળી, ટમેટાં. કોથમીર, મસાલો, લીંબુનો રસ વગેરે નાખીને છાપાની પસ્તીમાં આપી, સાથે પૂંઠાની ચમચી પણ આપી, મેં ખિસ્સામાંથી એક નવી પાંચની નોટ કાઢી, ત્યાર બાદ તેમાં ફાટેલી પાંચની નોટ મૂકીને દસ રૂપિયા આપ્યા, દાળવાળાએ લીંબુનો રસ અને મસાલાવાળા હાથે નવી નોટ ખિસ્સામાં મૂકી અને ફાટેલી નોટને બંને બાજુ ફેરવીને પાછી આપતાં બોલ્યો :



બૉસ, બીજી નોટ આપો.

મેં કહ્યું : કેમ ભાઈ, આ નોટ સાચી નથી ?

એણે કહ્યું કે, ''સાચી છે પણ સાજી નથી, ફાટેલી છે.''

''મેં લીધી ત્યારે ફાટેલી જ હતી !'' મેં નિરર્થક દલીલ કરી.

''તમારે ન લેવી જોઈએ, ધંધાનો ટાઈમ ખરાબ કરો મા, બીજી નોટ આપો'' : એણે ખિજાઈને કહ્યું.

અંતે મારે બીજી નોટ આપવી પડી, ગાડી આગળ વધતી જતી હતી, તેમ મારી ચિંતા પણ વધતી જતી હતી. રાત્રે સવા દસ વાગ્યે અમદાવાદ આવ્યું. જોકે અમદાવાદ તો જ્યાં હતું ત્યાં જ હતું, અમારી ટ્રેન અમદાવાદ આવી હતી. કાલુપુર રેલવે-સ્ટેશને ઘણા સ્ટૉલ છે, પૈડાંવાળા ફરતા સ્ટૉલ અને ફેરિયા પણ પુષ્કળ છે, મેં પ્લૅટફૉર્મ ઉપર ઊતરીને કોઈ ચશ્માંવાળા વેપારીને શોધવા માટે ચશ્માં ચડાવ્યાં. જો સાચા હૃદયથી શોધખોળ આદરો તો સફળતા મળે જ છે, મને પ્લૅટફૉર્મના છેડે ભજિયાંની લારીવાળો ચશ્માંધારી મળી ગયો, એના ચશ્માંના કાચ સોડાની બાટલીના તળિયા જેવા જાડા હતા. બંને કાચની મધ્યમાં જોવા મળતી એની આંખો જે કદની હતી, એના કરતાં ઘણી નાની દેખાતી હતી, આ ત્રીજો ઘા ખાલી નહિ જાય, એવી આશાથી મેં પાંચ રૂપિયાનાં ભજિયાં જોખાવ્યાં.

એણે વારંવાર તળવાથી પીળામાંથી મરૂન થઈ ગયેલાં ભજિયાં સાથે વાસી ભજિયાંને પાણીમાં ઓગાળીને બનાવેલી ચટણી પણ આપી. મેં બોજ બની ગયેલી ફાટેલી નોટને બે વખત વાળીને આપી, એણે નોટની બંને સળ ખોલી એક જ નોટને બે હાથથી પકડી અને ચશ્માંના કાચને અડી જાય એટલી નજીકથી જોઈને ફેંસલો સંભળાવ્યો કે કાકા, આ નોટ નહિ ચાલે.

આ રીતે મેં આણંદમાં દૂધ પીધું, વડોદરાનો ચેવડો ખાધો, સુરતમાં ઘારીનો ટેસ્ટ કર્યો, કાયમ અમદાવાદથી મેલ ઊપડે એટલે ઊંઘી જનારો પ્રવાસી એ દિવસે રાતના અઢી વાગ્યા છતાં જાગતો હતો. બોર્ડની પરીક્ષામાં વારંવાર નાપાસ થતો ઠોઠ નિશાળિયો જેમ છેલ્લી વખત પરીક્ષા આપવાનું નક્કી કરે, તેમ મેં ફાટેલી નોટનો અંતિમ પ્રયોગ વલસાડનાં ચીકુ વેચતી બાઈ ઉપર કરવાનો સંકલ્પ કર્યો.

મેં રાત્રે ચાર વાગે દસ રૂપિયાનાં ચીકુ લીધાં, એણે કાગળની હોડી જેવા પડીકામાં સાત ચીકુ આપ્યાં, મેં એને પાંચ રૂપિયાનો સિક્કો અને પેલી નોટ આપી, ચીકુવાળી અડધી ઊંઘમાં હતી, છતાં ફાટેલી નોટ જોઈને બોલી કે યહ નહીં ચલેગી, દુસરી નોટ દીજિયે. પાંચ રૂપિયા માટે લાખ રૂપિયાનો માણસ જૂઠું બોલ્યો કે મારી પાસે દસ રૂપિયા જ છે. એટલે એણે કાગળની હોડીમાંથી ચાર ચીકુ પાછાં લઈ લીધાં. મને ત્રણ ચીકુ અને મારી ફાટેલી નોટ આપીને ચાલતી થઈ ગઈ. સામા છેડે ઊભેલો બૅટ્સમૅન પોતાના સાથી ખેલાડીને આઉટ થઈને જતો જોઈ રહે, એમ હું ઓશિયાળા મોઢે પેલી ચીકુવાળી બાઈની પીઠ સામે જોઈ રહ્યો.

વલસાડથી ટ્રેન ઊપડ્યા પછી મેં કાગળ અને પેન લઈને હિસાબ કર્યો, ત્યારે ખબર પડી કે ખોટા પાંચ રૂપિયા ચલાવવામાં સાચા પંચાવન રૂપિયા વપરાઈ ગયા, છતાં ખોટા પાંચ રૂપિયા તો ઘરજમાઈ જ હતા. મેં પંચાવન રૂપિયા બગાડ્યા, બહારનું ખાવાની ટેવ ન હોવા છતાં આચરકૂચર ઝાપટીને પેટ બગાડ્યું. આખી રાત જાગીને ઊંઘ બગાડી. કાલે સવારે મુંબઈ પહોંચીને ફાટેલી નોટ ભિખારીને આપી દેવી તેવું નક્કી કરીને હું પરોઢિયે પાંચ વાગે આડાપડખે થયો.

હું સવારે પોણા આઠ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ રેલવે-સ્ટેશન ઊતર્યો, ત્યાં પ્લૅટફૉર્મ ઉપર જ બંને હાથે ઠૂંઠો એક ભિક્ષુક બેઠો હતો, મેં પનોતી જેવી પાંચની નોટ એના પાથરણામાં મૂકી ચાલતી પકડી. હું મુક્તિનો આનંદ માણું તે પહેલાં પાછળથી અવાજ આવ્યો કે શેઠ, યહ ફટી નોટ નહીં ચલેગી.

મારું દાન સ્વીકારવાની ભિક્ષુક ના પાડે તે જોઈને જો મુંબઈનું પ્લૅટફૉર્મ મારગ આપે તો જીવતા સમાઈ જવાની ઇચ્છા થઈ. ભિક્ષુકના કપાયેલા હાથ અને આંખોમાં ડોકાતી લાચારી જોઈને મારે ફાટેલી નોટ પાછી લઈને નવી નોટ આપવી પડી.

આમ, કુલ સાઠ રૂપિયા નાહક વપરાઈ ગયા, જેથી મેં રેલવે-સ્ટેશનથી હોટલ સુધી ચાલીને જવાનું નક્કી કર્યું જેથી ટૅક્સીભાડાના વીસ રૂપિયા બચાવી શકાય. મેં મનોમન માન્યું કે હું મૉર્નિંગવૉકમાં નીકળ્યો છું, હું બૉમ્બે સેન્ટ્રલથી પ્રાર્થનાસમાજ જતો હતો, ત્યાં રસ્તામાં ફૂટપાથ ઉપર એક નાનકડું મંદિર આવ્યું. મંદિર જોઈને મારા મનમાં ટ્યૂબલાઇટ થઈ. મેં તરત જ પેલી ફાટેલી નોટ ખિસ્સામાંથી કાઢી અને કોઈ જોતું નથી, એની ખાતરી કરીને મંદિરમાં પધરાવીને પછી એકદમ ચાલતી પકડી.

ત્યારે બાજુની દુકાનમાં ગીત વાગતું હતું કે જિસકા કોઈ નહીં ઉસકા તો ખુદા હૈ યારો...

## • શબ્દસમજૂતી

**ચેકિંગ** તપાસવું **ઘાંઘો** ઉતાવળો **આરક્ષિત** અનામત **માથાભારે** મિજાજી, તુમાખીવાળું **ગમ ખાવો** ખામોશી રાખવી **ઓશિયાળા મોઢે** શરમિંદા મોઢે **સોગઠી મારવી** (અહીં) કામ સાધી લેવું

## • રૂઢિપ્રયોગ

**આઘાત છવાઈ જવો** દુઃખની તીવ્ર લાગણી થવી

**વેતરણમાં પડવું** જોઈતી ગોઠવણ કરવી

**દુકાળમાં અધિકમાસ** ખરાબ વખતમાં વળી વધારો થવો

•

# 3. એક જ લક્ષ્ય



**નાનાભાઈ ભટ્ટ**

**જન્મ : 1882, અવસાન : 1961**

નાનાભાઈ ભટ્ટ ભાવનગરના વતની હતા. તેઓ 'દક્ષિણામૂર્તિ' - સંસ્થા ભાવનગરના સ્થાપક હતા. ગુજરાતના શિક્ષણક્ષેત્રમાં નવા-નવા પ્રયોગો કરનાર આદર્શ શિક્ષક અને એક પ્રખર શિક્ષણકાર હતા. તેમનાં લખાણોમાં સરળ અને સચોટપણે મૂલ્યબોધ પ્રગટે છે. 'મહાભારતનાં પાત્રો' તથા 'રામાયણનાં પાત્રો' તેમના કિશોરભોગ્ય ઉત્તમ ગ્રંથો છે.

આ દૃષ્ટાંતકથા દ્વારા લેખકની દૃષ્ટિએ આદર્શ વિદ્યાર્થી કેવો હોય તે વ્યક્ત કરવામાં આવ્યું છે. એકાગ્રતા તથા નિષ્ઠા એ ધ્યેયપ્રાપ્તિ માટે પરમ આવશ્યક ગુણો છે, તેવું પણ દૃષ્ટાંતકથામાં દર્શાવવામાં આવ્યું છે. મહાભારતમાંથી અર્જુનના વિદ્યાર્થીકાળના પ્રસંગને ગૂંથી અહીં મૂલ્યબોધ સરસ રીતે પ્રગટ કર્યો છે.


દ્રુપદના દરબારમાં અપમાન પામીને દ્રોણ ફરતા-ફરતા હસ્તિનાપુરમાં આવી ચડ્યા. હસ્તિનાપુરના એક કૂવા પાસે રાજકુમારો રમતા હતા. દ્રોણે અસ્ત્રવિદ્યાના પ્રભાવથી કૂવામાં પડેલો દડો બહાર કાઢી આપ્યો. કુમારે આ વાત ભીષ્મપિતામહને તથા મહારાજ ધૃતરાષ્ટ્રને જણાવી, એટલે તે બંનેએ વિચાર કરીને દ્રોણને રાજકુમારોના ગુરુ તરીકે સ્થાપ્યા.

આ જમાનામાં ગુરુની સેવા એ વિદ્યાર્થીજીવનનું એક આવશ્યક અંગ મનાતું. વિદ્યાર્થીઓ ગુરુકુળમાં રહે તે દરમિયાન આખાયે ગુરુકુળનાં નાનાંમોટાં તમામ કામો પોતે જ ઉપાડી લેતા; અને એ રીતે જીવનમાં સ્વાશ્રયની અણમૂલી તાલીમ પામતા. આશ્રમમાં નવો દાખલ થનાર વિદ્યાર્થી આશ્રમની ગાયોને ચારવા માટે જંગલમાં લઈ જતો, આશ્રમનાં વૃક્ષોને પાણી પાતો, ગુરુના હવિ માટે સમિધ માગી લાવતો; અને જીવનનાં આવાંતેવાં કાર્યોમાં પલોટાયા પછી જ રીતસરની વિદ્યા ભણવી શરૂ કરતો.

આમ, પાંડવોને તેમજ કૌરવોને ગુરુદ્રોણની સેવાની તાલીમ મળી.

કુમારોની પરીક્ષાનો વખત નજીક આવતો હતો. કુમારોએ દ્રોણાચાર્ય પાસેથી કેવી-કેવી વિદ્યાઓ મેળવી છે, તે હસ્તિનાપુરની સમગ્ર પ્રજા જુએ, એવો ભીષ્મનો મનોરથ હતો; અને તેટલા માટે એક આલેશાન મંડપ ઊભો કરી જનતાની સમક્ષ કુમારોની પરીક્ષા કરવાનો વિચાર ચાલી રહ્યો હતો.

દરમિયાન દ્રોણાચાર્યે પોતાના સંતોષ અર્થે શિષ્યોની તપાસ કરવાનો નિશ્ચય કર્યો. એક વખત બધા અસ્ત્રશાળામાં વખતસર હાજર થયા, એટલે આચાર્યે અચાનક જાહેર કર્યું : ''આજે હું તમારી પરીક્ષા કરવાનો છું.''



રાજકુમારો તૈયાર થયા, અને પોતાનાં સાધનો લઈને બહાર મેદાનમાં આવ્યા. મેદાનમાં દૂર એક ઝાડ પર ધોળા રંગનું એક બનાવટી પક્ષી ગોઠવ્યું હતું અને લાલ રંગનાં બે રત્નોની તેની આંખો બનાવી હતી.

આચાર્યે કુમારોને જણાવ્યું : ''પેલા દૂરના ઝાડ પર મેં જે પક્ષી ગોઠવ્યું છે, તેની આંખોને તમારે વીંધવાની છે.''

કુમારો તૈયાર થયા; તેમની આંખો તૈયાર થઈ; તેમનાં ધનુષ્યો તૈયાર થયાં; તેમનાં તીરો તૈયાર થયાં.

આચાર્ય બોલ્યા : ''કુમાર યુધિષ્ઠિર ! પહેલો તમારો વારો. જુઓ, આ હું ઊભો છું. સામે ભૂરું આકાશ પડ્યું છે, પેલું રહ્યું ઝાડ, અને તેના પર પક્ષી છે; તમે આ સર્વને જુઓ છો ?''

યુધિષ્ઠિર ઊભા થયા, ધનુષ્યબાણ હાથમાં લીધાં અને પક્ષીની સામે નજર કરતાં બોલ્યા : ''ગુરુમહારાજ ! હું તમનેય જોઉં છું, ભૂરા આકાશનેય જોઉં છું, દૂરના ઝાડનેય દેખું છું અને ભાસપક્ષીનેય દેખું છું.''

યુધિષ્ઠિરના આ જવાબથી દ્રોણ ખિન્ન થયા અને બોલ્યા : ''તમે બેસી જાઓ.'' પછી વારો આવ્યો દુર્યોધનનો. ''દુર્યોધનકુમાર ! જુઓ. આ હું ઊભો છું, સામે ભૂરું આકાશ પડ્યું છે, પેલું ઝાડ રહ્યું અને તેના પર પક્ષી છે, તમે આ સર્વને જુઓ છો ?''

દુર્યોધને હાથમાં ધનુષ્યબાણ લેતાં જવાબ વાળ્યો : ''ગુરુદેવ, હું આ બધા ભાઈઓને દેખું છું, તમને દેખું છું, ભૂરા આકાશને દેખું છું, ઝાડને દેખું છું અને તેના પર રહેલા પક્ષીના શરીરનેય દેખું છું.''

દ્રોણે હાથ પછાડતાં કહ્યું : ''બેસી જાઓ.''

પછી ભીમસેન ઊભો થયો અને આચાર્યના પ્રશ્નના જવાબમાં બોલ્યો : ''ગુરુજી ! હું તમને સૌને દેખું છું. આકાશમાં મોટાં-મોટાં વાદળાં તરે છે તેમનેય દેખું છું, ઝાડનાં કોતરોમાં પેલો બિલાડો ફરે છે, તેનેય દેખું છું અને ઝાડ પર તમે ધોળું-ધોળું કંઈક ગોઠવ્યું છે, તેનેય દેખું છું.''

દ્રોણ નિરુત્તર થયા અને ભીમને બેસાડી દીધો. ગુરુ ઘણા કુમારો કને ફરી વળ્યા, પણ કોઈના ઉત્તરથી તેમને સંતોષ ન થયો.

એટલે છેવટે અર્જુન તરફ વળ્યા : ‘‘બેટા અર્જુન ! હવે તારો વારો છે. તારા પર મારી સર્વ આશા છે. આ સૌને મારે પરાણે વિદ્યા શીખવવી પડે છે, ત્યારે તું તો વિદ્યાનો ભૂખ્યો થઈને રોજ મને શોધતો આવે છે. ઊઠ, તૈયાર થા. જો આ હું ઊભો છું, સામે ભૂરું આકાશ પડ્યું છે, દૂર પેલું ઝાડ છે અને તેના પર પક્ષી છે; તું આ સર્વને જુએ છે ?’’

દ્રોણ હજી તો વાક્ય પૂરું કરે છે, ત્યાં અર્જુન બોલ્યો : ‘‘ગુરુદેવ ! હું તમનેય દેખતો નથી, આકાશનેય દેખતો નથી, ઝાડનેય દેખતો નથી, માત્ર એક પક્ષીને દેખું છું. બાણ છોડવાની આજ્ઞા આપો.’’

‘‘બેટા અર્જુન !’’ દ્રોણ બોલ્યા : ‘‘અમને કોઈને દેખતો નથી ? એકલા પક્ષીને જ દેખે છે ?’’

‘‘મહારાજ ! હવે તો આખા પક્ષીનેય દેખતો નથી, માત્ર તેનું માથું જ દેખું છું.’’ તરત જ અર્જુને જવાબ વાળ્યો. અને દ્રોણ કંઈ બોલવા જાય ત્યાં ફરી બોલી ઊઠ્યો : ‘‘મહારાજ ! હવે તો આ પક્ષીનું માથુંયે નથી દેખતો, માત્ર બે રાતા તારા ઝગમગે છે, તેને જ દેખું છું.’’

‘‘બેટા ! એને જ વીંધ.’’

દ્રોણના શબ્દો હોઠબહાર પડ્યા ન પડ્યા, ત્યાં તો અર્જુનનું બાણ સનનન કરતું છૂટ્યું અને પક્ષીની આંખમાં ચોંટ્યું.

‘‘શાબાશ, બેટા શાબાશ ! તું મારો ખરો શિષ્ય છે. તારા પર હું પ્રસન્ન થયો છું. બેટા ! આ અસ્ત્રવિદ્યામાં મારો કોઈ શિષ્ય તારાથી ચડિયાતો નહિ થાય એવું મારું માનવું છે.’’

દ્રોણાચાર્યે અર્જુનને બાથમાં લીધો અને તેનું માથું સૂંઘ્યું. ચારે ભાઈઓ અર્જુન ફરતા વીંટળાઈ વળ્યા, અને કૌરવો બધા એક ખૂણામાં એકઠા થઈને ગુસપુસ કરવા લાગ્યા.

(**‘મહાભારતનાં પાત્રો’**માંથી)

## ● શબ્દસમજૂતી

**હવિ** યજ્ઞમાં હોમવાનું દ્રવ્ય **સમિધ** યજ્ઞનાં લાકડાં **પલોટાવું** કામકાજમાં જોડાઈ પાવરધા થવું **અસ્ત્રશાળા** હથિયારો રાખવાનું સ્થાન **ભાસપક્ષી** પક્ષીનો આભાસ થાય તેવું બનાવટી પક્ષી

●

# 4. પૂજ્ય મોટા



**કલ્પેશ પટેલ**

**જન્મ : 3-9-1972**


સાબરકાંઠા જિલ્લાના સોનાસણ ગામે જન્મેલા કલ્પેશ પ્રભુદાસ પટેલ વ્યવસાયે શિક્ષક છે. 'વાડ', 'મલાજો' જેવા વાર્તાસંગ્રહો, 'મહારથી કર્ણ', 'વિકર્ણ' અને 'ઘરવટો' જેવી નવલકથાઓ તેમણે આપી છે. 'શિખંડિની' અને 'સર !' તેમની લઘુનવલો છે, તો 'મામાનું ઘર' નામે જીવનચરિત્ર પણ તેમણે આપ્યું છે. તેમનાં પુસ્તકોને ગુજરાત સાહિત્ય અકાદમીનાં પારિતોષિક મળેલ છે.

કોઈ વ્યક્તિના પૂરા જીવનનો વ્યવસ્થિત ગદ્યમાં ચિતાર તે જીવનચરિત્ર. જીવનચરિત્ર હકીકતલક્ષી સ્વરૂપ છે. અહીં આપવામાં આવેલા જીવનચરિત્રમાં લોકસંત પૂજ્ય મોટાના જીવનમાં ડોકિયું કરવામાં આવ્યું છે. સાવ નબળી આર્થિક સ્થિતિમાં પણ આત્મવિશ્વાસ સાથે આગળ વધીને સેવાના ભેખધારી બનેલા પૂજ્ય મોટા મહાન આધ્યાત્મિક પુરુષ પણ હતા, એ વાત આ જીવનચરિત્રમાં સુંદર રીતે મૂકવામાં આવી છે. નવી પેઢી માટે પૂજ્ય મોટાનું જીવન સાચે જ પ્રેરણાદાયી છે.

સંસ્કૃત ભાષામાં સંતોને પરમ હિતકારી કહ્યા છે, તો વળી, આપણી ભાષાના એક કવિએ તો ગાયું છે કે, શાંતિ રે પમાડે તેને સંત કહીએ! સંતો વૃક્ષો જેવા હોય. પોતે તાપ વેઠીનેય બીજાને છાંયડો આપે. પથ્થર મારનારનેય ફળ આપે ! માનવસેવાનું હિત જેમને હૈયે વસ્યું હતું, એવા એક સંતની અહીં વાત કરવી છે. એમનું નામ પૂજ્ય મોટા.

એ વાત સાચી કે, પૂજ્ય મોટા તો એ પાછળથી બન્યા, પોતાનાં ઉમદા કાર્યો થકી. પહેલાં તો તેઓ પણ મારી-તમારી જેમ સામાન્ય માણસ હતા. એમનું બાળપણનું નામ ચુનીલાલ ભગત. વડોદરા જિલ્લામાં આવેલું સાવલી ગામ એમનું વતન. ઈ.સ. 1898ના સપ્ટેમ્બર મહિનાની ચોથી તારીખે જન્મેલા ચુનીલાલના પિતાનો વ્યવસાય રંગાટી-કામનો હતો. એમના દાદા ભાઈચંદ રંગાટીકામ માટે પંથકમાં પ્રખ્યાત ! પરંતુ મનુષ્યના બધા દિવસો કાંઈ સરખા હોય છે ! દાદાના અવસાન પછી ઘરની સ્થિતિ એવી કથળી કે ન પૂછો વાત ! ચુનીલાલના પિતા આશારામને નાછૂટકે વતન છોડવું પડ્યું. પછી પંચમહાલ જિલ્લાના કાલોલમાં એક ઘર ભાડે રાખીને પરિવાર સાથે રહેવા લાગ્યા.

ચુનીલાલને બીજા ત્રણ ભાઈઓ હતા. ચૂનીલાલ ભણવામાં વધુ હોશિયાર અને મહેનતુ. ચુનીલાલનાં માતા સૂરજબા ગામમાં લોકોના ઘરે દળણાં-પાણી કરીને રોટલો રળી લાવે. કુટુંબનું ગુજરાન માંડ-માંડ ચાલે. નાનકડા ચુનીલાલ ભારે સમજદાર. 'ભણતા જઈને બાને મદદ ન કરી શકાય ?' - એમ મનોમન વિચાર્યા કરે. એક દિવસની વાત છે. આ તેજસ્વી કિશોર તો પહોંચ્યો ઈંટવાડે. ભઠ્ઠાવાળા સામે છટાથી ઊભો રહીને કહે, 'મને કામ આપો !' ભઠ્ઠાવાળો તો આભો જ બની ગયો : તું શું કામ કરીશ, છોકરા ? તારી ઉંમર તો ભણવાની છે. છાનો-માનો



ઘરે જા ! તારાથી ઈંટો નહિ ઊપડે !' પરંતુ આ કિશોર તો જુદી જ માટીનો બનેલો હતો. જરાય મૂંઝાયા વિના બોલ્યો : - 'હું ભણું જ છું, પણ તમે જ કહો, મારે બાને મદદ ન કરવી જોઈએ ? બા એકલી થાકી જાય છે. તમે મને ઢીલો ન ગણશો. મારું કામ જોયા પછી કહેજો !'

આમ, ઈંટવાડે ઈંટો ઉપાડવાનું કામ તેણે કરવા માંડ્યું. કોઈ-કોઈ વાર કડિયાકામે પણ જતો. અરે, કપાસનાં કાલાં વીણવાથી માંડીને ખેતરમાં ડાંગર રોપવાનું કામ પણ તેણે હોંશે - હોંશે કર્યું. બાળપણથી જ બીજાને મદદ કરવાની તેની ભાવના. પરિવારમાં પણ સૌની ચિંતા કરવાની એની ટેવને કારણે ચુનીલાલ સદ્ગુણી બન્યો. એ જેવો મહેનતુ એવો જ ચીવટવાળો. જે કામ હાથમાં લે એમાં પોતાનો જીવ રેડી દે. એથી ચુનીલાલનું કામ દીપી ઊઠે. બીજી એક ખૂબી પણ ખરી. ક્યાંય પણ એ જાય, કોઈનેય ભારે ન પડે. બીજાને મદદ કરવા એ હરપળે તત્પર.

ચુનીલાલ મહેનત કરતો ગયો અને ભણતો ગયો. ચાર ધોરણ સુધી એ કાલોલમાં ભણ્યો; પરંતુ આગળ ભણવા ક્યાં જવું ? છેવટે એ ગોધરા ગયો. ભણતા જઈને મહેનત કરવાની પોતાની ટેવને એ વળગી રહ્યો. એક વેપારીને ત્યાં કામે રહ્યો. ચુનીલાલનું કામ જોઈને વેપારી તો રાજીના રેડ થઈ ગયો. આવો કહ્યાગરો છોકરો તો એને મળે જ ક્યાંથી ? પરંતુ ચૂનીલાલને અહીં ન ગોઠ્યું, કારણ કે વેપારી પોતે જ તોલમાપમાં ઘાલમેલ કરતો હતો. એટલું જ નહિ, ચુનીલાલ પણ પોતાની જેમ વર્તે એવું ઈચ્છતો હતો. ચુનીલાલને આવું ક્યાંથી મંજૂર હોય ? એ તો 'સતનો વેપારી' બનવા માગતો હતો. વેપારીની નોકરીને સ્વમાનભેર છોડીને એણે તો પેટલાદનો રસ્તો લીધો.

પેટલાદમાં ચુનીલાલે આગળનો અભ્યાસ શરૂ કરી દીધો. એમના સદ્નસીબે અહીં પ્રભાબા નામનાં એક દયાળુ બહેનની મદદ પણ મળી. સદ્ગુણી ચુનીલાલ પ્રભાબાના પરિવારમાં દૂધમાં સાકર ભળે એમ ભળી ગયા. ભણતાં ભણતાં પણ તેઓ પ્રભાબાના ઘરનાં નાનાં-મોટાં કામોમાં મદદરૂપ થતા. નસીબ આડેનું પાંદડું ખસવા લાગ્યું હોય એમ અહીં ચુનીલાલને શિક્ષકો અને આચાર્યની મદદ પણ મળવા લાગી. વળી, જાનકીદાસ જેવા સંતનું હૂંફાળું સાંનિધ્ય પણ એમને સાંપડ્યું. ઈ.સ. 1919માં ચુનીલાલે મૅટ્રિકની પરીક્ષા સારા ગુણથી પાસ કરી. ગણિત, સંસ્કૃત અને માતૃભાષામાં તો વળી એમણે 70 ટકાથીય વધારે ગુણ મેળવ્યા હતા. કૉલેજનું શિક્ષણ મેળવવા ચુનીલાલ વડોદરા ગયા. વડોદરામાં રહેવાની વ્યવસ્થા તો જેમ-તેમ કરીને થઈ શકી; પરંતુ જમવાનો પ્રશ્ન મોટો હતો. જમવા માટે તેઓ માંડવી વિસ્તારની વૈષ્ણવોની હવેલીએ ચાલતા જતા. આમ, પાર વિનાનાં દુ:ખો વેઠીને તેઓ બી.એ.ના છેલ્લા વર્ષમાં પહોંચ્યા.

એ સમયગાળામાં જ મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ આઝાદી માટેનો સત્યાગ્રહ શરૂ થયો હતો. ચુનીલાલ પણ દેશસેવા કરવા માગતા હતા. આઝાદીના જંગમાં એમણેય ઝંપલાવ્યું; પરંતુ તેમને શિરે કુટુંબની જવાબદારી હતી. પોતે સારું ભણી-ગણી લે, તો જ કુટુંબને ઉપયોગી થઈ શકે એમ હતા. તો સામે પક્ષે ભારતમાતાનો પોકાર સાંભળીને જંગમાં કૂદી પડવાનો ઉમળકો પણ ઊઠતો હતો. ચુનીલાલે મનોમંથન કર્યું. અંતે સ્વાર્થ સામે પરમાર્થ જીત્યો. ચુનીલાલ દેશસેવામાં લાગી ગયા. જોકે, કુટુંબને યથાશક્તિ મદદ કરવાનું તો એ ન જ ચૂક્યા.

પછી તો, ચુનીલાલ ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. નાનાં-મોટાં કામો કરીને તેઓ પોતાનો રહેવા-જમવાનો ખર્ચ કાઢી લેતા. ઘણીવાર તો ચુનીલાલ ચણા-મમરા ફાકીને ચલાવી લેતા. દેશસેવા કરતાં-કરતાં એમણે ભણવાનું ચાલુ રાખ્યું. એ વખતનું એમનું નોંધપાત્ર કામ તે હરિજનસેવાનું. ધીમે ધીમે એમનું મન ભક્તિ ભણી ઢળવા લાગ્યું. શરીરનું સ્વાસ્થ્ય પણ વારંવાર લથડવા લાગ્યું. માંદગીની સ્થિતિમાં તેઓ પ્રાર્થનામાં લીન થઈ જતા. 'ભગવાન મારી સાથે છે !' એવો ભાવ તેઓ સતત અનુભવતા. ધર્મસાધનામાં લીન રહેતા ચુનીલાલ એ દિવસોમાં જ બાલયોગીજી મહારાજના સંપર્કમાં આવ્યા. તેમણે ચુનીલાલને ઈ.સ. 1924માં વસંતપંચમીના દિવસે દીક્ષા આપી. હવેથી તેઓ 'પૂજ્ય મોટા' બન્યા. બાલયોગીજીની પ્રેરણાથી તેઓ મધ્યપ્રદેશના સાઈખેડા ગામે રહેતા ધૂણીવાળા દાદા કેશવાનંદજીના શરણે ગયા. ગુરુ કેશવાનંદજીએ એમને ઉપદેશ આપ્યો. એ પછી તો પૂજ્ય મોટાએ મનુષ્યના મનનો મેલ ધોઈને એને સંસ્કારિત કરવાનો જાણે ભેખ લીધો ! પાણીમાં રહીને જે રીતે કમળ પોતાની સુગંધ ફેલાવે અને સરોવરની શોભા વધારે એ રીતે પૂજ્ય મોટાએ પણ સંસારમાં રહીને માનવજીવનને સુખી અને ઉન્નત બનાવવાનો ઉદ્યમ આદર્યો. સામાજિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ માટે એમણે નડિયાદમાં તેમજ સુરત પાસેના ગામ રાંદેરમાં 'હરિઃઓમ' આશ્રમની સ્થાપના કરી.

પૂજ્ય મોટાએ મૌનનો ભારે મહિમા કર્યો. વળી, નામસ્મરણ દ્વારા પ્રભુની ઉપાસના કરવા સૌને પ્રેરણા આપી. પૂજ્ય મોટાનું એક ઉમદા કાર્ય તો કદી નહિ ભુલાય - બાળકો સારી રીતે ભણી શકે, તે માટે એમણે પ્રાથમિક શાળાઓના અસંખ્ય ઓરડા બંધાવ્યા. સાઠ-સિત્તેર વર્ષ પહેલાં સાચે જ એ બહુ મોટું અને ઉમદા કાર્ય ગણાય. એવી જ રીતે જ્ઞાનની પ્રવૃત્તિઓને વેગ મળે એ માટે પારિતોષિકો - પુરસ્કારો પણ શરૂ કર્યાં. 'જ્ઞાન-ગંગોત્રી' જેવાં પ્રકાશનો પણ એમના દ્વારા જ થયાં. સમાજનો ઉત્કર્ષ થાય, મનુષ્યમાં સાહસ, સહકાર, ત્યાગ અને ઔદાર્ય જેવા ગુણો વિકસે તે માટે પૂજ્ય મોટા સતત પ્રયત્નો કરતા રહ્યા. એમની મહાનતા તો જુઓ ! પરોપકારનાં અસંખ્ય કાર્યો કરવા છતાં એમણે નામની ખેવના ન રાખી. એટલું જ નહિ, પોતાના દેહાવસાન પછી પણ પોતાનું સ્મારક ન બને એ માટે પણ પૂજ્ય મોટા સાવધાન રહ્યા. લોકોનું જીવન સુખમય બને એ દિશામાં તેઓ સતત કાર્યરત રહ્યા. દેહ એમને માટે સાચા અર્થમાં ધર્મસાધન હતો.

23મી જુલાઈ, 1976ના દિવસે મહીસાગરને કાંઠે ફાજલપુરમાં પૂજ્ય મોટાએ દેહત્યાગ કર્યો. તેઓ ભલે દેહથી આપણો સાથ છોડી ગયા; પરંતુ પોતાના ઉત્તમ વિચારો અને ઉમદાં કાર્યોનો વારસો આપણા સૌ સારુ મૂકતા ગયા. પોતાના પરોપકારનાં કાર્યો થકી 'મોટા' બનેલા આ મહાપુરુષને હૃદયપૂર્વકનાં વંદન હજો.

## ● શબ્દસમજૂતી

**રંગાટીકામ** રંગને લગતું કામ **ગુજરાન** ભરણ-પોષણ **પંથક** ઇલાકો, પ્રદેશ **ઘાલમેલ** ખટપટ, પ્રપંચ **ખેવના** ઇચ્છા **ઉત્કર્ષ** વિકાસ, પ્રગતિ **સ્મારક** કોઈની સ્મૃતિમાં રચવામાં આવતું મકાન કે કોઈ સ્થાન **ઔદાર્ય** ઉદારતા **ધર્મસાધન** ધર્મમય જીવન જીવવા માટેનું સાધન **યથાશક્તિ** શક્તિ મુજબ

## ● રૂઢિપ્રયોગ / કહેવતો

**જનસેવામાં જ પ્રભુસેવા** - માનવની સેવા એ જ સાચી પ્રભુભક્તિ

**ઝાઝા હાથ રળિયામણા** - સંપ અને સહકારથી થતા કામમાં ધારી સફળતા મળે છે.

**નસીબ આડેનું પાંદડું ફરવું** - માઠા દિવસો દૂર થવા, સારો સમય શરૂ થવો

**દૂધમાં સાકરની જેમ ભળી જવું** - સારી પેઠે હળી-મળી જવું

**જીવ રેડી દેવો** - મન પરોવીને કામ કરવું

**રાજીના રેડ થઈ જવું** - ખૂબ જ પ્રસન્ન થઈ જવું

●

# 5. શોખીન બિલાડી



**પુષ્પા અંતાણી**
**જન્મ : 6-2-1944**

પુષ્પાબહેન અંતાણીનો જન્મ ચેન્નઈમાં થયો છે. તેઓ આકાશવાણી સાથે સંકળાયેલાં રહ્યાં હતાં. તે દરમિયાન તેમણે બાળકો અને મહિલાઓ માટેના કાર્યક્રમો રજૂ કર્યા. મૂળે તેઓ બાળસાહિત્યકાર છે. 'વાર્તાશોખીન જૂઈબહેન', 'દેડકીનું બચ્ચું અને વિમાન' તેમજ 'લાલ ટોપી' તેમનાં બાળવાર્તાનાં પુસ્તકો છે. ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમીનાં પારિતોષિક પ્રાપ્ત થયાં છે.

'શોખીન બિલાડી' ઉત્તમ વાર્તા છે. આ વાર્તામાં એક શોખીન પણ સ્વમાની બિલાડીની વાત આગવી શૈલીમાં રજૂ થઈ છે. ફ્રૉક પહેરવાનો શોખ બિલાડીના સહજ જીવનને અવરોધે છે. કંટાળીને તે પોતાના શોખ મર્યાદિત કરવાનો નિર્ણય કરે છે. સાથે-સાથે દામજી દરજી સાથે એ સાચી લાગણી અનુભવે છે, એવું દર્શાવાયું છે.

એક નાનકડું ગામ હતું. એ ગામમાં નાનું બજાર આવેલું હતું. બજારમાં જેન્તીની જૂતાંની દુકાન, છગનની છત્રીની દુકાન, ચંદુની ચશ્માંની દુકાન, પેથાભાઈની પર્સની દુકાન અને દામજીની દરજીકામની દુકાન આવેલી હતી. એ બજારમાં શિવાભાઈની દુકાન પણ હતી. શિવાભાઈ સ્ત્રીઓના શણગારની વસ્તુઓ - જેવી કે બંગડી, જાતભાતના દાગીના અને ચાંદલા-કાજળ જેવી ચીજો વેચતા.

દામજી દરજી સિવાય બીજા બધા દુકાનદારો લુચ્ચા અને સ્વાર્થી હતા. દામજી દરજી ભલો અને દયાળુ હતો. એ બીજા કોઈ દુકાનદારો સાથે પંચાતમાં પડતો નહિ. એ ભલો અને એનું કામ ભલું.

આ બજારમાં ઉંદરોનો બહુ ત્રાસ હતો. ઉંદરો બધી દુકાનોની ચીજવસ્તુઓને નુકસાન પહોંચાડતા હતા. આથી દુકાનદારો ઉંદરોથી કંટાળી ગયા હતા. તેઓ વિચારતા હતા કે આનો કોઈ ઉપાય શોધવો પડે, પણ એમને કોઈ રસ્તો જડતો નહોતો.

એક બિલાડી ફરતી-ફરતી આ બજારમાં આવી ચઢી. બિલાડી ખૂબ શોખીન અને સ્વાભિમાની હતી. એ ચોખ્ખીચણાક રહેતી અને ઠસ્સાથી ફરતી. એને હંમેશાં કંઈ ને કંઈ નવું કરવાનું મન થતું. એક વાર એને ફ્રૉક પહેરવાનું મન થયું. એ તો પહોંચી દામજી દરજીની દુકાને. ત્યાં જઈને બોલી : 'દરજી, દરજી, મને ફ્રૉક સીવી આપશે ?'

દામજી તો નીચું જોઈને મશીન પર સિલાઈ કરતો હતો. એણે આશ્ચર્યથી બિલ્લી સામે જોયું અને હસતાં-હસતાં પૂછ્યું : 'તારે ફ્રૉકનું શું કરવું છે ?'

‘શું કરવું છે એટલે ? ફ્રૉકનું શું કરાય ? મારે ફ્રૉક પહેરવું છે,’ ફોડ પાડતાં બિલ્લી બોલી.

બિલ્લીની વાત સાંભળીને દામજીની આંખો પહોળી થઈ ગઈ. એ જોઈ બિલ્લી બોલી :

‘એમાં નવાઈ પામવા જેવું શું છે ? સીવી દેવાનો હો તો હા કહે, નહિતર હું આ ચાલી.’

ઊંધી વળીને ચાલવા જતી બિલ્લીને દામજીએ કહ્યું.

‘ઊભી તો રહે ! મેં તને ક્યાં ના પાડી કે તું આમ ચાલવા લાગી ? આવ, હું તને ફ્રૉક સીવી આપીશ. એના માટે પહેલાં મારે તારું માપ લેવું પડશે.’

દામજી માપપટ્ટી લઈ બિલ્લીની નજીક આવી માપ લેવા જતો હતો, ત્યાં જ એને અટકાવતાં બિલ્લી બોલી : ‘ઊભો રહે... એમ નહિ... હું કોઈની પાસે કશું મફતમાં લઉં નહિ કે કરાવું નહિ. બોલ, બદલામાં હું તારી શી સેવા કરું ?’



દામજી દરજી કહે : ‘મને તારી કોઈ સેવાની જરૂર નથી. હું તને ફ્રૉક સીવી આપીશ... બસ, તું એ પહેરીને રોજ મને મળવા આવજે, મને બહુ ગમશે.’

બિલ્લી કહે : ‘ના, ભાઈ, એમ મફતમાં તો હું નહીં જ સિવડાવું.’

દામજીને થયું આ બિલાડી એમ માને એવી નથી. ત્યાં જ એના મગજમાં ઝબકાર થયો. એ બોલ્યો : ‘સારું, તું માનતી જ નથી, તો તારા જેવું એક કામ છે. અહીં ઉંદરોનો બહુ જ ત્રાસ છે. ઉંદરોથી બચવા મારે મારી દુકાનનાં બધાં કપડાં બહુ સંભાળીને લોખંડની પેટીમાં મૂકવાં પડે છે. જો ક્યારેક ભૂલથી કોઈ કપડું બહાર રહી ગયું હોય તો બીજે દિવસે દુકાન ખોલું, ત્યારે કપડું આખું ચાળણી બની ગયું હોય. કપડાંનો ગ્રાહક મારા પર ગુસ્સે થઈ ઝઘડી જાય અને એનું નુકસાન મારે ભોગવવું પડે એ વધારામાં. એથી જો તું ચોકી કરી, આ ઉંદરોને મારી દુકાનથી દૂર રાખી શકે, તો તારો મોટો ઉપકાર થશે.’

દામજીની વાત સાંભળીને બિલ્લી બોલી : ‘બસ, આટલી જ વાત છે ને ? આ તો મારા ડાબા હાથનો ખેલ છે.’

દામજીએ બિલ્લીને ફ્રૉક સીવી આપ્યું. બિલ્લી તો ફ્રૉક પહેરી વટ મારતી ફટ-ફટ ફરવા લાગી. દામજીની દુકાનની ચોકી કરતી બિલ્લીને જોઈ ઉંદરો ત્યાંથી તો રફુચક્કર થઈ ગયા, પણ બીજા બધાની દુકાનોમાં એમની આવનજાવન ચાલુ રહી. ઉંદરોની ચિંતા મટી, તેથી દામજી રાજી-રાજી થઈ ગયો.

હવે જ્યારે બધા દુકાનદારો ભેગા મળી ઉંદરોના ત્રાસની વાત કરતા, ત્યારે દામજી નીચી મૂંડીએ બધું સાંભળતો, પણ કશું બોલતો નહિ. તેથી બીજા દુકાનદારોને નવાઈ લાગી. કપડું કાતરવું એ ઉંદરોનો સૌથી પ્રિય શોખ. એ કારણે સૌથી વધારે ત્રાસેલો દામજી હવે કેમ કંઈ બોલતો નથી ? બધાએ એનું કારણ જાણવાનું મનોમન નક્કી કર્યું. છેવટે એ બધાને એક બિલાડી દામજીની દુકાનની ચોકી કરે છે, એ વાતની ખબર પડી ગઈ.

બીજા દિવસે બિલાડી જેન્તી જૂતાવાળાની દુકાન પાસેથી પસાર થતી હતી, ત્યારે જેન્તીએ કોઈને ખબર ન પડે એમ એને એક બાજુ બોલાવીને કહ્યું :

'વાહ, બિલ્લીબહેન, તમે ફ્રૉકમાં તો બહુ સુંદર લાગો છો !' એ સાંભળીને બિલ્લી ફુલાઈ. જેન્તી ફરી બોલ્યો : 'પણ જો ફ્રૉકની નીચે પગમાં સરસ મજાનાં સેન્ડલ પહેર્યાં હોય, તો તમે ઓર શોભો ! જુઓ, આ રહ્યાં તમારા ફ્રૉકના મૅચિંગનાં સેન્ડલ !' એમ કહી જેન્તીએ સેન્ડલ બિલ્લી સામે મૂક્યાં.

બિલ્લીને સેન્ડલ બહુ ગમ્યાં. એ સેન્ડલમાં પગ નાખવા જતી હતી, ત્યાં જ જેન્તીએ એને અટકાવી અને હસતાં-હસતાં કહ્યું : 'એમ નહિ ! હું તમને સેન્ડલ આપું, તો તમારે પણ બદલામાં મને કંઈ આપવું તો પડેને ? તમે દામજીની દુકાનની જેમ મારી દુકાનની પણ ચોકી કરો અને મને પણ ઉંદરોના ત્રાસમાંથી બચાવો, તો હું તમને આ સેન્ડલ આપું.'

બિલ્લી હોશિયાર હતી. એ બધું સમજી ગઈ. પહેલાં તો એને ના પાડવાનું મન થયું, પણ એ હતી શોખીન અને એને સેન્ડલ ગમતાં હતાં. એને થયું, મને શો ફરક પડે છે એક દુકાનની ચોકી કરું કે આખી બજારની ! એણે જેન્તીની વાત સ્વીકારી અને સેન્ડલ પહેરીને ચાલતી થઈ.

ઉંદરોની ચિંતા દૂર થતાં હવે જેન્તી પણ દામજીની જેમ શાંતિથી જીવવા લાગ્યો. ધીરે-ધીરે આખી બજારમાં વાત ફેલાઈ ગઈ. બધા દુકાનદારો બીજાને ખબર પડે નહિ, એમ બિલ્લીને બોલાવતા ગયા. છગન છત્રીવાળાએ ગોગલ્સ, પેથાભાઈ પર્સવાળાએ પર્સ અને શિવાભાઈએ તો વળી બંગડી, ગળાનો હાર, કાનનાં એરિંગ-પાઉડર-કાજળ બધું જ આપ્યું. એ બધી ભેટની સામે બધા જ દુકાનદારોએ બિલ્લી આગળ પોતાની દુકાનમાં આવતા ઉંદરોને રોકવા માટે ચોકી કરવાની શરત મૂકી.

બિલ્લીએ બધાંની શરત મંજૂર રાખી. એ સોળે શણગાર સજી, આંખે ગોગલ્સ ચઢાવી, હાથમાં પર્સ લટકાવી, માથે છત્રી ઓઢી, સેન્ડલના ટપ-ટપ અવાજ કરતી આખા ગામમાં ફરવા લાગી અને વટ પડાવવા લાગી. બજારના બધા જ દુકાનદારો હવે ઉંદરોનો ત્રાસ રહ્યો નહિ, તેથી ચિંતા વગર રહેવા લાગ્યા.

આ રીતે બિલ્લી એક પછી એક બજારની બધી જ દુકાનોની ચોકી કરવા લાગી, તેથી ઉંદરો મૂંઝાયા. એમણે વિચાર્યું, જો આમ થશે તો આપણે ભૂખે મરી જઈશું, હવે શું કરવું ? બધા ઉંદરો કપાળે આંગળી મૂકી ગંભીરતાથી વિચારવા લાગ્યા, ત્યાં એક જુવાન ઉંદરને યુક્તિ સૂઝી. એણે બધા ઉંદરોને નજીક બોલાવી, કોઈ સાંભળી ન જાય એમ ધીમેથી કહ્યું :

'એક સરસ રસ્તો છે. જુઓ, બિલ્લી જ્યારે પહેલી દુકાનની ચોકી કરે, ત્યારે આપણે છેલ્લી દુકાનમાં ઘૂસી જઈ ઝડપથી આપણું કામ પતાવી લેવું. આ રીતે એ જે દુકાનની ચોકી કરતી હોય, તેનાથી વધારેમાં વધારે દૂર આવેલી દુકાનમાં આપણે જવું. ફરક એટલો જ પડશે કે પહેલાં આપણે દુકાનોમાં નિરાંતે બેસીને કામ પતાવતા, પણ હવે બહુ ઝડપથી કામ પતાવવું પડશે.'

બધા ઉંદરોને પણ આ યોજના યોગ્ય લાગી. બીજા દિવસથી ઉંદરો તે પ્રમાણે કરવા લાગ્યા. પરિણામે બિલ્લી બધી દુકાનોની ચોકી કરતી હતી, છતાં ફરીથી દુકાનોમાં નુકસાન થવા લાગ્યું. એથી દુકાનદારો ગુસ્સે થયા. એક દામજી દરજી સિવાય, બધા બિલ્લીને દબડાવવા લાગ્યા.

જેન્તી જૂતાવાળો ઉદ્ધતાઈથી બોલ્યો : 'મેં તને આમ ટપ-ટપ ચાલવા માટે સેન્ડલ નથી આપ્યાં, તું ઉંદરોની ચોકી કરે એ શરતે મેં તને સેન્ડલ આપ્યાં છે.' પેથાભાઈ પર્સવાળા પગ પછાડતા બોલ્યા : 'આમ પર્સ લટકાવી ફરવાથી કંઈ ન વળે ! તારે ઉંદરોની ચોકી તો કરવી જ પડે.' છગન તો આગળ વધી બિલ્લીના હાથમાંથી છત્રી ઝૂંટવી લેતો ગુસ્સાભર્યા અવાજે બોલ્યો : 'છત્રી હાથમાં લઈને ચાલે છે, ત્યારે કેવી હરખાય છે ! પણ શરત મુજબના કામમાં ઢીલ કરતાં શરમ નથી આવતી ?' છેલ્લે શિવાભાઈ જાણે રહી ગયા હતા. એ તો આંખો ફાડી બિલ્લીની સામે જોતાં બોલ્યા : 'આ સોળે શણગાર મેં તને એમ ને એમ નથી આપ્યા. એનું વળતર વાળવાનું તું ભૂલી જાય તે કેમ ચાલે ?'

બિલ્લી સ્વાભિમાની તો હતી જ. એ આ બધા દુકાનદારોને બરાબર ઓળખતી પણ હતી. વળી, એના બધા શોખ પણ પૂરા થઈ ગયા હતા. એથી પોતાના શરીર પરથી એક પછી એક વસ્તુઓ ઉતારીને દુકાનદારો તરફ ફેંકતાં એ બોલી :

'સ્વાર્થીઓ... ! લો તમારી આ વસ્તુઓ. મને તમારી કોઈ વસ્તુ જોઈતી નથી. તમે બધા તો ઉંદરના ત્રાસથી દુઃખ ભોગવો એ જ લાગના છો. લો, ઉપાડો તમારી વસ્તુઓ અને જઈને ઉંદરોની પૂજા કરો !'

બિલ્લી ત્યાંથી નીકળી સીધી દામજી દરજીની દુકાને આવી. દામજીએ તો એને હંમેશ જેમ વહાલ અને પ્રેમથી બોલાવી. બિલ્લીએ વિચાર્યું. ક્યાં પેલા બદમાશો અને ક્યાં આ ભલો દરજી ! કેટલો સરસ માણસ છે ! બિલ્લીએ જે બન્યું હતું, તે વિશે દામજીને વાત કરી. બિલ્લીની વાત સાંભળીને દામજીને એવું લાગ્યું કે બધી વસ્તુઓ ઊતરી જવાથી બિલ્લી દુઃખી છે, તેથી એણે કહ્યું :

'તું દુઃખી ન થા.' જોઈતી હશે તો એ બધી જ વસ્તુઓ હું તને લાવી આપીશ.

બિલ્લી તરત જ બોલી : 'ના રે ના ! મારા તો બધા જ શોખ પૂરા થઈ ગયા છે. મને હવે કશું જ જોઈતું નથી. અને સાચું કહું ? મેં જ્યારે એ બધું પહેર્યું, ત્યારે જ મને ખબર પડી કે બધું કેટલું બંધનવાળું હતું. આજે એ બધું ઉતારીને હું હળવીફૂલ થઈ ગઈ છું. હવે હું આ ફ્રૉક પણ ઉતારી નાખીશ અને સાચી બિલ્લી બની જઈશ.'

બિલ્લીની વાત સાંભળીને દામજી ઉદાસ થઈ ગયો. એ બોલ્યો :

'તો તું અમને છોડીને ચાલી જઈશ ?'

બિલ્લી બોલી : 'હા, હું બધાને છોડીને આવી છું, પણ તને છોડીને કેમ જાઉં ? તેં તો મને કેટલા પ્રેમથી રાખી છે. હું અહીં તારી પાસે જ રહીશ. તારી દુકાનની ચોકી કરીશ અને ઉંદરોના ત્રાસથી તને બચાવીશ.'

બિલ્લીની વાત સાંભળી દામજી ગળગળો થઈ ગયો. એ ઊભો થઈ બિલ્લી પાસે ગયો અને એના શરીર પર પ્રેમથી હાથ ફેરવવા લાગ્યો. બિલ્લી આંખો બંધ કરી ઝીણું-ઝીણું 'મ્યાઉં-મ્યાઉં' બોલતી એના ખોળામાં બેસી ગઈ.

## • શબ્દસમજૂતી

**આશ્ચર્ય** નવાઈ **ઝબકાર થયો** ખ્યાલ આવ્યો **રફુચક્કર થવું** ભાગી જવું **દબડાવવું** ધમકાવવું **ઉદ્ધતાઈ** અવિનય

## • રૂઢિપ્રયોગ

**હળવાફૂલ થઈ જવું** - હળવાશ અનુભવવી

**ગળગળા થઈ જવું** - લાગણીથી હૈયું ભરાઈ જવું

•

મારી નોંધ :